અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 29 ઓગસ્ટ 2026 શનિવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00

વિક્રમ સંવત 2082, અષાઢ વદ -1 | અંક : 60 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  રેડિયો ખરાબીથી ટ્રમ્પનું હેલિકોપ્ટર વિમાનની નજીક પહોંચ્યું: એર ટ્રાફિક કંટ્રોલર્સને એક અઠવાડિયા પહેલાથી....

4  ચીને હિમાલયમાં કરેલા અખતરા બાકીના દેશોને નડી રહ્યા છે

6  કોલંબો ટેસ્ટ ડ્રો છતાં WTC ફાઈનલમાં પહોંચશે ટીમ ઈન્ડિયા? કેપ્ટન ગિલે આપ્યું મોટું નિવેદન......

7  નોકરીઓ જ નહીં બચે! AIને લઈ બિલ ગેટ્સની ચેતવણી: કહ્યું- યુવાનોને શરૂઆતની તકો નહીં મળે

# બિહારના 20 જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ

## 50 હજારથી વધુ ઘર ડૂબી ગયા; ઉત્તરાખંડમાં ભૂસ્ખલન, હિમાચલમાં 70 રસ્તાઓ બંધ







**નવી દિલ્હી, તા.28**

બિહારના ખગડિયા અને ચંપારણ સહિત 20 જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ મુજબ, 1 સપ્ટેમ્બર સુધી વરસાદનો દોર ચાલુ રહી શકે છે.

જ્યારે, નેપાળમાં આવેલા પૂરને કારણે બિહારના 8 જિલ્લાઓમાં હાઈ એલર્ટ છે. ગંગા અને ગંડક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. કોસી અને બાગમતી નદીઓ પણ ગાંડીતૂર બની છે. અહીં 50 હજારથી વધુ ઘર પાણીમાં ડૂબી ગયા છે.

ઉત્તરાખંડના 11 જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે, ગુરુવારે ચમોલીમાં ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ હાઈવે થોડા સમય માટે બંધ રહ્યો હતો.

હિમાચલ પ્રદેશમાં ફરી એકવાર ભારે વરસાદનો દોર શરૂ થવાની સંભાવના છે. શિમલા હવામાન વિભાગે 31 ઓગસ્ટથી 2 સપ્ટેમ્બર સુધી જુદા જુદા સ્થળોએ ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ભૂસ્ખલન અને ભારે વરસાદને કારણે રાજ્યમાં 70 રસ્તાઓ બંધ છે.

## ભારતીય સેના અમેરિકી જાવેલિન એન્ટી-ટેન્ક મિસાઈલ ખરીદશે....

### સેકન્ડ્સમાં દુશ્મનના ટેન્ક તબાહ થશે, ટાર્ગેટને પોતે જ શોધી લેશે

**નવી દિલ્હી, તા.28**

ભારતીય સેના અમેરિકા પાસેથી જેવલિન એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ ખરીદી રહી છે. અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે શુક્રવારે જણાવ્યું કે, તેને ખરીદવા માટે ભારતીય સેના દ્વારા લેટર ઓફ ઓફર એન્ડ એક્સેપ્ટન્સ (LOA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. જેવલિન એક એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ છે. તેને સૈનિકો ખભા પરથી લોન્ચ કરી શકે છે અને તે બખ્તરબંધ વાહનો જેવા લક્ષ્યોને નિશાન બનાવવા માટે બનાવવામાં આવ્યું છે.



એકવાર છોડ્યા પછી મિસાઈલ પોતે જ ટાર્ગેટને શોધી લે છે અને તેને હિટ કરે છે. ભારત કેટલા જેવલિન એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ ખરીદી રહ્યું છે અને આ સોદાની કુલ કિંમત કેટલી છે, તેની માહિતી હજુ સામે આવી નથી. Javelin (FGM-148) અમેરિકામાં બનેલી એક મેન-પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ સિસ્ટમ છે. તેની મહત્તમ અસરકારક રેન્જ લગભગ 4 કિલોમીટર છે. જેવલિનને લોકહીડ માર્ટિન અને રિદિયોનના જોઈન્ટ વેન્ચર Javelin Joint Venture (JJV) દ્વારા વિકસાવવામાં આવી છે. બંને કંપનીઓ મળીને તેનું ઉત્પાદન કરે છે. જેવલિનની સૌથી ખાસ ટેકનિક "ફાયર એન્ડ ફર્ગેટ" છે. એટલે કે લોન્ચ કરતા પહેલા સિસ્ટમ લક્ષ્યને ઓળખીને તેના પર લોક કરે છે અને મિસાઈલ છોડ્યા પછી તેને ઓપરેટરને સતત નિયંત્રિત કરવાની જરૂર નથી હોતી. મિસાઈલ પોતે જ લક્ષ્ય સુધી પહોંચે છે. તેમાં ઈન્ફ્રારેડ સીકર લાગેલું હોય છે, જેનાથી તે દિવસ-રાત અને અલગ-અલગ હવામાનમાં લક્ષ્યને ટ્રેક કરી શકે છે. જેવલિન ટોપ-એટેક મોડમાં લક્ષ્યની ઉપરથી હુમલો કરી શકે છે, જ્યાં ટેન્કનું કવચ સામાન્ય રીતે પ્રમાણમાં નબળું હોય છે. જરૂરિયાત મુજબ તે ડાયરેક્ટ-એટેક પણ કરી શકે છે. અમેરિકી દસ્તાવેજ મુજબ, ભારતે 100 FGM-148 જેવલિન મિસાઈલ રાઉન્ડ, એક ફ્લાય-ટુ-બાય મિસાઈલ અને 25 લાઈટવેઈટ કમાન્ડ લોન્ચ યુનિટ (LwCLU) અથવા બ્લોક 1 કમાન્ડ લોન્ચ યુનિટની માંગણી કરી હતી. જોકે, અંતિમ સોદો કેટલા પર થયો છે, તેની માહિતી હજુ સામે આવી નથી. ભારત માટે જેવલિનનું મહત્વ મુખ્યત્વે એન્ટી-આર્મર ક્ષમતા વધારવામાં છે. ખાસ કરીને પહાડી અને સરહદી વિસ્તારોમાં નાના જૂથો માટે પોર્ટેબલ એન્ટી-ટેન્ક સિસ્ટમ ઉપયોગી થઈ શકે છે.

## મમતાએ કહ્યું- BJPએ ચૂંટણી 'હાઈજેક' કરી: મત લૂંટવા માટે SIRનો ઉપયોગ

- બંગાળમાં પોલીસ દ્વારા ડરનો માહોલ બનાવવામાં આવી રહ્યો છે

**કોલકાતા, તા.28**

પશ્ચિમ બંગાળના પૂર્વ સીએમ મમતા બેનર્જીએ શુક્રવારે કહ્યું કે ભાજપે ચૂંટણી 'હાઈજેક' કરવા માટે ચૂંટણી પંચનો ઉપયોગ કર્યો. મતદાર યાદીમાંથી લાખો નામો ગેરકાયદેસર રીતે હટાવીને 'મત લૂંટવા' માટે SIR નો ઉપયોગ કરવામાં આવ્યો.



મમતાએ આગળ કહ્યું- ભાજપ બંગાળમાં ભાગલાવાદી રાજનીતિ કરી રહી છે અને ડર ફેલાવવા માટે પોલીસનો ઉપયોગ કરી રહી છે. તૃણમૂલ છાત્ર પરિષદનો આજે સ્થાપના દિવસ છે. મમતા સહિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ કોલકાતામાં એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા.

ભાજપ સરકારમાં પોલીસનું ખરાબ વલણ: TMCના શાસનમાં પોલીસનો માનવીય ચહેરો હતો, પરંતુ ભાજપે પોલીસને રાક્ષસી સંસ્થામાં બદલી નાખી. મમતાએ કહ્યું કે તેઓ તેમના સમર્થકો વિરુદ્ધ "પોલીસની અતિશયતા" રોકશે. તેમણે કહ્યું કે આ રક્ષાબંધન પર તેમનો સંકલ્પ છે. બંગાળમાં ભાજપની વિભાજનકારી નીતિ: મમતાએ ભાજપ પર બંગાળમાં વિભાજનકારી રાજનીતિ કરવા અને પોલીસ દ્વારા લોકોમાં ડર ફેલાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે તેઓ ટૂંક સમયમાં આખા રાજ્યનો પ્રવાસ શરૂ કરશે અને જો તેમની સભાઓને મંજૂરી નહીં મળે તો રસ્તાઓ પર ઉતરીને લોકો વચ્ચે જશે. હું જોઈશ કે તેમની પાસે કેટલા ઈંડા અને ઈંટો જમા છે.

દબાણને લઈને સરકાર પર નિશાન: ફૂટપાથ પરથી ફેરિયાઓને હટાવવા પર તેમને વાંધો નથી, પરંતુ તેમને બીજી જગ્યા આપવી જોઈએ. જો સરકાર આવું ન કરી શકે તો તેમને દર મહિને 25 હજાર રૂપિયા વળતર આપવું જોઈએ.

## મોદીની ઈન્સ્ટાગ્રામ અપીલની અસર: 97% કેબિનેટ મંત્રીઓ વધુ સક્રિય થયા

### ફોલોઅર્સના મામલે અમિત શાહ સૌથી આગળ

**નવી દિલ્હી, તા.28**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 24 જુલાઈ 2026ના રોજ કેબિનેટ બેઠકમાં મંત્રીઓને ઈન્સ્ટાગ્રામ પર વધુ સક્રિય થવા, રીલ્સ બનાવવા અને યુવાનો સાથે સંવાદ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ 24 ઑગસ્ટ સુધીમાં 29માંથી 28 એટલે કે 97% કેબિનેટ મંત્રીઓની ઈન્સ્ટાગ્રામ પ્રવૃત્તિ વધી છે. JDUના રાજીવ રંજન સિંહ સિવાય તમામ મંત્રીઓ વધુ સક્રિય છે. મોદી કેબિનેટમાં સૌથી વધુ ફોલોઅર્સ ગૃહમંત્રી શાહના વધ્યા છે. છેલ્લા 1 મહિનામાં તેમના 8.53 લાખ ફોલોઅર્સ વધ્યા છે.



પીએમની સલાહ બાદ મંત્રીઓએ રીલ્સ પર ભાર મૂક્યો છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ નીતિઓ અને મહત્વના મુદ્દાઓને રીલ્સ દ્વારા સમજાવવા પર ભાર મૂક્યો. મંત્રીઓએ છેલ્લા 1 મહિનામાં 1,179 પોસ્ટ કરી છે. આ પહેલા કરતા 48% વધુ છે.

NEET પેપર લીક પર જંતર-મંતર પર ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે પીએમ મોદીએ ઘણી વખત સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કર્યા હતા. આ વીડિયોમાં તેમણે જનરલ-ઝેડને પેપર લીકના મુદ્દે સંબોધિત કર્યા હતા. એક વીડિયોમાં પીએમએ તે વિદ્યાર્થીઓને માફ કરવાની પણ વાત કહી હતી જેમણે પ્રદર્શન દરમિયાન તેમને ગાળો આપી હતી.

મોદી સરકાર યુવાનો સાથે જોડાવા માટે દરરોજ એક યુનિવર્સિટીમાં એક કેન્દ્રીય મંત્રી મોકલવાની યોજના બનાવી રહી છે. મંત્રીઓ વિદ્યાર્થીઓ સાથે તેમની ચિંતાઓ પર વાત કરશે અને દેશ સાથે જોડાયેલા મુદ્દાઓ પર તેમનો દૃષ્ટિકોણ સમજશે.

19 ઑગસ્ટે મોદી કેબિનેટની બેઠક દરમિયાન 'વન ડે, વન યુનિવર્સિટી' કાર્યક્રમ હેઠળ મંત્રીઓ નિર્ધારિત યુનિવર્સિટીમાં જઈને વિદ્યાર્થીઓ સાથે અલગ-અલગ મુદ્દાઓ પર ચર્ચા કરશે. તેઓ વિદ્યાર્થીઓના મંતવ્યો સાંભળશે અને ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ માટે ચાલી રહેલી સરકારી યોજનાઓની માહિતી આપશે.

સૂત્રો અનુસાર, શિક્ષણ મંત્રી પ્રહ્લાદ જોશી અને યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને યુનિવર્સિટી અને પ્રવાસે જનારા મંત્રીઓ સાથે તાલમેલ સાધવાની જવાબદારી સોંપવામાં આવી છે.



# અમદાવાદમાં 'ફ્લેક્સ ઓફિસ'ની માંગમાં 570% નો ઐતિહાસિક ઉછાળો, મુંબઈ-બેંગલુરુને પણ પાછળ છોડ્યા

**અમદાવાદ, તા.28**

કોરોના મહામારી પછી દુનિયાભરમાં કામ કરવાની રીતમાં ઘણો મોટો બદલાવ આવ્યો છે. હવે કંપનીઓ 5 કે 10 વર્ષના લાંબા ગાળાના ભાડાકરારમાં બંધાવાને બદલે 'ફ્લેક્સ ઓફિસ' ને વધુ પસંદ કરી રહી છે. 'ફ્લેક્સ ઓફિસ' એટલે કો-વર્કિંગ સ્પેસ અથવા જરૂરિયાત મુજબ ભાડે રાખી શકાય તેવી ઓફિસ. એક સમય હતો જ્યારે આવી આધુનિક અને લવચીક ઓફિસ માત્ર બેંગલુરુ, મુંબઈ કે દિલ્હી જેવા મહાનગરો પૂરતી જ સીમિત હતી. પરંતુ તાજેતરના આંકડા દર્શાવે છે કે આ ટ્રેન્ડ હવે ટિયર-2 શહેરો તરફ વળ્યો છે. ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતું અમદાવાદ હવે આ રેસમાં મોટા શહેરોને પણ પાછળ છોડીને સૌથી ઝડપથી વિકસતું માર્કેટ બની ગયું છે.

'ફ્લેક્સ ઓફિસ' એટલે 'ફ્લેક્સિબલ વર્કસ્પેસ'. જરૂરિયાત મુજબ ભાડે રાખી શકાય તેવી આધુનિક કો-વર્કિંગ સ્પેસને 'ફ્લેક્સ ઓફિસ' કહેવાય છે. આ લવચીક વ્યવસ્થામાં કંપનીઓ લાંબા ગાળાના ભાડાકરારમાં



બંધાવાને બદલે પોતાના સ્ટાફની સંખ્યા અનુસાર જ વર્કસ્ટેશનનો ઉપયોગ કરે છે, જેનાથી તેમને ઓફિસ જાળવણીના મોટા ખર્ચમાંથી મુક્તિ મળે છે. અહીં અલગ-અલગ કંપનીઓ એક જ ફ્લોર કે બિલ્ડિંગમાં પોતાની જગ્યામાં કામ કરતી હોય છે, પરંતુ તેઓ માત્ર અગાઉથી બુક કરી શકાય તેવા મીટિંગ રૂમ કે કોન્ફરન્સ હોલ, આરામ કરવા માટેના લાઉન્જ એરિયા અને કેફેટેરિયા, તેમજ રિસેપ્શન ડેસ્ક, સિક્યોરિટી સિસ્ટમ, ઈન્ટરનેટ અને પ્રિન્ટર જેવી સામાન્ય સુવિધાઓ (Common Amenities) નો સહિયારો ઉપયોગ કરે છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્રની જાણીતી સંસ્થા 'કુશમેન એન્ડ વેકફિલ્ડ' (Cushman & Wakefield) ના 2026 ના રિપોર્ટ અનુસાર, વર્ષ 2026 ના પ્રથમ છ મહિનામાં (H1) અમદાવાદમાં ફ્લેક્સ ઓફિસની માંગમાં વાર્ષિક ધોરણે 570.3% નો જંગી વધારો જોવા મળ્યો છે. 2025 માં આ જ સમયગાળામાં અમદાવાદમાં માત્ર 735 ફ્લેક્સ વર્કસ્ટેશન ભાડે લેવાયા હતાં, જે આ વર્ષે વધીને 4927 થઈ ગયાં છે. ભલે વર્કસ્ટેશનની કુલ સંખ્યા બેંગલુરુ કે મુંબઈની સરખામણીમાં ઓછી હોય, પરંતુ તેનો વૃદ્ધિ દર (Growth Rate) દેશમાં સૌથી વધુ રહ્યો છે.

આ વિસ્તરણ માત્ર અમદાવાદ પૂરતું મર્યાદિત નથી. દેશના અન્ય શહેરોમાં પણ કંપનીઓ મોટા પાયે ફ્લેક્સિબલ ઓફિસ સ્પેસ તરફ વળી છે.

બેંગલુરુ: 57487 વર્કસ્ટેશન સાથે બેંગલુરુ હજુ પણ દેશનું સૌથી મોટું ફ્લેક્સ માર્કેટ છે. અહીં 31.8% નો વધારો નોંધાયો છે. કુલ માંગમાં તેનો હિસ્સો લગભગ 30% જેટલો છે.

સમગ્ર ભારતની વાત કરીએ તો, 2026 ના પહેલા છ મહિના (H1) ફ્લેક્સ માર્કેટ માટે અત્યાર સુધીના સૌથી શ્રેષ્ઠ સાબિત થયા છે. દેશના ટોચના 8 શહેરોમાં કુલ 191306 ફ્લેક્સ વર્કસ્ટેશન ભાડે લેવામાં આવ્યાં છે. વર્ષ 2025 ના પહેલા છ મહિનામાં આ આંકડો 113623 હતો, એટલે કે તેમાં સીધો 68.4% નો વધારો નોંધાયો છે. કુલ ઓફિસ લીઝિંગ (ભાડે આપવાની પ્રક્રિયા) માં ફ્લેક્સ વર્કસ્પેસનો હિસ્સો હવે 13% થી વધીને 20% થઈ ગયો છે.

આ માંગ વધવા પાછળનું મુખ્ય કારણ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) છે. વિદેશી કંપનીઓ ભારતમાં મોટા પાયે પોતાના સેન્ટર અને બેક-ઓફિસ ખોલી રહી છે. 2026 ના પ્રથમ છ મહિનામાં કુલ ફ્લેક્સ વર્કસ્ટેશનની માંગમાં એકલા GCC નો હિસ્સો 44% રહ્યો છે, જે 2025 ના આખા વર્ષ માટે 37% હતો. આ કંપનીઓ પોતાની જરૂરિયાત મુજબ સરળતાથી સ્ટાફ વધારી કે ઘટાડી શકે તે માટે પરંપરાગત ઓફિસની જગ્યાએ ફ્લેક્સ ઓફિસને પ્રાધાન્ય આપી રહી છે.

કુશમેન એન્ડ વેકફિલ્ડના ઈન્ડિયા હેડ (ફ્લેક્સ) રમિતા અરોરા જણાવે છે કે, ફ્લેક્સિબલ વર્કસ્પેસ હવે કોર્પોરેટ રિયલ એસ્ટેટ વ્યૂહરચનાનો ખૂબ જ મહત્ત્વનો ભાગ બની ગયા છે. કંપનીઓને હવે કસ્ટમાઈઝ્ડ અને એડવાન્સ સુવિધાઓવાળી ઓફિસ જોઈએ છે, જે તેમના વૈશ્વિક ધોરણો અને બ્રાન્ડ ઈમેજને અનુરૂપ હોય. ફ્લેક્સ ઓપરેટરો આ માંગણીઓને બખૂબી પૂરી કરી રહ્યા છે.

અમદાવાદ અને કોલકાતા જેવા ઉભરતા બજારોમાં આવેલો આ ઐતિહાસિક ઉછાળો સ્પષ્ટ કરે છે કે ભારતમાં ઓફિસ સ્પેસ માર્કેટ હવે મોટા શહેરોની સીમાઓ ઓળંગી ચૂક્યું છે. ભવિષ્યમાં કંપનીઓ પોતાના કારોબારના વિસ્તરણ માટે આ જ મોડેલ પર સૌથી વધુ ભરોસો મુકશે તે નક્કી છે.

## કુલ 24 ગુજરાતીઓ સંપર્કવિહોણા! અમદાવાદ, સુરત, વડોદરામાં ચિંતાનો માહોલ

**અમદાવાદ, તા.28**

નેપાળ અને તિબેટ સરહદે લાંગતાંગ ક્ષેત્રમાં ગ્લેશિયર તૂટવા અને ભોટેકોશી નદીમાં આવેલા ભીષણ પૂર બાદ ગુજરાતના પરિવારોમાં ભારે ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. કૈલાશ માનસરોવર યાત્રા તેમજ નેપાળ પ્રવાસે ગયેલા ગુજરાતના મૂળ વતની અને વિવિધ દેશોની નાગરિકતા ધરાવતા (NRI) કુલ 24 નાગરિકો ગુમ અથવા સંપર્કવિહોણા હોવાની સત્તાવાર વિગતો ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા જાહેર કરવામાં આવી છે.

કિન્નરી પટેલ અને મિહિર પટેલ: રિચા ટૂર્સ મારફતે કૈલાશ માનસરોવર યાત્રાએ નીકળ્યા હતા. ગઈકાલે સવારે 04:51 કલાકે છેલ્લો સંપર્ક થયો હતો. અમદાવાદ મણિનગર ખાતે પણ તેમનું નિવાસસ્થાન છે.

બિમલકુમાર પટેલ અને જૈમિનાબેન પટેલ (આણંદ / યુએસ નાગરિક): 'નમસ્તે નેપાળ ટ્રેકિંગ' મારફતે ગયા હતા, ગઈકાલે સવારથી સંપર્કવિહોણા છે.

પદ્માબેન જગદીશભાઈ પટેલ અને જગદીશભાઈ ઉમેશભાઈ પટેલ ( કેનેડિયન નાગરિક): 'હિમાલયન ગ્લેશિયર એડવેન્ચર' મારફતે કૈલાશ યાત્રાએ ગયેલા,



છેલ્લા 2 દિવસથી સંપર્ક તૂટી ગયો છે. અશોકભાઈ ધીરજલાલ કાપડી (મેમનગર, અમદાવાદ): ગઈકાલે સવારે 08:30 કલાકે ચાઈના બોર્ડર ઈમિગ્રેશન સેન્ટર નજીકથી છેલ્લો સંપર્ક થયો હતો. શ્રીમતી બીના પી. પારેખ (ઉસ્માનપુરા, અમદાવાદ / NRI - ન્યૂયોર્ક, USA): 24 ઓગસ્ટે છેલ્લો સંદેશ મળ્યો હતો, ત્યારથી સંપર્ક થઈ શક્યો નથી.

ભાવિનકુમાર આર. રાવલ (મોટેરા / ઓસ્ટ્રેલિયન નાગરિક): કૈલાશ જર્નીઝ મારફતે ગયેલા, સવારે 05:00 વાગ્યે છેલ્લો સંપર્ક થયો હતો.

અમિતા અમીન, તેજલ પટેલ અને જિતેન્દ્ર પટેલ (યુએસ નાગરિક): બાગમતી/ફ્રેન્ડશિપ બ્રિજ નજીકથી સંપર્કવિહોણા બન્યા છે. ઉમેશ ભોગીલાલ પટેલ, આકાંક્ષાબેન પટેલ (કેનેડિયન નાગરિક) અને ઈશાન પટેલ, શિલ્પાબેન પટેલ (અમેરિકન નાગરિક): નડિયાદના મૂળ વતની પરિવારો સાથે છેલ્લા 24 કલાકથી સંપર્ક થઈ શક્યો નથી.

પરેશભાઈ નટવરલાલ પટેલ, જ્યોતિબેન પટેલ (યુએસ નાગરિક) અને મીનાક્ષીબેન સંજયભાઈ રમણી (મુંબઈ નિવાસી): રિચા ટૂર્સ/હિલ્સ એન્ડ થ્રિલ્સ મારફતે કૈલાશ માનસરોવર ગયેલા, ગઈકાલે સવારે રસુવાગઢી બોર્ડર નજીકથી ફોટો મોકલ્યા બાદ સંપર્ક તૂટ્યો છે. દિનેશભાઈ પ્રાગજીભાઈ પટેલ (અમરેલી / યુએસ નાગરિક): દિલ્હીથી નેપાળ પહોંચ્યા બાદ સંપર્કવિહોણા.

કામતાપ્રસાદ બાબુલાલ (જાફરાબાદ, અમરેલી): 10 ઓગસ્ટે અયોધ્યાથી નેપાળ ગ્રૂપ સાથે નીકળ્યા બાદ 11 ઓગસ્ટથી સંપર્ક થઈ શક્યો નથી.

જય દિનેશ કોટેચા (રાજકોટ મૂળના): રસુવાગઢી-કેરુંગ બોર્ડર નજીક ફસાયેલા છે. રોમા દિલીપભાઈ ઈંટવાલા (હાલાર, વલસાડ): મામલતદાર વલસાડ તરફથી સત્તાવાર પુષ્ટિ મળી છે કે તેઓ હાલ નેપાળમાં સંપૂર્ણ સુરક્ષિત છે. અહેવાલ મુજબ, મોટાભાગના પ્રવાસીઓ કૈલાશ માનસરોવર યાત્રાના મુખ્ય પ્રવેશદ્વાર સમાન રસુવાગઢી-કેરુંગ બોર્ડર (NH42 / G216) અને ફ્રેન્ડશિપ બ્રિજ વિસ્તારમાં હતા, જ્યાં ભોટેકોશી નદીના પૂરે ભારે તબાહી મચાવી છે. ગુજરાત સરકાર વિદેશ મંત્રાલય અને કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસ સાથે સતત સંપર્કમાં છે.

## ગુજરાતમાં દુષ્કાળના ડાકલા: 92% વાવેતર સામે વરસાદ માત્ર 75%, ખેતરોમાં પાક બળી જવાની ભીતિ!

**અમદાવાદ, તા.28**

ચોમાસાની ઋતુ હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે, ત્યારે ગુજરાત પર જળસંકટ અને પાક નિષ્ફળ જવાનો મોટો ખતરો તોળાઈ રહ્યો છે. ચોમાસાની શરૂઆતમાં થયેલા સંતોષકારક વરસાદના આધારે ખેડૂતોએ ઉત્સાહભેર મોટા પાયે વાવણી તો કરી દીધી, પરંતુ ત્યારબાદ લાંબા સમયથી વરસાદ ખેંચાતાં રાજ્યના હજારો હેક્ટરમાં ઊભો ખરીફ પાક સુકાવા લાગ્યો છે.

રાજ્યમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જેવા પ્રદેશોમાં વરસાદની મોટી ઘટ નોંધાતાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. જો આગામી ગણતરીના દિવસોમાં વરસાદ નહીં પડે તો ખેતરોમાં ઊભો મોલ સંપૂર્ણ બળી જવાની ભીતિ સેવાઈ રહી છે.

ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ મોડો થયો હતો, પરંતુ પ્રથમ રાઉન્ડના સારા વરસાદના પગલે ખેડૂતોએ 92% થી વધુ જમીનમાં ખરીફ વાવેતર સંપન્ન કર્યું હતું. તેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ માત્ર 75% જેટલો જ વરસાદ વરસ્યો છે. પાણીના અભાવે હજારો હેક્ટરનો ખરીફ પાક સુકાવા માંડ્યો છે.

રાજ્યમાં છેલ્લા 3 વર્ષની સરેરાશ અનુસાર ખરીફ સિઝનમાં



સામાન્ય રીતે 85.30 લાખ હેક્ટરમાં વાવેતર થતું હોય છે. તેની સરખામણીએ ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તેલીબિયાં, ધાન્ય, કઠોળ અને અન્ય પાકો મળીને કુલ 78.55 લાખ હેક્ટરમાં (92.08%) વાવણી નોંધાઈ ચૂકી છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ 36.60 લાખ હેક્ટર અને ઉત્તર ગુજરાતમાં 16.53 લાખ હેક્ટરમાં ખેડૂતોએ પાક વાવ્યો છે, પરંતુ વરસાદ ન પડતાં આ તમામ મહેનત પર પાણી ફરી વળે તેવી સ્થિતિ સર્જાઈ છે. ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ મોડો થયો હતો, પરંતુ પ્રથમ રાઉન્ડના સારા વરસાદના પગલે ખેડૂતોએ 92% થી વધુ જમીનમાં ખરીફ વાવેતર સંપન્ન કર્યું હતું. તેની સામે રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ માત્ર 75% જેટલો જ વરસાદ વરસ્યો છે. પાણીના અભાવે હજારો હેક્ટરનો ખરીફ પાક સુકાવા માંડ્યો છે. રાજ્યમાં છેલ્લા 3 વર્ષની સરેરાશ અનુસાર ખરીફ સિઝનમાં સામાન્ય રીતે 85.30 લાખ હેક્ટરમાં વાવેતર થતું હોય છે. તેની સરખામણીએ ચાલુ વર્ષે અત્યાર સુધીમાં તેલીબિયાં, ધાન્ય, કઠોળ અને અન્ય પાકો મળીને કુલ 78.55 લાખ હેક્ટરમાં (92.08%) વાવણી નોંધાઈ ચૂકી છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ 36.60 લાખ હેક્ટર અને ઉત્તર ગુજરાતમાં 16.53 લાખ હેક્ટરમાં ખેડૂતોએ પાક વાવ્યો છે, પરંતુ વરસાદ ન પડતાં આ તમામ મહેનત પર પાણી ફરી વળે તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જેવા પ્રદેશોમાં વરસાદની મોટી ઘટ નોંધાતાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. જો આગામી ગણતરીના દિવસોમાં વરસાદ નહીં પડે તો ખેતરોમાં ઊભો મોલ સંપૂર્ણ બળી જવાની ભીતિ સેવાઈ રહી છે.

## AMCના અધિકારીઓ નિયમો ઘોળીને પી ગયા! સાઈટ ક્લિયર ન હતી તો વર્ક ઓર્ડર કેમ અપાયો?

**અમદાવાદ, તા.28**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નરોડા પાટિયાથી ગેલેક્સી સિનેમા સુધી બનાવાઈ રહેલા ફ્લાયઓવર બ્રિજનું કામ જુલાઈ 2026માં પૂર્ણ થવાનું હતું, પરંતુ જમીન સંપાદન, ડ્રેનેજ-વોટર લાઈન જેવી યુટિલિટીના યોગ્ય મેપિંગના અભાવ અને કોન્ટ્રાક્ટરની બેદરકારી સહિતના કારણોસર પ્રોજેક્ટને એક વર્ષનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. બીજી તરફ, AMCના પોતાના નિયમ મુજબ સંપૂર્ણ સાઈટ ક્લિયરન્સ, અડચણમુક્ત વર્ક ફ્રન્ટ, યુટિલિટી મેપિંગ અને સ્પષ્ટ ફાઈનલ ડ્રોઈંગ ઉપલબ્ધ ન હોય ત્યાં સુધી વર્ક ઓર્ડર આપવાનો નથી. આમ છતાં આ તમામ બાબતો પૂર્ણ થયા પહેલાં વર્ક ઓર્ડર કેવી રીતે અપાયો તે અંગે હવે સવાલો ઊભા થયા છે. રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના ચેરમેન ડૉ. જૈનિક વકીલે આ મુદ્દે બ્રિજ પ્રોજેક્ટના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી વર્ક ઓર્ડર આપવાની પ્રક્રિયા, 556 દિવસના વિલંબ, કોન્ટ્રાક્ટરની 185 દિવસની જવાબદારી અને રૂ. 50 લાખની પેનલ્ટી નક્કી કરવાની જોગવાઈ સહિતના મુદ્દે લેખિત



સ્પષ્ટતા માગી છે.

AMCના નરોડા પાટિયાથી ગેલેક્સી સિનેમા સુધીના ફ્લાયઓવરનું કામ શરૂ કરવામાં આવ્યું ત્યારે પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જો કે, કામગીરી દરમિયાન જમીન સંપાદન અને વિવિધ યુટિલિટી લાઈનો અંગેની સમસ્યાઓ ઊભી થતાં કામની ગતિ પર અસર પડી હતી. ડ્રેનેજ લાઈન અને વોટર લાઈન સહિતની યુટિલિટીની સ્થિતિ અંગે પૂરતું અને યોગ્ય મેપિંગ ન હોવાના કારણે પણ કામગીરીમાં વિલંબ થયો હોવાનું સામે આવ્યું છે.

AMCની નીતિ મુજબ, કોઈપણ કામ માટે વર્ક ઓર્ડર આપતા પહેલાં સંપૂર્ણ સાઈટ ક્લિયરન્સ, અડચણમુક્ત વર્ક ફ્રન્ટ, જરૂરી યુટિલિટીનું મેપિંગ તથા સ્પષ્ટ ડ્રોઈંગ ઉપલબ્ધ હોવું જરૂરી છે. નરોડા બ્રિજના કિસ્સામાં આ પ્રક્રિયાનું પાલન થયું હતું કે કેમ તે અંગે ચેરમેન ડૉ. જૈનિક વકીલે સવાલ ઉઠાવ્યો છે. ખાસ કરીને ફાઈનલ ડ્રોઈંગ તૈયાર થયા પહેલાં વર્ક ઓર્ડર કયા આધારે આપવામાં આવ્યો તેની સ્પષ્ટતા માગવામાં આવી છે.

બ્રિજ પ્રોજેક્ટમાં GFC ડ્રોઈંગ અને આર. એન્ડ. બી. એપ્રુવલ મેળવવામાં કુલ 556 દિવસનો વિલંબ દર્શાવવામાં આવ્યો છે. આટલા લાંબા વિલંબ અંગે જવાબદારી નક્કી કરવામાં આવી છે કે નહીં અને આ વિલંબને સમર્થન આપતું લેખિત પ્રમાણપત્ર લેવામાં આવ્યું છે કે કેમ તે અંગે પણ કમિટીના ચેરમેને જવાબ માગ્યો છે. આ ઉપરાંત ડિઝાઈન કન્સલ્ટન્ટની ભૂમિકા હોય તો તેની સામે ટેન્ડરની શરતો મુજબ કોઈ પેનલ્ટી અથવા જવાબદારી નક્કી કરવામાં આવી છે કે કેમ તે પણ પૂછવામાં આવ્યું છે.

પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટરના કારણે 185 દિવસનો વિલંબ થયો હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ત્યારે ટેન્ડરની શરતો મુજબ વિલંબ બદલ લાગુ પડતી LD પેનલ્ટી વસૂલવાને બદલે માત્ર 50 લાખ રૂપિયાની પેનલ્ટી કયા નિયમ અથવા શરતના આધારે નક્કી કરવામાં આવી તે અંગે પણ સ્પષ્ટતા માગવામાં આવી છે. કોન્ટ્રાક્ટરની ભૂલને કારણે થયેલા વિલંબના સમયગાળા દરમિયાન કોન્ટ્રાક્ટરને ભાવ વધારો ચૂકવવાનો થાય કે નહીં, તે અંગેની ટેન્ડરની જોગવાઈ પણ રજૂ કરવા જણાવાયું છે.

નરોડા વિસ્તારમાં બ્રિજની કામગીરી લાંબી ખેંચાતા દૈનિક ટ્રાફિક પર તેની સીધી અસર પડી રહી છે. જમીન સંબંધિત ક્લિયરન્સ, ઈજનેર વિભાગની કામગીરી અને કોન્ટ્રાક્ટરની બેદરકારી જેવા વિવિધ કારણોસર પ્રોજેક્ટમાં વિલંબ થતાં નરોડા પાટિયા અને આસપાસના વિસ્તારમાં વાહનચાલકોને ટ્રાફિકની ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. હવે કમિટીના ચેરમેન દ્વારા માંગવામાં આવેલી સ્પષ્ટતા બાદ બ્રિજના વિલંબ માટે ખરેખર જવાબદાર કોણ અને AMCના નિયમોનું પાલન કર્યા વિના વર્ક ઓર્ડર કેમ આપવામાં આવ્યો તે મુદ્દે સ્થિતિ સ્પષ્ટ થવાની શક્યતા છે.

## સુરતી શિક્ષકની 3000 બહેનો, ફ્રીમાં ભણાવી ડોક્ટર-ટીચર બનાવી: 321 બહેન-દીકરીઓએ એકસાથે રાખડી બાંધી

**સુરત, તા.28**

રક્ષાબંધનના તહેવાર પર સુરતના એક શિક્ષકની કહાની જણાવી રહ્યા છે કે જેમને એકપણ સગી બહેન નથી છતાં આજે તેઓ ગુજરાતભરની 3000થી વધુ બહેનોના લાડીલા ભાઈ બન્યા છે. સાચી સેવા માટે માત્ર પૈસા નહીં પણ સંવેદનશીલ હૃદયની જરૂર હોય છે. આ વાતને સુરતના નરેશ મહેતાએ સાર્થક કરી બતાવી છે.

છેલ્લા 12 વર્ષથી વિષમ પરિસ્થિતિઓને લીધે અભ્યાસ છોડી ચૂકેલી બહેનોને વિનામૂલ્યે ઓનલાઈન શિક્ષણ આપી તેમના અધૂરા સપનાઓને નવી પાંખો આપી છે. જેના કારણે 321 બહેન-દીકરીઓએ એક સાથે રાખડી બાંધી રક્ષાબંધનના પર્વની ઉજવણી કરી હતી.

અમરેલીના રાજુલાના બરબટાણા ગામના વતની નરેશ મહેતા વર્ષ 2002થી શિક્ષણ જગત સાથે જોડાયેલા છે. તેમણે પોતાનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ગામડામાં તથા વાવેરા ખાતે મેળવ્યું. મહુવામાં હાઈસ્કૂલ અને ભાવનગરના સોનગઢ ખાતે પીટીસી કર્યું. વર્ષ 2002માં સુરત નગર પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા અને હરિધામ સોસાયટી સ્થિત સ્કૂલ નં-271માં તેમણે 15 વર્ષ ફરજ બજાવી હતી.

વર્ષ 2015માં આર્થિક મજબૂરીમાં જે દીકરીઓ સ્કૂલ છોડી સાડી, લેસ કે દોરા કટિંગના મજૂરી કામમાં જોડાઈ હતી. સરકારી સ્કૂલોમાં મફત શિક્ષણ હોવા છતાં સમયના અભાવે અભ્યાસ છોડવો પડ્યો હતો તેવી બહેનોને ઘેર જઈ તેમના અનુકૂળ સમયે ડોર-ટુ-ડોર ભણાવવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત પુસ્તકો સહિતની શિક્ષણ સામગ્રી વિનામૂલ્યે પૂરી પાડી હતી.

વર્ષ 2020માં કોરોના સમયે અભિયાનમાં મોટો વળાંક આવ્યો. ઓનલાઈન શિક્ષણની જરૂરિયાત ઊભી થતાં ન્યૂઝપેપર અને સોશિયલ મીડિયામાં હેલ્પલાઈન નંબર જાહેર કરી સુરત પૂરતું સીમિત અભિયાન સમગ્ર ગુજરાતના ગામડાં અને શહેરો સુધી વિસ્તાર્યું. દર વર્ષે 500 જેટલી બહેન-દીકરીઓ સોશિયલ મીડિયા ગ્રુપ અને ઓનલાઈન



જોડાવવા લાગી. નરેશ મહેતાના પરિવારમાં ત્રણ ભાઈઓ છે, પરંતુ કોઈ સગી બહેન નથી. જે બહેનો-દીકરીઓ અભ્યાસ અધૂરો છોડી દીધો હતો તેમને પોતાની બહેનો માની ફરી ભણાવવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં તેમણે 3000થી વધુ બહેનો-દીકરીઓને શિક્ષણ આપ્યું છે. કોઈ એક જ પરિવારની ચાર-ચાર બહેનો, બાળકોની માતાઓ તેમજ નણંદ-ભાભી પણ તેમના અભિયાનનો ભાગ બની હતી. આજે આ તમામ દીકરીઓએ ઘરે બેઠા ધો.10, 12 અને કોલેજ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. માત્ર અભ્યાસ જ નહીં, પરંતુ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પણ કરી રહી છે. હાલ ઘણી બહેનો-દીકરીઓ સારી કંપનીઓ, હોસ્પિટલો, આંગણવાડી, બેંકો અને સ્કૂલોમાં નોકરી મેળવી આત્મનિર્ભર બની છે.

અભ્યાસ સાથોસાથ સામાજિક જ્ઞાન અને વર્તમાન સમયમાં સાયબર ફ્રોડ જેવી બાબતોથી અવગત કરી જાગૃત કરે છે. છેલ્લા 15 વર્ષોમાં તેમની સાથે જોડાયેલી કોઈપણ મહિલા આવી છેતરપિંડી કે સમસ્યાનો ભોગ બની નથી.

વર્ષ 2012માં રક્ષાબંધનની ઉજવણી દરમિયાન એક દીકરીને ભાઈ ન હોવાનું જાણતા તેમણે ભાઈ બનીને રાખડી બંધાવી હતી. તે દીકરી આજે MBBS પૂર્ણ કરી હાલ ઈન્ટર્નશિપ કરી રહી છે. સગી બહેન ન હોવા છતાં આજે હજારો દીકરીઓ તેમને રાખડીઓ બાંધીને ઓવારણાં લે છે. તેઓ માને છે કે, બહેનોના આશીર્વાદ અને પ્રેમથી આ સેવાકાર્ય આગળ ધપાવવાની શક્તિ મળે છે.

રક્ષાબંધન પર તમામ વિદ્યાર્થિનીઓને બહેન માનીને આ પર્વ ઉજવવામાં આવે છે. ઓનલાઈન અભ્યાસ કરતી કાપોદ્રા, કામરેજ, કતારગામ, અડાજણ, પુણાગામ અને સીમાડા જેવા વિસ્તારની બહેનો-દીકરીઓ રૂબરૂ મળી શકતી નથી. જેથી આવા આયોજનથી વાલીઓનો વિશ્વાસ વધે છે અને વિદ્યાર્થિનીઓ એકબીજા સાથે જોડાઈને પારિવારિક હૂંફ અનુભવે છે.

વર્ષ 2024થી શરૂ થયેલી આ પરંપરા સતત ત્રીજા વર્ષે રક્ષાબંધન-2026ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્થાનિક દીકરીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. આગામી માર્ચ 2027માં બોર્ડની પરીક્ષા આપનાર અંદાજે 321 બહેનો-દીકરીઓએ રાખડી બાંધીને આશીર્વાદ અને શુભકામનાઓ મેળવી હતી.

આજના આધુનિક ઓનલાઈન શિક્ષણના માધ્યમને કારણે હવે માત્ર યુવતીઓ જ નહીં, પરંતુ પરિણીત બહેનો પણ પોતાના અધૂરો અભ્યાસ ફરી શરૂ કરી રહી છે. આર્થિક, સામાજિક કે અન્ય પારિવારિક પરિસ્થિતિઓને લીધે જે બહેનોએ 5, 10, 12 કે 20 વર્ષ પહેલાં સ્કૂલ છોડી દીધી હતી. તેમના શિક્ષણ મેળવવાના વર્ષો જૂના સપનાઓ હવે સાકાર થઈ રહ્યા છે.

## 'એક હજારો મેં મેરી બહેના હૈ...' અમદાવાદમાં કિડનીદાનથી પાંચ વર્ષમાં 41 બહેનો દ્વારા ભાઈની 'રક્ષા'

**અમદાવાદ, તા.28**

અમદાવાદની સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરમાં છેલ્લા પાંચ વર્ષમાં 41 બહેનો દ્વારા ભાઈને અને 6 ભાઈઓ દ્વારા તેમની બહેનને કિડનીનું દાન આપવામાં આવેલું છે.

કિડનીનું દાન આપનારી મોટાભાગની બહેનોની ઉંમર 31 વર્ષથી 60 વર્ષ સુધી છે.

તાજેતરમાં જ બહેનની કિડની મેળવનારા એક ભાઈએ જણાવ્યું કે, 'મારી પાસે બહેનનો આભાર માનવા શબ્દો નથી. સામાન્ય રીતે ભાઈ દ્વારા બહેનને રક્ષાબંધને ભેટ આપવામાં આવે છે. પરંતુ મને મારી બહેને કિડનીના દાન દ્વારા મને નવજીવનની ભેટ આપી છે.'

આઈકેડીઆરસીના હેડ ડૉ. પ્રાંજલ મોદીએ જણાવ્યું કે, 'સંવેદના-ત્યાગ-મક્કમ નિર્ધાર એ સ્ત્રીના ઘરેણાં છે. આ જ કારણ છે કે માતા હોય કે બહેન તે કિડનીનું દાન કરવામાં હંમેશાં મોખરે જ જોવા મળે છે. અંગદાનથી કોઈને નવું જીવન આપવું તેનાથી અમૂલ્ય ભેટ કોઈ હોઈ જ શકે નહીં'

સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપો મુજબ,




રસ્તાની આસપાસના વિસ્તારને હરિયાળો રાખતા અને લોકોને છાંયડો આપતા ૧૦ થી ૧૫ વર્ષ જુના ૭ જેટલા ઘટાદાર વૃક્ષો પર કોઈ પણ ડર વગર ક્રૂરતાપૂર્વક કુહાડી ચલાવી દેવામાં આવી હતી. બિલ્ડિંગના માલિકો કે જવાબદારોએ પોતાના સ્વાર્થ માટે પર્યાવરણને મસમોટું નુકસાન પહોંચાડ્યું હોવા છતાં, પાલિકાના તંત્રએ માત્ર નજીવો દંડ વસૂલીને સંતોષ માની લીધો છે. લોકોનું કહેવું છે કે જો માત્ર દંડ ભરીને જ વૃક્ષો કાપવાની છૂટ મળતી રહેશે તો શહેરમાંથી લીલોતરી સાવ ગાયબ થઈ જશે. તંત્રની આવી શંકાસ્પદ અને ઢીલી કાર્યવાહી સામે લોકોમાં ભારે નારાજગી અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

આટલી મોટી પર્યાવરણીય બેદરકારી અને ગેરકાયદે કૃત્ય છતાં પાલિકા દ્વારા માત્ર નામ માત્રની દંડકીય કાર્યવાહી કેમ કરવામાં આવી, તે અંગે જ્યારે ઉધના ઝોનના ડેપ્યુટી કમિશનર મીના ગજ્જરનો સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેમણે આ સમગ્ર બનાવ અંગે પોતે બિલકુલ અજાણ હોવાનું નિવેદન આપ્યું હતું. જોકે, ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને તેમણે ખાતરી આપી હતી કે તેઓ તાત્કાલિક ધોરણે આ સમગ્ર મામલાની વિગતો મેળવશે. આ ઉપરાંત, આ વૃક્ષો આખરે કોના કહેવાથી અને કોના ઈશારે કાપવામાં આવ્યા છે તેની ઊંડાણપૂર્વક યોગ્ય તપાસ કરવામાં આવશે અને તપાસ બાદ જે પણ દોષિત જણાશે તેમની સામે કાયદા મુજબની કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# રેડિયો ખરાબીથી ટ્રમ્પનું હેલિકોપ્ટર વિમાનની નજીક પહોંચ્યું: એર ટ્રાફિક કંટ્રોલર્સને એક અઠવાડિયા પહેલાથી મુશ્કેલીની જાણકારી હતી

**વોશિંગ્ટન, તા.28**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હેલિકોપ્ટર મરીન વન અને એક પેસેન્જર વિમાનના નજીક આવવાનું કારણ સામે આવ્યું છે. તપાસ મુજબ, રેડિયો સંપર્કમાં આવેલી ખરાબીને કારણે એર ટ્રાફિક કંટ્રોલર્સને હેલિકોપ્ટરના ઉડાન ભરતા પહેલા મળતી જરૂરી ચેતવણી મળી શકી ન હતી.



આ ઘટના 4 ઓગસ્ટના રોજ બની હતી. ટ્રમ્પને લઈને મરીન વન વ્હાઈટ હાઉસ પાસેથી ઉડાન ભરી રહ્યું હતું, ત્યારે રીગન નેશનલ એરપોર્ટ પરથી એક પેસેન્જર વિમાનને પણ ટેકઓફની મંજૂરી મળી ગઈ. બંને વિમાન થોડા સમય માટે ખૂબ નજીક આવી ગયા, પરંતુ પાઈલટોની સતર્કતાથી ટક્કર ટળી ગઈ.

તપાસમાં એ પણ સામે આવ્યું કે એર ટ્રાફિક કંટ્રોલર્સને આ રેડિયો ખરાબીની જાણકારી એક અઠવાડિયા પહેલા જ થઈ ગઈ હતી. તેમ છતાં ઘટનાવાળા દિવસે રાષ્ટ્રપતિની સુરક્ષામાં ચૂક થઈ.

તપાસમાં જાણવા મળ્યું કે વ્હાઈટ હાઉસમાં ચાલી રહેલા નિર્માણના કારણે મરીન વનના ઉડાન ભરવાની જગ્યા બદલી દેવામાં આવી હતી. હેલિકોપ્ટર હવે ધ એલિપ્સથી ઉડાન ભરી રહ્યું હતું.

નવી જગ્યા અને રીગન એરપોર્ટ પાસે લાગેલા રેડિયો રીસીવર વચ્ચે સીધો સંપર્ક બરાબર ન હતો. આ જ કારણે હેલિકોપ્ટરની રેડિયો કોલ કંટ્રોલ ટાવર સુધી યોગ્ય રીતે પહોંચી શકતી ન હતી.

ઘટનાના લગભગ એક અઠવાડિયા પહેલા 30 જુલાઈના રોજ મરીન વનના પાઈલટ્સ અને એર ટ્રાફિક કંટ્રોલર્સની બેઠક થઈ હતી. તેમાં ત્રણ મિનિટ પહેલાં આપવામાં આવતી ઉડાન ચેતવણી કંટ્રોલ ટાવર સુધી ન પહોંચી હોવાનું સામે આવ્યું હતું.

ત્યારે નક્કી કરવામાં આવ્યું હતું કે રેડિયો સંપર્ક ન હોય તો કોઈ અન્ય વિમાન કે વ્યક્તિ દ્વારા આ માહિતી આપવામાં આવશે. 4 ઓગસ્ટના રોજ પાઈલટ્સે જોઈન્ટ બેઝ એનાકોસ્ટિયા-બોલિંગ દ્વારા પણ કંટ્રોલ ટાવર સુધી મેસેજ પહોંચાડવાનો પ્રયાસ કર્યો.

જોકે, આ રીત પણ કામ ન આવી. કંટ્રોલર્સને મરીન વનના ઉડાન ભરવાની જાણકારી મળી નહીં અને આ દરમિયાન પેસેન્જર વિમાનને ટેકઓફની મંજૂરી આપી દેવામાં આવી.

NTSB ના પ્રારંભિક ડેટા અનુસાર, બંને વિમાનો વચ્ચેનું સૌથી ઓછું અંતર લગભગ 1.3 કિલોમીટર હતું. તેમની ઊંચાઈમાં પણ માત્ર 250 ફૂટનો તફાવત રહી ગયો હતો.

યાત્રી વિમાનને ટક્કરથી બચાવતી સિસ્ટમે ચેતવણી આપી હતી. મરીન વનના પાઈલટોએ પણ વિમાનને જોઈ લીધું અને થોડીવાર રોકાઈ ગયા, જેનાથી બંને અલગ થઈ ગયા.

FAA ના નિયમ મુજબ, આવી પરિસ્થિતિમાં બે વિમાનો વચ્ચે ઓછામાં ઓછું 2.4 કિલોમીટરનું અંતર અથવા ઊંચાઈમાં 500 ફૂટનો તફાવત હોવો જરૂરી છે.

ઘટના પછી FAA ની ટેકનિકલ ટીમે રેડિયો સિસ્ટમની તપાસ કરી. રીસીવરને રહેણાંક વિસ્તારમાંથી હટાવીને રીગન એરપોર્ટના કંટ્રોલ ટાવર ઉપર લગાવી દેવામાં આવ્યું.

આ પછી કરવામાં આવેલા પરીક્ષણોમાં રેડિયો સંપર્ક બરાબર જોવા મળ્યો. આ ઘટના ગયા વર્ષના રીગન એરપોર્ટ અકસ્માત પછી વધુ ગંભીર માનવામાં આવી રહી છે.

29 જાન્યુઆરી 2025 ના રોજ એક પેસેન્જર પ્લેન અને અમેરિકી સેનાના બ્લેક હોક હેલિકોપ્ટરની ટક્કરમાં 67 લોકોના મોત થયા હતા. આ પછી એરપોર્ટની આસપાસ હેલિકોપ્ટર અને વિમાનોની અવરજવરને લઈને સુરક્ષા નિયમો કડક કરવામાં આવ્યા હતા.

CENTCOMએ જણાવ્યું કે હુમલામાં સબમરીન સંબંધિત સૈન્ય ક્ષમતા અને નેવલ સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવ્યું હતું. જોકે, હુમલામાં થયેલા નુકસાન કે જાનહાનિની માહિતી હજુ સામે આવી નથી.

ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોના માલ પર 20% ટેક્સ લગાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે અમેરિકા આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગની સુરક્ષા કરશે, તેથી સુરક્ષા પર થતો ખર્ચ જહાજો પાસેથી વસૂલવામાં આવશે. ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકા હવે 'ગાર્ડિયન ઓફ ધ હોર્મુઝ સ્ટ્રેટ'ની ભૂમિકા ભજવશે.

# નેપાળના વડાપ્રધાન બાલેન શાહની સૌથી પહેલી વિદેશ યાત્રા ભારતની હશે : રીપોર્ટ

**નવી દિલ્હી, તા.28**



નેપાળના વડાપ્રધાન બાલેન શાહ પોતાની સૌથી પહેલી વિદેશ યાત્રામાં ભારત આવનારા છે. નેપાળમાં આવેલા ભીષણ પૂર વચ્ચે નેપાળના વિત્ત મંત્રી સ્વર્ણિમ વાગલેએ ગુરૂવારે સાંજે આ માહિતી આપી હતી. તેઓએ એક કાર્યક્રમમાં કહ્યું કે વડાપ્રધાન શાહ આ વર્ષના અંત સુધીમાં ભારતની યાત્રાએ જશે. કાઠમંડુમાં આયોજિત એન.ડી. ટીવી સમિટમાં સંબોધન કરતાં વાગલેએ કહ્યું કે હવે તે તારીખોને અંતિમ રૂપ અપાઈ રહ્યું છે પરંતુ તેમને પૂરી ખાત્રી છે કે, પદ સંભાળ્યા પછી શાહની પહેલી વિદેશયાત્રા ભારતની હશે, અમે તે માટે ચર્ચા કરી રહ્યા છીએ. હવે તારીખ નિશ્ચિત કરવાની જ બાકી છે. દરમિયાન જાણવા મળ્યું છે કે નેપાળને ટ્રેન માટે હવે વધુ રાહ જોવી નહીં પડે. ૩૧મીથી જ વારાણસી એક્સપ્રેસ શરૂ થવાની પૂરી સંભાવના છે.

નેપાળના વિત્તમંત્રીનું નિવેદન એવે સમયે આવ્યું છે કે જ્યારે નેપાળ-તિબેટ સીમા પર આવેલાં પ્રચંડ પૂરો સામે નેપાળ ઝઝૂમી રહ્યું છે. આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યારે ઓછામાં ઓછા ૪૨૫થી વધુ લોકોનાં તે ઘોડાપૂરમાં નિધન થયા છે, ૧૫૦૦થી વધુ લાપત્તા થયા છે. કેટલાયે પૂલો તૂટી ગયા છે, માર્ગો ધોવાઈ ગયા છે.

સંકટની આ ઘડીમાં ભારત સૌથી પહેલું નેપાળની મદદે દોડયું હતું. ભારતે હજી સુધીમાં કુલ ૪૭.૫ ટન જેટલી રાહત સામગ્રી એર-લિફ્ટ કરી નેપાળ મોકલી છે. હજી વધુ મોકલશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાલેન શાહ સાથે ફોન ઉપર વાત કરી, આ સંખટ અંગે ઘેરો શોક વ્યક્ત કર્યો હતો સાથે સોશ્યલ મીડીયા પર કરેલા પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારત સરકાર અને ભારતની જનતા પણ આ શોકની ઘડીમાં પોતાનાં નેપાળી ભાઈ-બહેનો સાથે એકજૂથ થઈ ઊભા રહેશે. વડાપ્રધાન મોદીએ નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર બાલેન શાહને પુરૃં આશ્વાસન આપવા સાથે કહ્યું હતું કે ભારતની ટીમો, બચાવ અને રાહતના પ્રયાસોમાં પૂરેપૂરો સાથ આપી રહી છે, અને આપતું રહેશે. ભારત હરસંભવ માનવીય સહાય કરવા તૈયાર જ છે. ભારતે ત્વરિત મોકલેલી સહાય માટે બાલેન શાહ પી.એમ. મોદીનો આભાર વ્યક્ત કરતાં ફોન ઉપર ભાવુક બની ગયા હતા. તેઓએ સોશ્યલ મીડીયા પોસ્ટ ઉપર લખ્યું : 'અમે આ મુશ્કેલીની ઘડીમાં નેપાળ પ્રત્યે એકજૂથતા દર્શાવવા માટે તેમજ આપના આત્મીય શબ્દો અને સહાય તથા ઉદારતા માટે અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. સરકારનો આ ભાવ આપણા બંને દેશો વચ્ચેની મૈત્રી અને સંબંધોને મજબૂત કરશે અમે તેને ઘણું મહત્વ આપીએ છીએ.'

# બ્રિટનના સૌથી મોટા એરપોર્ટ ગ્રુપ પર સાયબર હુમલો: 87 લાખ ગ્રાહકોના ઈમેઈલ, ફોન નંબર અને અન્ય અંગત ડેટા લીક થયા

**લંડન, તા.28**

માન્ચેસ્ટર એરપોટ્ર્સ ગ્રુપ (MAG) - જે માન્ચેસ્ટર, લંડન સ્ટેન્સટેડ અને ઈસ્ટ મિડલેન્ડ્સ એરપોટ્ર્સનું સંચાલન કરે છે - તેને નિશાન બનાવીને કરવામાં આવેલા સાયબર હુમલામાં આશરે 8.7 મિલિયન (87 લાખ) મુસાફરોના અંગત ડેટા જાહેર થઈ ગયા છે.




આ ત્રણેય એરપોર્ટસે મળીને છેલ્લા એક વર્ષમાં 54 મિલિયન (5.4 કરોડ) મુસાફરોનું સંચાલન કર્યું હતું. 'ધ ગાર્ડિયન'ના એક રિપોર્ટ અનુસાર, આ સાયબર હુમલામાં પાર્કિંગ રેઝર્વેશન, પ્રીમિયમ લાઉન્જ એક્સેસ, ફાસ્ટ-ટ્રેક સિક્યોરિટી પાસ અને ટર્મિનલ Wi-Fi રજિસ્ટ્રેશન સંબંધિત રેકોર્ડ્સ સાથે સમાધાન થયું હતું. હુમલાખોરો દ્વારા મેળવવામાં આવેલી માહિતીમાં ગ્રાહકોના ઈમેઈલ એડ્રેસ, ટેલિફોન નંબર, પોસ્ટલ કોડ અને વાહનોના રજીસ્ટ્રેશન નંબરનો સમાવેશ થાય છે.

આ ગ્રુપે પુષ્ટિ કરી હતી કે જે ડેટાબેઝ સાથે છેડછાડ થઈ છે તેમાં નાણાકીય રેકોર્ડ્સ કે બેંકિંગ વિગતો સંગ્રહિત નહોતી. સાથે જ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સમગ્ર ઘટના દરમિયાન એવિએશન સિક્યોરિટી (વિમાન સુરક્ષા), મુસાફરોની ભૌતિક સુરક્ષા અને એરપોર્ટની દૈનિક કામગીરી સંપૂર્ણપણે અપ્રભાવિત રહી હતી.

અસરગ્રસ્ત મુસાફરોને મોકલવામાં આવેલી એક એડવાઈઝરીમાં, લંડન સ્ટેન્સટેડ એરપોર્ટે જનતાને સંભવિત ફિશિંગના પ્રયાસો સામે સતર્ક રહેવા વિનંતી કરી છે.

'અમે તમને વિનંતી કરીએ છીએ કે અમારા તરફથી હોવાનો દાવો કરતા કોઈ પણ અણધાર્યા ઈમેઈલ્સ, કોલ્સ અથવા ટેક્સ્ટ મેસેજ પ્રત્યે ખાસ સાવધ રહો. અમે ચુકવણી (પેમેન્ટ) કે બેંકિંગ માહિતી માંગવા માટે ક્યારેય પણ અણધારી રીતે તમારો સંપર્ક કરીશું નહીં. આનાથી થતી કોઈ પણ અગવડતા કે ચિંતા માટે અમે ક્ષમાપ્રાર્થી છીએ.'

MAG એ જણાવ્યું હતું કે તેમની ટેકનિકલ ટીમોએ સ્વતંત્ર સાયબર સિક્યોરિટી કન્સલ્ટન્ટ્સ સાથે મળીને ક્ષતિ (વલ્નરેબિલિટી)ને અલગ કરવા માટે તાત્કાલિક પગલાં લીધાં હતાં અને સાથે જ નિયમનકારી ઓથોરિટીઝને આ ઘટના અંગે રિપોર્ટ કર્યો હતો.

પ્રવક્તાના જણાવ્યા મુજબ, આ ગ્રુપ 'નિષ્ણાત સલાહકારો સાથે કામ કરી રહ્યું છે અને ગ્રાહકો તથા સિસ્ટમ્સનું રક્ષણ કરવા માટે યોગ્ય પગલાં લઈ રહ્યું છે.'

ગ્રુપે વધુમાં ઉમેર્યું હતું કે, 'અમે સંબંધિત ઓથોરિટીઝને જાણ કરી દીધી છે અને તેમની સાથે કામ કરી રહ્યા છીએ. કોઈ પણ સમયે મુસાફરોની સુરક્ષા કે એવિએશન સિક્યોરિટી સાથે સમાધાન થયું નથી. એરપોર્ટનું સંચાલન અપ્રભાવિત રહ્યું છે અને ગ્રાહક પાર્કિંગ સેવાઓ સામાન્ય રીતે ચાલુ છે. અમે ગ્રાહકોને આશ્વાસન આપવા માંગીએ છીએ કે માન્ચેસ્ટર એરપોર્ટ ગ્રુપ ગ્રાહકોની માહિતીની સુરક્ષાને અત્યંત ગંભીરતાથી લે છે અને આનાથી થયેલી કોઈ પણ અગવડતા કે ચિંતા માટે અમે માફી માંગીએ છીએ.'

દરમિયાન, ત્રણેય ટ્રાન્સપોર્ટ હબ પર ફ્લાઈટ શિડ્યુલ્સ, પેસેન્જર પ્રોસેસિંગ અને વહાન પાર્કિંગની સુવિધાઓ સામાન્ય રીતે કાર્યરત છે.

અહેવાલો મુજબ, ઈરાન સાથે જોડાયેલા હોવાની શંકા ધરાવતા હેકર્સે યુકેના પાવર જનરેશન ફેસિલિટીને નિશાન બનાવ્યું હતું, જેના કારણે નેશનલ ગ્રીડને નુકસાન પહોંચાડ્યા વિના ચાર દિવસ માટે કામગીરી અસ્થાયી રૂપે બંધ રહી હતી; તેના થોડા દિવસો બાદ જ આ સાયબર હુમલો સામે આવ્યો છે.

# નેપાળમાં પૂરથી અત્યાર સુધીમાં 579 લોકોનાં મોત: ગુમ થયેલા લોકોની સંખ્યા 1900ને પાર, તિબેટ બોર્ડર પર બનેલા તળાવથી હજુ પણ પૂરનો ખતરો

**તિબેટ, તા.26**

નેપાળમાં ભયાનક પૂરને કારણે અત્યાર સુધીમાં 579 લોકોનાં મોત થયા છે. જ્યારે, 1900થી વધુ લોકો હજુ પણ ગુમ છે. શુક્રવારે સાંજે સુધીના અપડેટ મુજબ, અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ અભિયાન ચાલુ છે.

તિબેટ બોર્ડરના ઉપરના વિસ્તારમાં બરફ અને ખડકોના કાટમાળથી બનેલા તળાવમાંથી હજુ પણ પૂરનો ખતરો યથાવત છે. આજે સવાર સુધીમાં તળાવમાં લગભગ 25 લાખ ક્યુબિક મીટર એટલે કે 2.5 અબજ લિટર પાણી જમા થઈ ગયું હતું. આ પછી નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અને બચાવ ટીમોને સાવચેત રહેવા અને નદી કિનારેથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.



પૂરને કારણે નેપાળમાં રસ્તાઓ, પુલ, ઘરો અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટને ભારે નુકસાન થયું છે. રાહત અને બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં ગુમ થયેલા લોકોની શોધ કરી રહી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નેપાળમાં પૂર વચ્ચે ચીનથી નેપાળ પહોંચેલા 149 ભારતીય નાગરિકોની યાદી જાહેર કરી છે. આ તમામ ભારતીયો આજે ચીનથી સુરક્ષિત રીતે નેપાળ પહોંચ્યા હતા.

ચીન તરફથી મળેલી માહિતી મુજબ ભોટેકોશી નદીમાં ફરી એકવાર પૂરનું પાણી વધી ગયું છે. નેપાળના પૂર અનુમાન વિભાગે ત્રિશૂલી નદીના કિનારે રહેતા લોકોને મુંગ્લિન સુધી અત્યંત સાવચેત રહેવા અને આગળના આદેશ સુધી સુરક્ષિત સ્થળોએ રહેવાની સલાહ આપી છે.

નેપાળ સરકારે ભોટેકોશી પૂર પછી વિદેશી નિષ્ણાતોની મદદ લેવાની મંજૂરી આપી દીધી છે. સરકારે પહેલાં આંતરરાષ્ટ્રીય બચાવ ટીમોને પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ ગુમ થયેલા વિદેશી નાગરિકોને લઈને વધતા દબાણ પછી હવે મર્યાદિત મદદ સ્વીકારવામાં આવી છે. ભારત, ચીન, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાની નિષ્ણાત ટીમો ટનલ બચાવ, DNA ટેસ્ટ અને ફોરેન્સિક તપાસમાં મદદ કરશે. નેપાળમાં DNA તપાસની ક્ષમતા મર્યાદિત છે.

રસુવા અને નુવાકોટના 14 હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પૂરથી પ્રભાવિત થયા છે. ઘણા પ્રોજેક્ટની સુરંગોમાં કર્મચારીઓ ફસાયા છે અથવા તેમનો સંપર્ક થઈ શક્યો નથી. વિદેશી નિષ્ણાતો આ લોકોને બહાર કાઢવામાં મદદ કરશે.

નેપાળ-ચીન સરહદના ઉપરના વિસ્તારમાં હિમપ્રપાતથી બનેલું તળાવ હજુ પણ પૂરનો ખતરો ઉભો કરી રહ્યું છે. કાઠમંડુ સ્થિત ચીની દૂતાવાસ અનુસાર, તળાવનું જળસ્તર ઘણું ઊંચું છે અને તેમાં ઓવરફ્લો શરૂ થઈ ગયો છે. તેના તૂટવાની આશંકા યથાવત છે.

દૂતાવાસના પ્રવક્તા અનુસાર, નેપાળ તરફ સરહદી નદીની ઉપરની ધારાની એક સહાયક નદીમાં બરફ અને ખડકોનો કાટમાળ પડવાથી નદીનો પ્રવાહ અટકી ગયો હતો. તેનાથી ભૂસ્ખલનથી બનેલું કુદરતી તળાવ તૈયાર થયું.

45 વર્ષના દાવા લામાની આંખો સામે થોડી જ મિનિટોમાં તેમનો આખો પરિવાર ઉજડી ગયો. બુધવારે સવારે લગભગ 9 વાગ્યે તેમણે જોરદાર અવાજ સાંભળ્યો અને હળવી હવા અનુભવી. તેના તરત જ પછી કાદવ અને પાણીની એક વિશાળ લહેર તિમુરે ગામમાં તેમના ઘર સાથે અથડાઈ.

પૂર પોતાના સાથે તેમનું ઘર, સામાન અને તેમની પત્નીને વહાવી ગયું. તેમની 7 અને 8 વર્ષની બંને દીકરીઓ પણ ગુમ છે.

રડતા લામાએ કહ્યું, 'તે બધા મરી ગયા અને હું બચી ગયો. હું ક્યાં સુધી તેમના પાછા ફરવાની આશા રાખતો રહીશ, મને ખબર નથી.'

સ્યાબ્રુબેસીમાં તૈનાત 41 વર્ષના પોલીસ અધિકારી રાજન ખત્રીને સવારે લગભગ 9:10 વાગ્યે ફોન પર પૂરની ચેતવણી મળી. પરંતુ ફોન મૂકતા જ તેજ લહેરો પોલીસ સ્ટેશનમાં ઘૂસી ગઈ.

પાણીના પ્રવાહે તેમને ઈમારતમાંથી બહાર ફેંકી દીધા અને તેઓ બેહોશ થઈ ગયા. ભાન આવ્યું ત્યારે ચારે તરફ ફક્ત કાટમાળ હતો.

ખત્રીએ જણાવ્યું, 'આ ફક્ત પાણી નહોતું. તેમાં મોટા-મોટા પથ્થરો, રેતી અને જાડો કાદવ હતો. થોડી જ સેકન્ડમાં ઘણા મીટર ઊંચી ઈમારતો પણ તેમાં સમાઈ ગઈ.' પોલીસ સ્ટેશનના સાત કર્મચારીઓમાંથી ફક્ત ત્રણ જીવતા બચ્યા છે, બાકી ગુમ છે.

17 વર્ષની સ્મૃતિ ઓઝા શાળાએ જવાની તૈયારી કરી રહી હતી, ત્યારે તેમને જોરદાર આંચકા અનુભવાયા. બહાર આવતા જ સામે પૂરની વિશાળ લહેરો હતી.

તેમણે કહ્યું, 'અમે સમયસર ઘરેથી નીકળી ગયા, પરંતુ કંઈપણ બચાવી શક્યા નહીં. મારી આંખો સામે બધું વહી ગયું. મને હજુ પણ વિશ્વાસ નથી થઈ રહ્યો.'

તિબેટમાં ભૂસ્ખલન પછી, ચીની બચાવ ટુકડી કાટમાળના મુખ્ય ભાગ સુધી પહોંચી ગઈ છે. અહીં જીવતા બચેલા લોકોની શોધ કરવામાં આવી રહી છે. ચીનની ફાયર એન્ડ રેસ્ક્યુ ફોર્સના 681 જવાનો અને 113 વાહનો રાહત અને બચાવ અભિયાનમાં તૈનાત કરવામાં આવ્યા છે.

પૂરમાં છત્તીસગઢ અંબિકાપુરનાં સિનિયર ભાજપ નેતા કરતા રામ ગુપ્તાની દીકરી ડો.મીના ગુપ્તા ગુમ થઈ ગયા છે. દુર્ઘટના સમયે તેઓ પોતાની ટીમ સાથે નેપાળ-તિબેટ સીમા પર સ્થિત ઈમિગ્રેશન સેન્ટરમાં હતા. ડો.મીના સાથે તેમના દળના બધા 80 લોકો પણ ગુમ હોવાનું જણાવાઈ રહ્યું છે. આ દળ કૈલાશ માનસરોવર યાત્રા પર ગયું હતું.

નેપાળમાં ભયાનક પૂર પછી ચીન તરફ લગભગ 400 ભારતીય નાગરિકો ફસાયેલા છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે આ બધાનો સંપર્ક થઈ ગયો છે અને બધા સુરક્ષિત છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલ અનુસાર, ભારતીય દૂતાવાસ બેઈજિંગમાં ફસાયેલા ભારતીયો, તેમના ટ્રાવેલ એજન્ટો અને ગ્રુપ લીડર્સના સંપર્કમાં છે. દૂતાવાસ તેમની વ્યવસ્થા કરી રહ્યું છે. રસ્તાઓ ખુલ્યા પછી આ ભારતીયોને સુરક્ષિત ભારત લાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

નેપાળ સરકારના જણાવ્યા અનુસાર, બચાવ અને રાહત અભિયાનમાં 13,295 સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં 7,250 નેપાળ પોલીસ, 4,200 નેપાળી સેના અને 1,845 આર્મ્ડ પોલીસ ફોર્સના જવાનોનો સમાવેશ થાય છે. સરકારના મતે, અત્યાર સુધીમાં 3,253 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

# ટ્રમ્પે કેનેડા સાથે જોડાયેલાં તળાવનું નામ બદલ્યું: 'લેક ઓન્ટારિયો' હવે 'લેક અમેરિકા' કહેવાશે

**વોશિંગ્ટન, તા.28**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે લેક ઓન્ટારિયોનું નામ બદલીને 'લેક અમેરિકા' કરવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા. આદેશ મુજબ, 30 દિવસમાં આ પ્રક્રિયા પૂર્ણ થશે અને ત્યારબાદ અમેરિકાના સરકારી નકશા અને રેકોર્ડમાં નવું નામ વાપરવામાં આવશે.

ટ્રમ્પે આ નિર્ણયની સરખામણી મેક્સિકોની ખાડીનું નામ બદલીને 'અમેરિકાની ખાડી' કરવા સાથે કરી. તેમણે મજાકમાં કહ્યું કે હવે અમેરિકા પાસે એક ખાડી અને એક તળાવ છે, કદાચ આગળ એટલાન્ટિક કે પ્રશાંત મહાસાગરનું નામ બદલવા વિશે પણ વિચારવું પડશે.

બીજી તરફ, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ લેક ઓન્ટારિયોનું નામ બદલવાના નિર્ણય પર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું- અમે જાણીએ છીએ કે અમેરિકા નામ બદલી રહ્યું છે, પરંતુ કેનેડિયન પણ જાણે છે કે હકીકતમાં તેનું નામ લેક ઓન્ટારિયો જ છે. પહેલા પણ, અત્યારે પણ અને હંમેશા. કેનેડા આ તળાવને લેક ઓન્ટારિયો જ કહેશે.

લેક ઓન્ટારિયો અમેરિકા અને કેનેડા વચ્ચે સ્થિત પાંચ મોટા તળાવોમાંથી એક છે. તેની એક તરફ ન્યૂયોર્ક અને બીજી તરફ કેનેડાનો ઓન્ટારિયો પ્રાંત છે. બંને દેશોની સરહદ પણ આ તળાવમાંથી પસાર થાય છે.

ટ્રમ્પે 25 ઓગસ્ટે પહેલીવાર લેક ઓન્ટારિયોનું નામ બદલવાની વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાનો કેનેડા સાથે વધુ વેપાર થવાની અપેક્ષા નથી, તેથી તળાવનું નામ બદલવા પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે. તેના બે દિવસ પછી તેમણે આ નિર્ણયને સત્તાવાર બનાવવા માટે આદેશ પર હસ્તાક્ષર કર્યા.

ટ્રમ્પે પોતાના આદેશમાં કહ્યું કે લેક ઓન્ટારિયો અમેરિકાની અર્થવ્યવસ્થા અને વારસાનો મહત્વનો ભાગ છે. તે વેપાર, જહાજવહન, સંરક્ષણ, કૃષિ અને ઊર્જા માટે મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે ગ્રેટ લેક્સના સંરક્ષણ પર અમેરિકાએ છેલ્લા 10 વર્ષમાં લગભગ 4 અબજ ડોલર એટલે કે 38 હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે.

નામ બદલવાનો નિર્ણય અમેરિકા અને કેનેડા વચ્ચે વધતા વેપારી તણાવ વચ્ચે આવ્યો છે. તાજેતરમાં અમેરિકાએ કેનેડાના લગભગ 20 અબજ ડોલર એટલે કે લગભગ 1.7 લાખ કરોડ રૂપિયાના સામાન પર 50% ટેરિફ લગાવવાનો નિર્ણય કર્યો છે.

તેના જવાબમાં કેનેડાએ પણ અમેરિકી સામાન પર તેટલો જ ટેરિફ લગાવવાની જાહેરાત કરી. ટ્રમ્પે કહ્યું કે વેપારના મામલે કેનેડા સાથે વ્યવહાર કરવો સૌથી મુશ્કેલ છે. તેમણે આરોપ લગાવ્યો કે કેનેડા અમેરિકા સાથે યોગ્ય વ્યવહાર કરતું નથી અને તેઓ કોઈપણ ભોગે આ સ્વીકારી શકે નહીં.

લેક ઑન્ટારિયોનું નામ



યુરોપિયન લોકોના અમેરિકા પહોંચ્યા તે પહેલાથી જ પ્રચલિત છે. આ નામ હ્યુરોન સમુદાયની ભાષાના એક શબ્દ પરથી ઉતરી આવ્યું છે, જેનો અર્થ 'ચમકતા પાણીનું સરોવર' એવો થાય છે. પાછળથી કેનેડાના ઑન્ટારિયો પ્રાંતનું નામ પણ આ જ સરોવરના નામ પરથી રાખવામાં આવ્યું.

જોકે, નામ બદલવા અંગે એક મહત્વની વાત છે. દુનિયાના આંતરરાષ્ટ્રીય સરોવરો અને જળક્ષેત્રોના નામ નક્કી કરનારી કોઈ એક વૈશ્વિક સંસ્થા નથી. અમેરિકા પોતાના સરકારી દસ્તાવેજો અને નકશામાં તેને 'લેક અમેરિકા' કહી શકે છે, પરંતુ કેનેડા પોતાની તરફથી જૂના નામ 'લેક ઑન્ટારિયો'નો ઉપયોગ ચાલુ રાખી શકે છે.

અમેરિકી સરકાર તેના સત્તાવાર દસ્તાવેજો, સરકારી નકશા અને રેકોર્ડમાં કોઈ સ્થળ માટે નવું નામ વાપરવાનો નિર્ણય કરી શકે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે અન્ય દેશો પણ તે નામ સ્વીકારવા માટે બંધાયેલા હશે.

લેક ઓન્ટારિયો અમેરિકા અને કેનેડા બંને સાથે જોડાયેલું છે. તેથી જો અમેરિકી સરકાર તેના દસ્તાવેજોમાં તેને 'લેક અમેરિકા' કહેવાનું શરૂ પણ કરી દે, તો કેનેડા તેના સરકારી રેકોર્ડમાં 'લેક ઓન્ટારિયો' નામ ચાલુ રાખી શકે છે. અન્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ અમેરિકી નામ આપમેળે અપનાવવા માટે બંધાયેલી નહીં હોય.

એટલે કે, નામ બદલવાથી તળાવની માલિકી હક બદલાશે નહીં. 'લેક અમેરિકા' નામનો ઉપયોગ કરવાથી તળાવનો કેનેડિયન ભાગ અમેરિકી ક્ષેત્ર બનશે નહીં.

ટ્રમ્પ માટે કોઈ જગ્યાનું નામ બદલવું નવું નથી. જાન્યુઆરી 2025માં તેમણે 'ગલ્ફ ઓફ મેક્સિકો'ને અમેરિકી સરકારી ઉપયોગ માટે 'ગલ્ફ ઓફ અમેરિકા' કરવાનું આદેશ આપ્યો હતો.

ત્યારબાદ અમેરિકી એજન્સીઓએ પોતાના રેકોર્ડ અને નકશામાં નવું નામ વાપરવાનું શરૂ કર્યું, પરંતુ મેક્સિકોએ તેને સ્વીકાર્યું નહીં. ત્યારે મેક્સિકોએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદાનો હવાલો આપતા કહ્યું હતું કે અમેરિકા પોતાના અધિકારક્ષેત્રના આધારે આખા ગલ્ફનું નામ એકલા બદલી શકતું નથી.

જોકે, લેક ઓન્ટારિયો અને ગલ્ફ ઓફ મેક્સિકોની કાનૂની સ્થિતિ અલગ છે. ગલ્ફ દરિયાઈ ક્ષેત્ર છે, જ્યારે લેક ઓન્ટારિયો અમેરિકા અને કેનેડા વચ્ચેનું એક સહિયારું સરોવર છે.

સૌથી મોટો વિવાદ ટેરિફને લઈને છે. અમેરિકાએ કેનેડાના લગભગ 20 અબજ ડોલરના સામાન પર 50% સુધીનો વધારાનો શુલ્ક લગાવ્યો છે. તેમાં દારૂ, ડેરી, ફર્નિચર, હોકી સાધનો અને અન્ય ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે. વાટાઘાટો તૂટ્યા પછી, કેનેડાએ પણ ડોલર-ફોર-ડોલર વળતો ટેરિફ લગાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રમ્પ ઘણી વખત કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય બનાવવાની વાત કહી ચૂક્યા છે. ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકા વેપારના મામલે કેનેડાને અબજો ડોલરનો ફાયદો પહોંચાડે છે. જો કેનેડા અમેરિકાનો ભાગ બની જાય, તો આ વ્યાપારી અસમાનતા અને ટેરિફ સંબંધિત વિવાદો આપમેળે સમાપ્ત થઈ જશે.

ટ્રમ્પે ઘણી વખત કેનેડાના તત્કાલીન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને કટાક્ષભર્યા સ્વરમાં 'ગવર્નર' કહીને સંબોધિત કર્યા હતા. કેનેડિયન નેતાઓ અને જનતાએ તેને પોતાની સાર્વભૌમત્વનું અપમાન માન્યું.

અમેરિકા અને કેનેડા વચ્ચે વધતી સરહદી સુરક્ષા ચિંતાઓ પણ મોટા વિવાદનું કારણ બની છે. ટ્રમ્પ પ્રશાસનનો આરોપ રહ્યો છે કે કેનેડાની ઉત્તરીય સરહદથી ગેરકાયદેસર પ્રવાસીઓની ઘૂસણખોરી અને ખતરનાક નશીલી દવાઓ (ખાસ કરીને ફેન્ટાનિલ) ની તસ્કરી અમેરિકામાં વધી રહી છે. અમેરિકાએ કેનેડા પાસેથી તેની સરહદો પર સઘન દેખરેખ અને કડક ઈમિગ્રેશન નીતિઓ લાગુ કરવાની માંગ કરી છે.

અમેરિકા લાંબા સમયથી કેનેડાની 'સપ્લાય મેનેજમેન્ટ' સિસ્ટમનો વિરોધ કરતું રહ્યું છે, જે કેનેડિયન ડેરી અને પોલ્ટ્રી (મરઘા પાલન) માર્કેટને વિદેશી સ્પર્ધાથી બચાવે છે. અમેરિકા ઈચ્છે છે કે કેનેડા તેના ડેરી બજારને અમેરિકી ખેડૂતો માટે સંપૂર્ણપણે ખોલે.

## તંત્રી લેખ

# મોદી કેબિનેટ વિસ્તારની તૈયારી

દિલ્હીમાં ચાલતી ચર્ચા પ્રમાણે થોડા દિવસોમાં જ મોદી મંત્રીમંડળમાં ફેરફાર થવા જઈ રહ્યા છે. નવા મંત્રી મંડળમાં યુવાનો અને મહિલાઓને વધુ સ્થાન મળશે. જેન ઝીના આંદોલન પછી ચોંકી ગયેલા વડાપ્રધાને હવે વધુમાં વધુ યુવાનોને આગળ કરવાનો નિર્ણય લીધો છે. મંત્રી મંડળના વયોવૃદ્ધ મંત્રીઓની સંખ્યા ઘટાડવામાં આવશે. મહિલા મંત્રીઓની સંખ્યા ૭ને બદલે ૧૨ કરવામાં આવશે અને નવા મંત્રીઓનો સમાવેશ થશે તો કુલ મંત્રીઓની સંખ્યા ૭૫ જેટલી થઈ શકે છે. ૫૦થી ઓછી ઉંમરના મંત્રીઓની ટકાવારી ૨૪ ટકા વધારીને ૪૦ ટકા જેટલી કરવામાં આવી શકે છે. વડાપ્રધાન પશ્ચિમ એશિયાના પ્રવાસેથી ૨ સપ્ટેમ્બરે પરત ફર્યા બાદ મંત્રીમંડળને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. જે રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે એ રાજ્યોને વધુ પ્રતિનિધિત્વ મળે એવી પણ શક્યતા છે.

રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના વડા મોહન ભાગવત હમણા વિદેશ પ્રવાસે છે. ન્યૂયોર્ક શહેરના મેયર જોહરાન મમદાની મોહન ભાગવતનો વિરોધ કરી રહ્યા છે. એમણે કહ્યું હતું કે ન્યૂયોર્કના મેડિસન સ્કવેર ગાર્ડન (એમએસજી) ખાતે મોહન ભાગવતના કાર્યક્રમનું સમર્થન તેઓ કરતા નથી. 'યુનિવર્સલ વન નેશન સેલિબ્રેશન' નામના આયોજીત આ કાર્યક્રમનું આયોજન અમેરિકાના હિન્દુઝ ફોર એંગેજમેન્ટ એન્ડ ડાયલોગ કરી રહ્યું છે. લગભગ પાંચ હજાર અમેરિકન ભારતીયો આ કાર્યક્રમમાં હાજર રહેવાના હોવાની ગણતરી છે. કાર્યક્રમની વિરુદ્ધમાં ડાબેરી સમુદાય વિરોધ કરી રહ્યો છે અને આ કાર્યક્રમને રદ કરવાની માંગણી કરે છે. મમદાની ન્યૂયોર્કના પહેલા મુસ્લિમ મેયર છે. મમદાનીના નિવેદનનો વિરોધ પણ મૂળ ભારતીય પરંતુ અમેરિકામાં સ્થાયી થયેલા હિન્દુઓ કરી રહ્યા છે. બીજી તરફ ડાબેરી વિચારસરણી ધરાવનારાઓને આ કાર્યક્રમ સામે વાંધો છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષો તૈયારી કરી રહ્યા છે. યુવા પછી હવે મહિલા મતદારોને આકર્ષવા માટે પક્ષો તૈયારી કરે છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૬૦ વર્ષથી વધુની ઉંમરવાળી મહિલાઓને આજીવન મફત બસ સેવા આપવાની જાહેરાત કરી છે. આના જવાબમાં સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવએ 'સ્ત્રી સન્માન સમૃદ્ધિ યોજના' હેઠળ મહિલાઓને વર્ષે ૪૦ હજાર રૂપિયા આપવાનું વચન આપ્યું છે. ડિમ્પલ યાદવ ફ્રન્ટફૂટ પર આવીને રમ્યા પછી હવે ભાજપે પણ પોતાની રણનીતિમાં ફેરફાર કર્યો છે. ભાજપે પોતાની મહિલાઓની પૂરી ફોજ મેદાનમાં ઉતારી દીધી છે. આ મહિલા નેતાઓ સમાજવાદી પાર્ટીને મહિલા વિરોધી ગણાવી રહી છે. ડિમ્પલ યાદવ અખિલેશ યાદવના પત્ની અને મેઈનપુરીથી ચૂંટાયેલા સાંસદ છે.

લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)એ નવી રાષ્ટ્રીય કાર્યકારીણીની જાહેરાત કરી છે. પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ ચિરાગ પાસવાનના કહેવાથી સંગઠનમાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે. નવી કાર્યકારીણીમાં કેટલાક નેતાઓને અગત્યની જવાબદારી સોંપવામાં આવી છે. સંગઠન સ્તરે પણ ફેરફાર થયો છે. બિહારમાં સુરેન્દ્ર વિવેક અને ઝારખંડમાં જનાર્દન પાસવાનને નવા પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. ચિરાગ પાસવાન પોતે પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ અને કેન્દ્રીય સંસદીય બોર્ડના અધ્યક્ષ બની રહેશે. અબ્દુલ ખાલીકને ફરીથી રાષ્ટ્રીય મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે. રાજુ તિવારીને બિહારના પ્રદેશ પ્રમુખ તરીકે દુર કરવામાં આવ્યા છે. એમની જગ્યાએ સુરેન્દ્ર વિવેકને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. સુરેન્દ્ર વિવેક ચિરાગ પાસવાનના જમણા હાથ ગણાય છે. સુરેન્દ્ર વિવેક ૨૦૨૫ના વર્ષમાં સાહેબપુર કમાલસીટ પરથી વિધાનસભાની ચૂંટણી લડયા હતા ત્યારે ૧૫ હજારથી વધુ મતથી ચૂંટણી હારી ગયા હતા. ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ના વર્ષમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. આ માટે અત્યારથી જ રાજકીય સમીકરણો ગોઠવાઈ રહ્યા છે. સૌથી વધુ ચર્ચા બદાયુ જિલ્લાની સહસવાન વિધાનસભા બેઠકની થઈ રહી છે. ઉત્તર પ્રદેશમાં કુલ ૭૫ જિલ્લા છે.

**તાજેતરની ઘટનાએ ભારતના જૂના પ્રશ્નને ફરી સામે લાવી દીધો છે કે, જ્યારે એશિયાની સૌથી શક્તિશાળી નદીઓ અને સૌથી મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ઉપલા વિસ્તારોમાં અને વિશ્વના સૌથી સંવેદનશીલ તથા ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં સ્થિત હોય ત્યારે શું થશે. નેપાળમાં આવેલું ભયાનક પૂર કદાચ આ સવાલનો જ જવાબ પણ છે : ચીનના કેટલાક મેગા પ્રોજેક્ટ્સ એશિયાની ઇકોલોજી માટે કેટલો મોટો ખતરો બની શકે છે. પર્યાવરણીય દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું કેટલું મોટું જોખમ હોઈ શકે છે**

# ચીને હિમાલયમાં કરેલા અખતરા બાકીના દેશોને નડી રહ્યા છે

## ચીને ડેમ, રેલવે લાઇન, હાઇડ્રોપાવર સ્ટેશનો બનાવવા કુદરત સાથે જે ચેડાં કર્યાં તે એશિયાના અન્ય દેશોને ભોગવવાના આવ્યા

તાજેતરની ઘટનાએ ભારતના જૂના પ્રશ્નને ફરી સામે લાવી દીધો છે કે, જ્યારે એશિયાની સૌથી શક્તિશાળી નદીઓ અને સૌથી મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ઉપલા વિસ્તારોમાં અને વિશ્વના સૌથી સંવેદનશીલ તથા ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં સ્થિત હોય ત્યારે શું થશે. નેપાળમાં આવેલું ભયાનક પૂર કદાચ આ સવાલનો જ જવાબ પણ છે : ચીનના કેટલાક મેગા પ્રોજેક્ટ્સ એશિયાની ઈકોલોજી માટે કેટલો મોટો ખતરો બની શકે છે. પર્યાવરણીય દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું કેટલું મોટું જોખમ હોઈ શકે છે. ચીને આવા અનેક પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે. તેણે હિમાલયના એક વિશાળ પટ્ટાને કોરી ખાધો છે અને હવે બાકીના દેશો તેનું પરિણામ ભોગવી રહ્યા છે : ચીનના આ મેગા પ્રોજેક્ટ્સ અને કુદરત સાથેના ચેડાંની વાત કરીએ તો તેમાં બ્રહ્મપુત્રા પરનો મેગા ડેમ પહેલું મોટું ઉદાહરણ છે.

નેપાળમાં આવેલા જળપ્રલયે અનેક સવાલો ઊભા કર્યા છે. નેપાળ અને તિબેટની સરહદ પર સર્જાયેલી આ હોનારતની પ્રાથમિક તપાસમાં તેને ભૂકંપની સાથે ગ્લેશિયર બર્સ્ટ અને બરફના એક મોટા પહાડના ભૂસ્ખલન લેન્ડસ્લાઈડ સાથે જોડવામાં આવી છે. આ વિનાશક આપત્તીએ ચીનના ડેમ, રેલવે અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ પર પણ પ્રશ્નાર્થ મુકી દીધો છે. નેપાળની આ આપત્તિએ યાદ અપાવી દીધું છે કે પર્યાવરણીય દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું કેટલું મોટું જોખમ હોઈ શકે છે. ચીને આવા અનેક પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે. તેણે હિમાલયના એક વિશાળ પટ્ટાને કોરી ખાધો છે અને હવે બાકીના દેશો તેનું પરિણામ ભોગવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, નેપાળની ભોટેકોશી નદી પાસે સર્જાયેલી હોનારતે એ બાબત પર ફરીથી પ્રકાશ પાડયો છે કે ચીનના કેટલાક મેગા પ્રોજેક્ટ્સ એશિયાની ઈકોલોજી માટે કેટલો મોટો ખતરો બની શકે છે. તાજેતરની ઘટનાએ ભારતના જૂના પ્રશ્નને ફરી સામે લાવી દીધો છે કે, જ્યારે એશિયાની સૌથી શક્તિશાળી નદીઓ અને સૌથી મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ઉપલા વિસ્તારોમાં અને વિશ્વના સૌથી સંવેદનશીલ તથા ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં સ્થિત હોય ત્યારે શું થશે. નેપાળમાં આવેલું ભયાનક પૂર કદાચ આ સવાનો જ જવાબ પણ છે. જાણકારોના મતે હાલમાં પણ ચીન આ વિસ્તારોમાં આવા અનેક પ્રોજેક્ટ્સ તૈયાર કરી રહ્યું છે. તિબેટમાં ચીનની જળવિદ્યુત યોજનાઓ પર ફરીથી સવાલો ઊભા થયા છે, ખાસ કરીને યારલુંગ ત્સાંગપો પર પ્રસ્તાવિત પ્રોજેક્ટ ઉપર મોટો વિવાદ છે. આ જ નદી ભારતમાં પ્રવેશ્યા પછી સિઆંગ અને ત્યારબાદ બ્રહ્મપુત્રા તરીકે ઓળખાય છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં ચીને આવા ઘણા પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. આ પ્રોજેક્ટ્સ વીજળી, પરિવહન, જળ સુરક્ષા અને આર્થિક વિકાસનું વચન આપે છે, પરંતુ તેના નકારાત્મક પ્રભાવો અંગેની ચેતવણીઓનો પણ સામનો કરવો પડયો છે.

મહત્ત્વની વાત એ છે કે, ચીનના આ મેગા પ્રોજેક્ટ્સ અને કુદરત સાથેના ચેડાંની વાત કરીએ તો તેમાં બ્રહ્મપુત્રા પરનો મેગા ડેમ પહેલું મોટું ઉદાહરણ છે. ચીને જુલાઈ ૨૦૨૫માં યારલુંગ ત્સાંગપો હાઈડ્રોપાવર પ્રોજેક્ટનું નિર્માણ સત્તાવાર રીતે શરૂ કર્યું હતું. બેઈજિંગનું કહેવું છે કે આ પ્રોજેક્ટમાં પાંચ કેસ્કેડ હાઈડ્રોપાવર સ્ટેશન હશે, જેના પર અંદાજે ૧.૨ ટ્રિલિયન યુઆનનું રોકાણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ યારલુંગ ત્સાંગપોના નીચાણવાળા વિસ્તારોમાં, ભારતની સરહદ નજીક પ્લાન કરવામાં આવ્યો છે, જ્યાં આ નદી હિમાલયમાંથી પસાર થઈને અરુણાચલ પ્રદેશમાં સિઆંગ તરીકે ભારતમાં પ્રવેશે છે અને આખરે બ્રહ્મપુત્રા બનીને આગળ વહે છે. હિમાલયની ખીણમાંથી પસાર થતી વખતે આ નદી ખૂબ ઊંચાઈ પરથી નીચે પડે છે, જેનાથી



વિશાળ હાઈડ્રોપાવર ક્ષમતા મળે છે. તેની પાછળ જોખમો પણ એટલા જ મોટા છે. આ પ્રોજેક્ટ ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના ટકરાવથી બનેલા ક્ષેત્રમાં સ્થિત છે. હિમાલયના આ ભાગમાં ભૂકંપ, ભૂસ્ખલન અને ખડકોનું ખસવું સામાન્ય બાબત છે. તેને એક 'ટાઈમ બોમ્બ' સમાન ગણી શકાય. નેપાળની તાજેતરની હોનારત પછી આ ચિંતાને અવગણવી હવે વધુ મુશ્કેલ બની ગઈ છે. ચીનના સરકારી ભૂવૈજ્ઞાનિક સર્વે સાથે જોડાયેલા ભૂસ્તરશાઓના અભ્યાસમાં મેડોગ હાઈડ્રોપાવર ક્ષેત્ર હેઠળ સક્રિય ફોલ્ટ હોવાનું જણાયું હતું. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો કોઈ મોટો ભૂકંપ આવે, તો ડેમ પોતે સુરક્ષિત રહેવા છતાં ભારે ભૂસ્ખલન અને કાટમાળના પ્રવાહનું કારણ બની શકે છે. તેથી ભારત માટે ચિંતા માત્ર એ વારંવાર કરાતા દાવાઓ સુધી સીમિત નથી કે ચીન બ્રહ્મપુત્રાનું પાણી રોકી શકે છે. તેનાથી પણ વધુ ગંભીર પ્રશ્નો પાણીના પ્રવાહથી લઈને સેડિમેન્ટ, પર્યાવરણીય ફેરફારો, આપત્તિ વ્યવસ્થાપનની તૈયારી અને ઉપલા વિસ્તારોમાં થતી પ્રવૃત્તિઓની રીઅલ-ટાઈમ માહિતી મેળવવા સાથે જોડાયેલા છે. આ જ કારણ છે કે ભોટેકોશીની આપત્તિ બ્રહ્મપુત્રા પર ચાલી રહેલી ચર્ચાના કેન્દ્રબિંદુમાં આવી ગઈ છે.

ગંભીર બાબત એ છે કે, તિબેટમાં ચીનની મહત્ત્વાકાંક્ષાઓ માત્ર ડેમ પૂરતી સીમિત નથી. સિચુઆન-તિબેટ રેલવે દેશના સૌથી મુશ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પૈકીનો એક છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં ચીનના નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મ કમિશન (શઘઈભ)એ યાઆન-લિનઝી સેક્શનને મંજૂરી આપી હતી, જેનો ખર્ચ ૩૧૯.૮ બિલિયન યુઆન અંદાજવામાં આવ્યો હતો. આ લાઈન ૨૬ સ્ટેશનો સાથે ૧,૦૧૧ કિલોમીટર લાંબી હશે. જોકે, આ બાંધકામ ભૂકંપ ઝોનમાંથી પસાર થાય છે. ચીનના પોતાના અધિકારીઓ પણ સ્વીકારે છે કે આ એક અસાધારણ એન્જિનિયરિંગ પડકાર છે. આ રેલવે વિશ્વના સૌથી દુર્ગમ વિસ્તારોમાંથી પસાર થાય છે, જેના માટે મોટા પાયે પુલ, ટનલ અને મોટાપાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર પડે છે. આ પ્રોજેક્ટ માટે સેંકડો કિલોમીટરના કામચલાઉ બાંધકામ માર્ગો અને હજારો કિલોમીટરની વીજળી લાઈનોની પણ જરૂર છે.

મુખ્ય સમસ્યા તેની જિયોલોજીમાં છે. તિબેટનો ઉચ્ચપ્રદેશ તીવ્ર ટેક્ટોનિક પ્રવૃત્તિ, ઊંચા પર્વતો, થીજી ગયેલી જમીન, ભૂસ્ખલન અને અત્યંત ખરાબ હવામાન માટે જાણીતો છે. આવા વિસ્તારમાંથી રેલવે લઈ જવાનો અર્થ એ છે કે એન્જિનિયરોએ માત્ર ભૂકંપ માટે જ તૈયાર રહેવું પડશે એટલું નહીં, પરંતુ એ શક્યતાનો પણ સામનો કરવો પડશે કે એક ભૂકંપ ખડકો ખસવાની, ભૂસ્ખલન અને કાટમાળ તૂટી પડવાનું ચેઈન રિએક્શન શરૂ કરી શકે છે. આ જ કારણ છે કે ચીને જિયોલોજિકલ સર્વે અને બાંધકામ સાથે જોડાયેલી સુરક્ષા પર અત્યંત ભાર મૂકવો પડયો છે. તેના રાષ્ટ્રીય વિકાસ અને સુધારણા આયોગે ખાસ કરીને ઊંડા ભૂવૈજ્ઞાનિક સંશોધન અને બાંધકામની ગુણવત્તા, સુરક્ષા તથા ઈકોલોજીકલ સંરક્ષણની દેખરેખ વધુ મજબૂત કરવાની અપીલ કરી છે.

બીજી તરફ સિચુઆન અને યુન્નાન વચ્ચે જિનશા નદી પર સ્થિત બૈહેતનની સ્થાપિત ક્ષમતા ૧૬ મિલિયન કિલોવોટ સુધીની છે, જે થ્રી ગોર્જિસ પછી તેને વિશ્વનું બીજું સૌથી મોટું હાઈડ્રોપાવર સ્ટેશન બનાવે છે. તેના ૧૬ ઉત્પાદન એકમોમાંથી દરેકની ક્ષમતા ૧ મિલિયન કિલોવોટ સુધીની છે. પરંતુ વિશાળ જળાશયો સાથે જિયોલોજિકલ જોખમો પણ જોડાયેલા હોય છે. આ જળાશયનો અભ્યાસ કરનારા વૈજ્ઞાનિકોએ ડેમની પાછળ એકઠા થયેલા પાણીના ભારે જથ્થાને કારણે પેદા થતા તણાવ અને દબાણના ફેરફારોથી ભૂકંપની શક્યતાઓની તપાસ કરી છે. આ પ્રોજેક્ટ ૩૦ અબજ ડોલરનો છે. ભૂસ્ખલનને લગતા દસ્તાવેજી પુરાવા પણ ઉપલબ્ધ છે. ખાસ કરીને ૨૦૨૩માં બૈહેતન પર કરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે જળાશયમાં પાણીનું સ્તર ૧૫૦ મીટર વધતાં ભૂસ્ખલન માટે સંવેદનશીલ વિસ્તારનો વ્યાપ ૧૪.૨૬ ચોરસ કિલોમીટર વધી ગયો હતો. આ જળાશયમાં એપ્રિલ ૨૦૨૧માં પાણી ભરવાનું શરૂ થયું હતું અને ઓક્ટોબર સુધીમાં પાણીનું સ્તર લગભગ ૬૬૦ મીટરથી વધીને ૮૧૨ મીટર સુધી પહોંચી ગયું હતું.

ચીનના યુન્નાનમાં ટાઇગર લીપિંગ ગોર્જ એવી ડેમ યોજના છે જે વારંવાર ચર્ચામાં આવે છે. તેના પર પ્રસ્તાવિત હાઈડ્રોપાવર સ્ટેશન વર્ષોના વિવાદ બાદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. આ પ્રોજેક્ટ યાંગ્ત્ઝી નદીના ઉપલા વિસ્તારો એટલે કે જિનશા નદી પર ડેમની શ્રેણી વિકસાવવાની વિશાળ યોજનાનો એક ભાગ છે. વિવેચકોએ ભૂસ્ખલન, ભૂકંપ, પર્યાવરણીય વિનાશ અને સમુદાયોના વિસ્થાપન અંગે ચિંતા વ્યક્ત કરી છે. ચીની ભૂસ્તરશાસ્ત્રી ફાન જિયાઓએ તર્ક આપ્યો હતો કે આ પ્રોજેક્ટે ગંભીર ભૂસ્તરશાસ્ત્રીય, પર્યાવરણીય અને સામાજિક ચિંતાઓ ઊભી કરી છે. તેમાં એ પણ નોંધવામાં આવ્યું હતું કે પ્રારંભિક અભ્યાસ ચોક્કસપણે વિચારણા હેઠળ હતો, તેમ છતાં લોંગપાનને ચીનના સત્તાવાર બાંધકામ પ્રોજેક્ટ તરીકે સામેલ કરવામાં આવ્યો નહોતો.

દક્ષિણથી ઉત્તર તરફ પાણી વાળવાનો પ્રોજેક્ટ એ વાતનું સૌથી મોટું ઉદાહરણ છે કે ચીન દેશની કુદરતી જળ ભૂગોળને મૂળભૂત રીતે બદલવા માંગે છે. તેના મિડલ રૂટ પર સત્તાવાર રીતે ડિસેમ્બર ૨૦૦૩માં બાંધકામ શરૂ થયું હતું અને તે ડિસેમ્બર ૨૦૧૪માં ખુલ્લો મૂકાયો હતો.

આ વિસ્તૃત પ્રોજેક્ટ ચીનના વધુ પાણી ધરાવતા દક્ષિણ ભાગમાંથી જળસંકટનો સામનો કરી રહેલા ઉત્તર તરફ દર વર્ષે લગભગ ૪૫ ઘન કિલોમીટર પાણી લઈ જવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આનો આર્થિક ખર્ચ ખૂબ જ ઊંચો છે. ચીનનો સત્તાવાર આંકડો લગભગ ૬૨ અબજ ડોલર છે, જ્યારે અન્ય અંદાજો અનુસાર પૂર્ણ થયેલી લાઈનોનો ખર્ચ ૭૯.૪ અબજ ડોલર છે. આ અંદાજમાં જળાશયના વિસ્તરણ અને નહેર નિર્માણથી પ્રભાવિત લાખો લોકોને પુનર્વસન કરવાનો ખર્ચ પણ સામેલ છે. મહત્ત્વની વાત એ છે કે, ચીને એશિયામાં પોતાનો દબદબો બનાવવા માટે પોતાની સરહદે આવેલા અને ખાસ કરીને હિમાલય ક્ષેત્રમાં તેની સાથે સરહદે જોડાયેલા દેશો માટે કુદરતી આપત્તીઓનું જોખમ સર્જી કાઢ્યું છે. ચીને પોતાની ઘેલછા અને અન્ય દેશો પચાવી પાડવાની લાલસાના ભાગરૂપે આ પ્રદેશોમાં વિવિધ મેગા પ્રોજેક્ટ ઊભા કર્યા હોવાની ચર્ચા છે. તેને આ પ્રોજેક્ટથી મોટા લાભ થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થશે પણ તેની સાથે સાથે અહીંયા જે સ્તરે કુદરતી હોનારતો આવશે, પૂર આવશે કે ડેમ તૂટશે કે પછી ભૂકંપ આવશે ત્યારે તિબેટ, નેપાળ, ભારત તમામની સ્થિતિ અત્યંત કફોડી થઈ જશે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : કૈલાસના યોગેશ્વર સદાશિવ અને જગત કલ્યાણાર્થે થયેલ કામદહન લીલા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

નેપાળમાં ગત બુધવારે અચાનક ભયાનક જળ પ્રલય. શ્રાવણના પવિત્ર માસમાં કૈલાસ માનસરોવર નજીક ચીનની સરહદે જે કુદરતી કે માનવ ક્ષતિના કારણે જળ પ્રલય થયો તેને સૌ કોઈના હૃદયને હચમાચવી નાખ્યા છે ત્યારે આજે આપણે શિવ મહિમામાં જોઈએ તો

શિવ એ કોઈ વ્યક્તિ નથી,શિવ એક તત્વ છે. શિવ એટલે જે કલ્યાણકારી છે, જે મંગલમય છે. જે શૂન્ય પણ છે અને સંપૂર્ણ પણ છે. પુરાણો કહે છે કે ભગવાન સદાશિવ અત્યારે કૈલાસ પર બિરાજે છે. આ કૈલાસ ક્યાં છે? માત્ર હિમાલયનું શિખર નથી. આપણા શરીરમાં સહસ્ત્રાર ચક્ર એ જ સાચો કૈલાસ છે. જ્યાં કોઈ વિચાર નથી, કોઈ વિકાર નથી, માત્ર શુદ્ધ ચૈતન્ય છે. ત્યાં સદાશિવ ધ્યાનસ્થ છે.અને ત્યાં જ આવે છે શક્તિ. હિમવાન અને મેનાવતીની પુત્રી પાર્વતી. હિમવાન એટલે સ્થિર બુદ્ધિ, મેનાવતી એટલે સ્નેહાળ મન. જ્યારે બુદ્ધિ સ્થિર અને મન પવિત્ર બને ત્યારે જ ભક્તિરૂપી પાર્વતીનો જન્મ થાય છે. આ પાર્વતી કોઈ સામાન્ય સ્ત્રી નથી. તે પૂર્વજન્મના ઉમા છે, સતી છે, જેમણે દક્ષયજ્ઞમાં પોતાના પતિ શિવના અનાદરથી વ્યથિત થઈને યોગાગ્નિથી દેહત્યાગ કર્યો હતો. આ કથા આપણને શીખવે છે કે જ્યાં પ્રેમમાં અહંકારનો યજ્ઞ થાય, જ્યાં શિવનું અપમાન થાય, ત્યાં સતી જેવી પવિત્ર શક્તિ ટકી શકતી નથી.હવે તે જ શક્તિ ફરી પાર્વતી બનીને આવી છે.તે પોતાનીસખીઓ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે નિત્ય શિવની સેવા-પૂજા-અર્ચન કરી રહી છે. પણ શિવ ધ્યાનમાંથી જાગતા નથી. કારણ કે શિવ જિતેન્દ્રિય છે, મનોનિગ્રહ યુક્ત છે.આ અધ્યાત્મનો સૌથી ગહન સંકેત છે. જ્યાં સુધી જીવ સંપૂર્ણપણે અંતર્મુખ નથી થતો, ત્યાં સુધી શિવ તત્વ પ્રગટ થતું નથી. પાર્વતીની સેવા એ જીવની સાધના છે, પણ સાધના ત્યારે જ ફળે જ્યારે ગુરુકૃપા કે દૈવી સંકલ્પ થાય.

કથામાં તારકાસુરનું પાત્ર આવે છે. બ્રહ્માજી પાસેથી અજેય હોવાનું વરદાન મેળવીને તેણે સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ એટલે કે આપણા મન, બુદ્ધિ અને ચિત્ત પર કબજો કરી લીધો છે. તારકાસુર એટલે શું? 'તારક' એટલે તારનારો, પણ અહીં તે વિપરીત અર્થમાં છે. જે તારે છે તે મારે પણ છે. આ અસુર એ બીજું કંઈ નહીં પણ આપણો અહંકાર છે. બ્રહ્મા એટલે સર્જન શક્તિ, આપણી કામનાઓ. આપણે જ વરદાન માંગીએ છીએ કે અમને કોઈ હરાવી ન શકે, અમને મૃત્યુ ન આવે. આ વરદાન જ આપણને અસુર બનાવે છે.

બ્રહ્માજી તારકાસુરને સમજાવે છે, 'મેં તને નાનકડું વરદાન આપ્યું હતું, સ્વર્ગનું રાજ નથી આપ્યું.'આ કેટલી મોટી વાત છે!પરમાત્મા આપણને શક્તિ આપે છે જીવન જીવવા માટે,પણ આપણે તે શક્તિ થી આખા વિશ્વ પર રાજ કરવા નીકળી પડીએ છીએ.ત્યારે દેવતા ઓ એટલે કે આપણી અંદરની સદવૃત્તિઓ દુઃખી થાય છે, સ્વર્ગ ખાલી થઈ જાય છે, એટલે કે મનમાં શાંતિ રહેતી નથી.

દેવતાઓએ યુદ્ધ કર્યું. વરુણનું પાશ તૂટી ગયું, વિષ્ણુનું સુદર્શન ચક્ર પણ કુંઠિત થઈ ગયું.આનો અર્થ એ છે કે અહંકાર રૂપી તારકાસુરને માત્ર જળ થી એટલે કે કર્મકાંડથી કે બાહ્ય ઉપદેશરૂપી ચક્રથી મારી શકાતો નથી.તેને મારવા માટે શિવપુત્ર જોઈએ.એટલેકે શિવ અને શક્તિ ના મિલનથી ઉત્પન્ન થયેલું જ્ઞાન. જ્યારે શિવ એટલે શુદ્ધ ચેતના અને પાર્વતી એટલે પવિત્ર ભક્તિનું મિલન થાય ત્યારે જે કાર્તિકેય એટલે કે વિવેકરૂપી પુત્ર જન્મે છે, તે જ અહંકારનો નાશ કરી શકે છે.

*કામદેવની યોજના ભક્તિ જ્યારે પ્રેમ બને આ માટે દેવતાઓએ યોજના બનાવી. ધ્યાનસ્થ શિવને જગાડવા કામદેવને બોલાવ્યા. અહીં કામદેવ એટલે વાસના નથી, કામદેવ એટલે શુભેચ્છા, પ્રેમનો સંકલ્પ. ઈન્દ્ર કહે છે કે મોટા મોટા તપસ્વીઓનું તપ પણ કામ ભંગ કરે છે, તો શિવનું ધ્યાન પણ તે જ તોડી શકે.આ પ્રસંગનું અધ્યાત્મ રહસ્ય અદભૂત છે.શિવને જગાડવા માટે વસંતઋતુ આવી.સુગંધી વાયુ વહેવા લાગ્યો,કોયલ ટહુકવા લાગી. આ બાહ્ય શૃંગાર નથી,આ અંતઃ કરણમાં પ્રેમના પ્રગટવાની નિશાની છે જ્યારે હૃદયમાં ભક્તિ પરિપક્વ થાય છે, ત્યારે વૈરાગ્ય પણ પ્રેમમાં પરિવર્તિત થાય છે. શિવ વૈરાગ્ય છે, પાર્વતી અનુરાગ છે. બંનેનો સંયોગ જ સૃષ્ટિનું કલ્યાણ છે.

કામદેવ રતિ સાથે આવે છે.રતિ એટલે અનુરાગ, પ્રેમમાં રસ. વસંત એટલે નવીનતા. દેવતાઓની પ્રાર્થના છે કે હે પ્રભુ,તમે યોગી મટીને ભોગી નહીં,પણ યોગમાંથી જગત કલ્યાણ માટે ગૃહસ્થી બનો. એકલા રહેવાથી મોક્ષ મળે,પણ લગ્ન કરવાથી લોકોને તારનારો પુત્ર મળે.

અહીં એક ચેતવણી પણ છે.કામદેવ શિવને જગાડવા જાય છે,પણ શિવ ત્રીજું નેત્ર ખોલીને તેને ભસ્મ કરે છે. આનો અર્થ એ છે કે શિવને વાસના થી જીતી શકાતો નથી. શિવમાં કામ જાગે છે તો તે જગત કલ્યાણ માટે, વાસના માટે નહીં.જો કામ અપવિત્ર હેતુથી શિવને સ્પર્શે તો તે ભસ્મ થઈ જાય છે.કામ શિવથી મોટોનથી શિવ જ કામને પવિત્ર કરે છે.તેથીજ શિવ મહિમા એ છે કે તે ધ્યાનમાં પણ છે અને સંસારમાં પણ છે. તે સ્મશાનમાં પણ છે અને કૈલાસમાં પણ છે.તે યોગી છે અને પાર્વતીના પતિ પણ છે. તે અજન્મા છે છતાં કાર્તિકેય અને ગણેશના પિતા છે.

આપણા જીવનમાં પણ જ્યારે તારકાસુર જેવો અહંકાર વધી જાય,જ્યારે સદવૃત્તિઓ સ્વર્ગ છોડી દે,ત્યારે સમજવું કે હવે શિવ- પાર્વતીના મિલનની એટલે કે જ્ઞાન અને ભક્તિના સંગમની જરૂર છે. માત્ર પૂજા-અર્ચનથી નહીં,પણ પ્રેમ અને સમર્પણથી શિવને રીઝવવા પડશે. ત્યારે જ અંદરનો તારકાસુર મરશે અને મનના શોણિતપુરમાં ફરી શાંતિનું રાજ સ્થપાશે.એ જ સાચો શિવ મહિમા છે.

# મૃત્યુંજય મંત્રનો જાપ ભોગ અને દેહ આસક્તિ છોડાવી મૃત્યુ તરફ સહજ સન્મુખ કરે છે

હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ. ભક્તિનાં નામે વૈરાગ્ય ના નામે સજ્જન હોવાનો જીવ લાખ દાવો કરે તો પણ એમાં દંભની અમુક માત્રા રહી જ જાય છે અને એ જ કળિયુગની પ્રભાવકતા! અને એટલે જ શિવપુરાણમાં કળિયુગની વ્યાપકતાની વાત કરવામાં આવી છે! પરંતુ કેટલુંય વિશ્લેષણ કરીને જાગૃત રહેવા કોશિષ કરીએ,પણ ક્યાંક ચૂક તો થઈ જ જાય ! અને એટલે જીવને છેવટની ઘડીએ બે દ્વિધા સતાવે! અરરરર ભગવત્ ભજન તો કર્યું નહીં! અને બીજું કમાયેલ ધન સંપત્તિ, પદ પ્રતિષ્ઠા, અને સંબધો આ બધું જ છોડવું પડશે, અને એ કેમે છૂટતું નથી! ત્યારે આપણને મૃત્યુંજયનો મંત્ર મદદ કરી શકે. ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્‌ ઉર્વારુકમિવ બંધનાન્ મૃત્યોર્મુક્ષીય મામૃતાત્ ॥ ઋગ્વેદમાં આવેલા આ મંત્રનો અર્થ શિવપુરાણમાં શુક્રાચાર્ય એ બતાવ્યો છે, અને જે આપણાં જેવાં કળિયુગનાં સંસારી કે જેને છેક સુધી નથી ભોગ લાલસા છૂટતી કે નથી દેહ લાલસા છૂટતી એની માટે બહુ જ ઉપયોગી છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ત્રણ નેત્રવાળા શિવ કે જે જ્ઞાન, અંતદ્રષ્ટિ અને ચેતનાના પ્રતીક છે! જેમ સુગંધ દેખાતી નથી, છતાં સર્વત્ર અનુભવાય છે, તેમ ઈશ્વરીય ચેતના સર્વત્ર વ્યાપ્ત છે. જે શરીર, મન અને આત્માની શક્તિને વધારે છે, અને એટલે પાકેલું ફળ જેમ વેલથી સ્વાભાવિક રીતે છૂટે, તેમ સાધક અજ્ઞાન, અહંકાર અને આસક્તિનાં બંધનોથી મુક્ત થાય. તથા મૃત્યુનાં ભય અને જન્મમરણના બંધનથી મુક્તિ આપી, અમૃત એટલે શાશ્વત પરમ સત્ય સન્મુખ કરો. આ મંત્રનો મૂળ આધ્યાત્મિક ભાવ છે, "હે શિવ, મને મૃત્યુના ભયથી નહીં, પરંતુ મૃત્યુના મૂળ એવા અજ્ઞાન અને આસક્તિથી મુક્ત કરો અને મારા શાશ્વત આત્મસ્વરૂપનો અનુભવ કરાવો." શિવ પુરાણનાં મહાત્મ્યમાં આપણે ભગવાન ભોળાનાથની કૃપાનું સુખદ્ પરિણામ જોયું, આપણી એક બહુ મોટી ભૂલ એ થઈ કે આપણે ધર્મની બાબતમાં આગ્રહમાં અટવાઈ ગયાં, એટલે કે આમ તો થવું જ જોઈએ! અથવા એવું બિલકુલ નહીં ચાલે! અને એને કારણે નવી પેઢી ધર્મને પ્રંપચનો અડ્ડો સમજવા લાગી, અને ધર્મને નામે કોઈ ઠોસ આધાર ન મળતાં ભટકી ગઈ, એટલે બાપુ કહે છે, એમ શ્રોતા વક્તા બંને વચ્ચે ચૈતસિક સેતુ બની શકે એમ કથાનું આયોજન કરવું! અને એમાં પરમ તત્વની જ પ્રધાનતા રહેવી જોઈએ.

કે જ્યાં ગંગા યમુનાનો સંગમ થયો છે એવાં તપસ્વીઓનાં પુણ્યથી પ્રકાશતાં પ્રયાગમાં જ્યારે સૂતજીને આવતા જોયા ત્યારે મુનિઓ અત્યંત હર્ષિત થઈ ગયાં, અને એમને પુછવા લાગ્યાં, કે આ પહેલાં પણ અમે આપના શ્રી મુખેથી કથા સાંભળી છે, પણ અમને હજી તૃપ્તિ થઈ નથી. કળિયુગની વ્યાપકતાની વ્યાધિ અમને પીડા આપે છે! તો આ કાળમાં પણ સર્વનું હિત જેમાં સમાયેલું છે, એવો કોઈ ઉપાય બતાવો!

મુનિઓ કહે છે કે ઘોર કળિયુગમાં મનુષ્ય પુણ્ય કર્મ કરતાં બંધ થઈ જશે, અને સતત કોઈને કોઈ દુરાચારમાં પ્રવૃત્ત રહેશે. સત્યને નીતિથી વિમુખ થતાં જશે, અન્યોની નિંદામાં એમને રસ પડશે. પારકું ધન હડપ કરી લેવાની ઈચ્છા દિન પ્રતિદિન વધતી રહેશે, પર સ્ત્રીમાં આસક્તિ વધતી જશે, પ્રાણીઓની હિંસા કરતાં પણ અચકાશે નહીં. પોતાનાં દેહને જ આત્મા સમજવાની ભૂલ કરી દિવસે ને દિવસે દેહ કેન્દ્રી અથવા નાસ્તિક થતાં જશે. બુદ્ધિમાં પશુતા પ્રવેશી જતાં માતાપિતા સાથે પણ દ્વેષ કરશે,બ્રાહ્મણો લોભી બનતા જશે, વેદ વેચીને પણ આજીવિકા ચલાવશે, વિદ્યા પણ માત્ર આર્થિક ઉપાર્જન માટે જ છે, એવો અર્થ કરી વિદ્યાને પણ વેચશે, બ્રાહ્મણ ત્રણે કાળની સંધ્યા ઉપાસના છોડી બ્રહ્મજ્ઞાન અને વેદ વેદાંતથી પરેનું જીવન જીવશે. આમ કુસંગી પાપી અને વ્યભિચારિ થઈ જશે, એમનામાં સાહસ અને શૌર્યનો અભાવ હશે, તેવો કપટ અને ચોરી જેવા દુર્ગુણને હથિયાર બનાવી જીવિકા ચલાવશે. દૂરબુદ્ધિથી પ્રેરાઈને પોતાની ચિત્તવૃત્તિને મલિન કરશે, ધર્મને માત્ર બાહ્ય દેખાવનું માધ્યમ બનાવી બધાં ધર્મના કર્મ છોડીને, માત્ર દેખાવે ટીલાં ટપકાં કરીને ફરશે, પણ એમનાં વિચાર ધર્મ વિરુદ્ધ હશે, તે દ્વિજ નિંદક કહેવાશે. જો ધન મળી જશે તો એ કુકર્મમાં જોતરાઈ જશે, વિદ્વાન હશે તો વાદવિવાદમાં જ સત્યની ઉર્જા ખર્ચાઈ જશે. પોતાની જાતને અતિશય કુલીન સમજી અથવા બુદ્ધિશાળી સમજીને ચારે વર્ણ સાથે રોટી બેટી વ્યવહાર કરશે. સ્ત્રીઓ પણ સદાચારથી વિમુખ થશે, એમનાં શીલ સંસ્કારના પ્રમાણ બદલાઈ જશે, એમને મન પતિ પરિવારની સેવાનું મહત્વ નહીં રહે. માટે હે સૂતજી આવાં મનુષ્યની દુરાચારથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હશે! અને જેમણે પોતાનાં સ્વધર્મનો ત્યાગ કર્યો હશે. પરોપકાર જેવો ઉત્તમ કોઈ ધર્મ નથી, માટે આપ કોઈ નાનાં એવા ઉપાયથી આ કળિયુગી મનુષ્યનાં સર્વ પાપનો નાશ થાય એવો ઉપાય કહો, કારણકે આપ સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાત છે.

આદ્યન્તમંગલમજાત સમાનભાવ
માર્ય તમીશમજરામરમાત્મદેવમ્
પંચાનન પ્રબલપંચવિનોદશીલં,
સમ્ભાવયે મનસિ શંકરમમ્બિકેષમ્.

સૂતજી, જેનો આદિ મધ્ય અને અંત મંગલ છે, અને જે સર્વમાં સમ ભાવ ધરાવે છે, પાંચ મુખ વાળા છે, પ્રબળ છે, અને સ્વભાવે વિનોદ શીલ છે, એવાં અંબિકા પતિ શિવનું સ્મરણ કરે છે. સૂતજી આગળ શિવ પુરાણના શ્લોક અને સંહિતાનું વિવરણ કરે છે. અત્યાર સુધીમાં શૌનક મુનિ તેમજ અન્ય મુનિઓને કળિયુગમાં દ્વિજ એટલે બ્રાહ્મણ ભ્રષ્ટ બુદ્ધિ થતો જશે, એની ચિંતા સતાવે છે! અને આપણે સૌ જોઈ રહ્યાં છે કે આ મુનિઓની ચિંતા વ્યાજબી હતી, કારણકે બ્રાહ્મણ એટલે કે વર્ણની રીતે નહીં, પણ એક સજ્જન અથવા મહેતાજી જેને વૈશ્નવ કહે છે, એવાં માનવી સમાજમાંથી ઘટતાં જાય છે. સમય ઘણો બદલાઈ ગયો છે, અને આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ, ત્યારે માત્ર ખોખલી વાતો વિકાસને અટકાવે , અને અસ્પૃશ્યતા આપણાં સમાજનું દૂષણ હતું, એ નીકળવું જ જોઈએ! પરંતુ સૌ સમાનની એક બહુ મોટી સમસ્યા એ છે કે, હવે ગુમરાહ થતાં સમાજને દોરશે કોણ ? વેદોમાં અને અન્ય પૌરાણિક શાસ્ત્રોમાં સામાન્ય માનવીને કંઈ રીતે જીવન જીવવું એની વાત વણી લેવામાં આવી હતી! અને આ ઉપદેશ બ્રાહ્મણ દ્વારા સમાજને આપવામાં આવતો!

## સુરત સ્મીમેર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓ વચ્ચે ધીંગાણું

# MBBSની વિદ્યાર્થિનીની હેરાન કરતાં યુવકને મેથીપાક ચખાડ્યાની શંકા, સંચાલકોએ માફીપત્ર લખાવીને જવા દીધા

**સુરત, તા.25**

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. કોલેજની હોસ્ટેલ પરિસર બહાર MBBSના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી જૂથ અથડામણ અને ઉગ્ર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિક્ષણ અને તબીબી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર ઘટના આશરે 15 દિવસ જૂની હોવાનું સામે આવ્યું છે, જેમાં ભવિષ્યના તબીબો જ શિસ્તના લીરેલીરા ઉડાડી જાહેરમાં એકબીજા પર હાથ ઉપાડતા કેમેરામાં કેદ થયા હતા.



આશંકા પ્રમાણે, સ્મીમેર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી એક MBBS વિદ્યાર્થિનીને અન્ય બેચનો એક યુવક છેલ્લા કેટલાક સમયથી હેરાન-પરેશાન કરતો હતો. વિદ્યાર્થિનીની સતત થઈ રહેલી કનડગત અંગે તેના સાથી વિદ્યાર્થીઓને જાણ થતાં તેઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. બેચમેટ્સે એકત્ર થઈને યુવકનો હિસાબ ચુકવવાનું નક્કી કર્યું હતું.

હોસ્ટેલ કેમ્પસ બહાર બંને જૂથ આમને-સામને આવી જતાં મામલો બિચક્યો હતો. વિદ્યાર્થિનીના બેચમેટ્સે પજવણી કરનાર યુવકને ઘેરી લઈ શરૂઆતમાં ઉગ્ર બોલાચાલી કરી હતી, જે જોતજોતામાં હિંસક મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ યુવકને જાહેરમાં જ મેથીપાક ચખાડ્યો હતો. આ હાઈવોલ્ટેજ ડ્રામા અને ધમાસાણના દ્રશ્યો કેમ્પસમાં હાજર અન્ય લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લેતાં વીડિયો ઝડપથી વાયરલ થયો હતો.

વીડિયો વાયરલ થયા બાદ કોલેજ તંત્ર હરકતમાં આવ્યું હતું. સમગ્ર મામલે સ્મીમેર મેડિકલ કોલેજના ડીન ડો. દીપક હોવલેએ જણાવ્યું હતું કે, મારામારીનો વીડિયો ધ્યાને આવતાં જ કોલેજ પ્રશાસન દ્વારા તાત્કાલિક એક ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટી દ્વારા હાથ ધરાયેલી આંતરિક તપાસમાં વિદ્યાર્થીઓ વચ્ચે સામાન્ય બાબતમાં ઉગ્ર બોલાચાલી બાદ ઝઘડો થયો હોવાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું.

'કોલેજ પ્રશાસને શિસ્તભંગના આ ગંભીર મામલાને થાળે પાડવા માટે કડક વલણ અપનાવ્યું હતું. તપાસ કમિટીના અહેવાલ બાદ મારામારીમાં સંડોવાયેલા તમામ વિદ્યાર્થીઓને બોલાવી લેખિતમાં માફીપત્ર લખાવી લેવામાં આવ્યું હતું. આ સાથે જ કોલેજ કેમ્પસમાં ભવિષ્યમાં આવી કોઈપણ અશોભનીય કે ગેરશિસ્તભરી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ વિદ્યાર્થીઓને આકરી સજાની કડક ચેતવણી પણ આપવામાં આવી છે.' આશંકા પ્રમાણે, સ્મીમેર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી એક MBBS વિદ્યાર્થિનીને અન્ય બેચનો એક યુવક છેલ્લા કેટલાક સમયથી હેરાન-પરેશાન કરતો હતો. વિદ્યાર્થિનીની સતત થઈ રહેલી કનડગત અંગે તેના સાથી વિદ્યાર્થીઓને જાણ થતાં તેઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. બેચમેટ્સે એકત્ર થઈને યુવકનો હિસાબ ચુકવવાનું નક્કી કર્યું હતું.

હોસ્ટેલ કેમ્પસ બહાર બંને જૂથ આમને-સામને આવી જતાં મામલો બિચક્યો હતો. વિદ્યાર્થિનીના બેચમેટ્સે પજવણી કરનાર યુવકને ઘેરી લઈ શરૂઆતમાં ઉગ્ર બોલાચાલી કરી હતી, જે જોતજોતામાં હિંસક મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ યુવકને જાહેરમાં જ મેથીપાક ચખાડ્યો હતો. આ હાઈવોલ્ટેજ ડ્રામા અને ધમાસાણના દ્રશ્યો કેમ્પસમાં હાજર અન્ય લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લેતાં વીડિયો ઝડપથી વાયરલ થયો હતો.

# SMCમાં ડેપ્યુટી કમિશનરની ભરતીના નિયમોમાં થશે ફેરફાર: રાજ્ય સરકારના આદેશથી હવે 50 ટકા સીધી ભરતી

- 25 ટકા પ્રમોશન અને 25 ટકા ડેપ્યુટેશનની નવી ફોર્મ્યુલા લાગુ થશે

**સુરત, તા.25**

સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનરની ચાવીરૂપ અને મહત્ત્વપૂર્ણ જગ્યાઓ ભરવાની પ્રક્રિયામાં રાજ્ય સરકારે મોટો ફેરફાર સૂચવ્યો છે. પાલિકા પ્રશાસન દ્વારા ડેપ્યુટી કમિશનરની તમામ જગ્યાઓ માત્ર સીધી ભરતીથી ભરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેને રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે ફગાવી દઈ નવી ત્રિસ્તરીય ફોર્મ્યુલા લાગુ કરવા આદેશ કર્યો છે. આ સુધારા મુજબ હવે 50 ટકા જગ્યાઓ સીધી ભરતીથી, 25 ટકા જગ્યાઓ બઢતી (પ્રમોશન) દ્વારા અને બાકીની 25 ટકા જગ્યાઓ પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન)થી ભરવાની જોગવાઈ કરવામાં આવી છે.



શહેરી વિકાસ વિભાગના સૂચિત માપદંડોને આધારે મહાનગરપાલિકાએ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક 103/2026ના અનુસંધાને ભરતીના નિયમો અને લાયકાતોમાં ફેરફાર કરતી નવી દરખાસ્ત તૈયાર કરી છે, જેને અંતિમ મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. અગાઉ મનપા દ્વારા સીધી ભરતી માટે કોઈપણ શાખામાં અનુસ્નાતક અથવા સ્નાતક સાથે CA, ICWA, CS કે MBA જેવી ઉચ્ચ વ્યાવસાયિક લાયકાત નક્કી કરાઈ હતી. જોકે રાજ્ય સરકારે નિયમો હળવા કરીને માન્ય યુનિવર્સિટીમાંથી માત્ર સ્નાતકની લાયકાત રાખવા જણાવ્યું છે, સાથોસાથ અનુભવના માપદંડોમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.

આ નવી ભરતી નીતિ હેઠળ મનપાના અનુભવી અધિકારીઓને કારકિર્દીમાં આગળ વધવાની મોટી તક મળશે. બઢતીના 25 ટકા ક્વોટામાં પાલિકાના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર તરીકે ઓછામાં ઓછો 7 વર્ષનો અનુભવ ધરાવતા અધિકારીઓને સ્થાન આપવામાં આવશે, જોકે તેમણે નિર્ધારિત શૈક્ષણિક લાયકાત પૂર્ણ કરવાની રહેશે. આ ઉપરાંત ડેપ્યુટેશન હેઠળના 25 ટકા ક્વોટામાં રાજ્ય સરકારના IAS અથવા GAS કેડરના અનુભવી ક્લાસ-1 અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવશે.

આ સુધારા લાગુ થવાથી મનપાના વહીવટમાં સ્થાનિક અનુભવી સ્ટાફની સાથે રાજ્ય સરકારના વહીવટી અધિકારીઓનો સમન્વય જોવા મળશે, જેનાથી પાલિકાના વહીવટી તંત્રને નવી ગતિ અને કાર્યક્ષમતા મળશે. શહેરી વિકાસ વિભાગના સૂચિત માપદંડોને આધારે મહાનગરપાલિકાએ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક 103/2026ના અનુસંધાને ભરતીના નિયમો અને લાયકાતોમાં ફેરફાર કરતી નવી દરખાસ્ત તૈયાર કરી છે, જેને અંતિમ મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. અગાઉ મનપા દ્વારા સીધી ભરતી માટે કોઈપણ શાખામાં અનુસ્નાતક અથવા સ્નાતક સાથે CA, ICWA, CS કે MBA જેવી ઉચ્ચ વ્યાવસાયિક લાયકાત નક્કી કરાઈ હતી.

# સુરતમાં ફૂડ પોઇઝનિંગથી બાળકીના મોત બાદ મનપાનું ચેકિંગ નાટક.....

- લા-પિનોઝ પીઝામાં ઇયળ નીકળતાં કાર્યવાહી છૂપાવી, ₹30,000નો દંડ કરી સમગ્ર મામલે ભીનું સંકેલ્યું?

**સુરત, તા.25**

સુરતના વરાછા ઝોનમાં ઈશ્વરકૃપા રોડ પર આવેલી શીતલ રેસ્ટોરન્ટનું પંજાબી શાક ખાધા બાદ ગંભીર ફૂડ પોઈઝનિંગ થવાના કારણે એક નિર્દોષ બાળકીનું મોત નીપજતાં સમગ્ર શહેરમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. આ આઘાતજનક ઘટના બાદ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા શહેરભરમાં હોટેલ-રેસ્ટોરન્ટ્સ સામે ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જોકે, આ સમગ્ર ઝુંબેશ માત્ર નાના લારી-ગલ્લા અને સામાન્ય વેપારીઓને પરેશાન કરવા પૂરતી સીમિત રહી હોવાના અને મોટા માથાઓ સામે આંખ આડા કાન કરાતા હોવાના ગંભીર આક્ષેપો ઊઠી રહ્યા છે.

અગાઉ અડાજણ સ્થિત ડી-માર્ટમાં ફૂગવાળી બ્રેડ વેચવાના મામલે ફૂડ સેફ્ટી ઈન્સ્પેક્ટર સમિત દેસાઈની કામગીરી ભારે વિવાદમાં રહી હતી, ત્યારે હવે મોટા વરાછા સ્થિત જાણીતી ફૂડ ચેઈન 'લા-પિનોઝ પીઝા'ની શાખામાં પીઝામાંથી જીવતી ઈયળો નીકળવાની ઘટના સામે આવી છે.




ગ્રાહકે પીઝામાં ઈયળ નીકળવાનો વીડિયો અને રીલ સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા બાદ પણ શરૂઆતમાં સરથાણા ઝોનના આરોગ્ય વિભાગે કોઈ ત્વરિત પગલાં ભર્યા ન હતા.

સોશિયલ મીડિયા પર મામલો ઉગ્ર બનતાં આખરે નાયબ આરોગ્ય અધિકારી ડૉ. અર્પિત દુધવાલાની આગેવાની હેઠળની ટીમે રાત્રે 2:00 વાગ્યા સુધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગંભીર ક્ષતિઓ જણાતાં આઉટલેટને સીલ મારીને આશરે 30,000 નો દંડ ફટકારવામાં આવ્યો હોવાની ચર્ચા છે પરંતુ, આ સમગ્ર કાર્યવાહીની સત્તાવાર માહિતી જાહેર કરવાને બદલે તંત્ર દ્વારા તેને ગુપચુપ રીતે દબાવી દેવામાં આવી હતી.

સામાન્ય લારી-ગલ્લા ધારકો સામે નાની ક્ષતિઓમાં પણ પ્રેસનોટ જારી કરીને ઢોલ પીટતું પાલિકા તંત્ર લા-પિનોઝ જેવી નામાંકિત બ્રાન્ડ સામે થયેલી કાર્યવાહી છુપાવી રહ્યું હોવાથી ભ્રષ્ટાચાર અને સાંઠગાંઠની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. જો ગ્રાહકે વીડિયો વાયરલ ન કર્યો હોત તો તંત્ર તપાસ કરવા પણ પહોંચ્યું ન હોત. પ્રજાના આરોગ્ય અને સુરક્ષા સાથે સીધા ચેડાં કરતી આવી મોટી બ્રાન્ડ્સને રક્ષણ આપવાને બદલે જવાબદાર અધિકારીઓ સામે પણ ઉચ્ચ સ્તરીય તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તેવી લોકમાંગણી પ્રબળ બની છે.

# વેસુમાં વેપારીના અપહરણનો પ્રયાસ નિષ્ફળ: ₹ 50 લાખની ખંડણી માંગનાર 3 રીઢા આરોપીઓ ઝડપાયા, 2 વોન્ટેડ

**સુરત, તા.25**

સુરત શહેરના અત્યંત પોશ ગણાતા વેસુ વી.આઈ.પી. રોડ પર આવેલા માઈલસ્ટોન સેવન હેવન બિલ્ડિંગમાં રહેતા 40 વર્ષીય વેપારી વિનીત રજનીકાંત દેસાઈનું અપહરણ કરી તેમની પાસેથી 50 લાખની જંગી ખંડણી પડાવવાના ગંભીર કાવતરાનો વેસુ પોલીસે પર્દાફાશ કર્યો છે. અગાઉ કોઈ પણ પ્રકારની આર્થિક લેતી-દેતી ન હોવા છતાં ખોટો વ્યવહાર ઊભો કરીને વેપારીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી હતી. અગાઉ દબાણપૂર્વક રોકડ રકમ અને જમીનના કિંમતી દસ્તાવેજો પડાવી લીધા બાદ વધુ 25 લાખની વસૂલી કરવા આવેલા ત્રણ રીઢા બદમાશોને પોલીસે ફિલ્મી ઢબે રંગેહાથ ઝડપી પાડ્યા છે. ગત 27 ઓગસ્ટના રોજ આરોપીઓ ફરી એકવાર વેપારીના નિવાસસ્થાન નજીક ધસી આવ્યા હતા અને બાકીના 25 લાખ તાત્કાલિક આપી દેવા માટે દબાણ કરી બળજબરીથી ગાડીમાં બેસાડી અપહરણ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ દરમિયાન વેસુ પોલીસે અત્યંત સમયસૂચકતા દાખવી મોહીન ઉર્ફે મોઈન હુશેન ચાકી, મોહમ્મદ મસુદ ઉર્ફે મુસા ફન્ડોલે અને ઈમરાન ખાન મુસ્તાક ખાન



નામના 3 આરોપીઓની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લીધી હતી. શંકાસ્પદ હિલચાલ અને અપહરણની ભીતિ જણાતાં વેપારીએ ત્વરિત પોલીસ કંટ્રોલ રૂમનો સંપર્ક સાધ્યો હતો. નજીકમાં પેટ્રોલિંગમાં રહેલી વેસુ પોલીસની પીસીઆર વાન ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસને જોતાં જ આરોપીઓએ પોલીસ સ્ટાફ સાથે ઉદ્ધત વર્તન કરી ઘર્ષણમાં ઉતરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે કડક હાથે કામ લઈને તમામને કાબૂમાં લીધા હતા અને વેપારીને સુરક્ષિત મુક્ત કરાવ્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓએ મે 2026 થી આ વ્યવસ્થિત ષડયંત્ર રચ્યું હતું. આરોપીઓ વેપારીને સુરત રેલવે સ્ટેશન પાસે આવેલી અલ ખલીલ હોટલ તેમજ અન્ય સ્થળોએ બોલાવી ધાકધમકી આપતા હતા. આ દરમિયાન આરોપીઓએ વેપારીનો બળજબરીપૂર્વક કબૂલાતનામું કરતો વીડિયો બનાવી લીધો હતો અને તેમની કારમાંથી રોકડા 5,000, જમીન સંબંધિત ત્રણ મહત્વની ફાઈલો તેમજ એક્ટિવા વાહનની અસલ આર. સી. બુક પડાવી લીધી હતી.

આ સનસનાટીભર્યા મામલે વેસુ પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ પીએસઆઈ એ.કે. ચૌધરીને સોંપી છે. આ કાવતરામાં સીધા સંડોવાયેલા અન્ય બે વોન્ટેડ આરોપીઓ બબલુ ઉર્ફે આસીકખાન અને અલ્તાફને ઝડપી પાડવા માટે સુરત પોલીસે અલગ-અલગ ટીમો બનાવી મુંબઈ સહિતના વિસ્તારોમાં શોધખોળ શરૂ કરી છે.

તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં લોકો મિઠાઈની ખરીદી કરતા હોવાથી મિઠાઈમાં ઉપયોગમાં લેવાતા માવા, દૂધ, ઘી અને અન્ય સામગ્રીની ગુણવત્તા અંગે પણ તંત્ર દ્વારા ખાસ નજર રાખવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા તપાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલા તમામ મિઠાઈના સેમ્પલોને વધુ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરીમાં સેમ્પલની ગુણવત્તા અને તેમાં કોઈ પ્રકારની ભેળસેળ છે કે નહીં તેની તપાસ કરવામાં આવશે. સેમ્પલના ટેસ્ટિંગ બાદ તેનો રિપોર્ટ આવ્યા પછી જો કોઈ મિઠાઈમાં ભેળસેળ, હલકી ગુણવત્તાની સામગ્રી અથવા ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન જોવા મળશે તો સંબંધિત એકમ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સાથે કોઈ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં.

રક્ષાબંધન જેવા તહેવારો દરમિયાન મિઠાઈ અને માવાની માંગમાં અનેકગણો વધારો થતો હોય છે. માંગ વધતા કેટલાક વેપારીઓ દ્વારા વધુ નફો મેળવવા માટે હલકી ગુણવત્તાની સામગ્રી અથવા ભેળસેળયુક્ત સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે તેવી શક્યતા રહે છે. આવી સ્થિતિમાં સામાન્ય લોકોના સ્વાસ્થ્યને નુકસાન ન થાય તે માટે પાલિકા દ્વારા આ પ્રકારની તપાસ કરવામાં આવી રહી છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની 10 ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ ચાલુ રાખવામાં આવશે. આવનારા દિવસોમાં પણ મિઠાઈ અને માવાના વેચાણ કરતા એકમો પર આકસ્મિક તપાસ થઈ શકે છે. ખાસ કરીને તહેવારની ખરીદી વધે તે પહેલાં મિઠાઈના વેપારીઓને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરવા માટે તંત્ર દ્વારા સખત સંદેશ આપવામાં આવ્યો છે. હાલમાં લેવાયેલા સેમ્પલના લેબોરેટરી રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. જો રિપોર્ટમાં કોઈ પ્રકારની ભેળસેળ અથવા ગુણવત્તા અંગે ગંભીર ખામી સામે આવશે તો સંબંધિત વેપારી અથવા સંચાલક સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# વર્ક ફ્રોમ હોમના નામે 5.98 લાખની ઠગાઈ: કમિશન પર બેંક એકાઉન્ટ આપનાર રત્નકલાકાર ઝડપાયો, 5 રાજ્યોમાં છેતરપિંડીના તાર જોડાયા

**સુરત, તા.25**

સુરતમાં વર્ક ફ્રોમ હોમ અને પાર્ટ ટાઈમ જોબના નામે લોકો સાથે લાખોની સાયબર ઠગાઈ કરતી સક્રિય ટોળકીના એક આરોપીને શહેર સાયબર ક્રાઈમ સેલે ઝડપી પાડ્યો છે. પકડાયેલો રત્નકલાકાર 23 વર્ષીય રવિ સંજયભાઈ બારૈયા (રહે. ગાયત્રી સોસાયટી, કાપોદ્રા, સુરત અને મૂળ ગારિયાધાર, ભાવનગર) છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રવિ સાયબર માફિયાઓ સાથે મળી કમિશન મેળવી બેંક એકાઉન્ટ પૂરા પાડવાનું કામ કરતો હતો. તેના બેંક ખાતાની તપાસ કરતા સમગ્ર દેશમાં અલગ-અલગ રાજ્યોમાંથી 5 જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું ખૂલ્યું છે.



સાયબર ઠગોએ ફરિયાદીનો સંપર્ક ટેલિગ્રામ મારફતે કર્યો હતો. તેમણે પાર્ટ ટાઈમ જોબમાં સામાન્ય સ્ટાર રેટિંગ આપવાનું ટાસ્ક પૂરું કરીને મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવવા માટે ઠગોએ એક બનાવટી વેબસાઈટની લિંક મોકલી ફરિયાદીનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

શરૂઆતમાં નાની રકમ ચૂકવીને વિશ્વાસ જીત્યા બાદ, વધુ ટાસ્ક અને મોટું વળતર મેળવવા માટે ફરિયાદી પાસેથી અલગ-અલગ ચાર્જિસ પેટે જુદા-જુદા બેંક એકાઉન્ટ્સમાં કુલ 5,98,800 ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદમાં કોઈ વળતર કે મુદ્દલ રકમ પરત ન આપી છેતરપિંડી આચરી હતી.

ઠગાઈનો ભોગ બનેલા ફરિયાદીએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. સુરત સાયબર ક્રાઈમ સેલે ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ હાથ ધરી કાપોદ્રા વિસ્તારમાંથી રવિ બારૈયાને દબોચી લીધો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ફરિયાદી પાસેથી પડાવવામાં આવેલા નાણાંમાંથી 1,00,000 સીધા આરોપીના IDFC FIRST Bank એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હતા. આરોપીના આ એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ચકાસતાં તેમાં કુલ 7,11,475 ના શંકાસ્પદ સાયબર ફ્રોડ ટ્રાન્ઝેક્શન્સ મળી આવ્યા હતા.

પોલીસ પૂછપરછમાં આરોપી રવિ બારૈયાએ કબૂલાત કરી હતી કે તેણે વધુ પૈસા કમાવવાની લાલચમાં કમિશન મેળવીને પોતાના બેંક એકાઉન્ટની કીટ સહ-આરોપી ગૌતમ બારૈયાને સોંપી હતી. NCCRP પર તપાસ કરતા આરોપીના બેંક એકાઉન્ટ સામે અલગ-અલગ રાજ્યોમાં 5 ગુના નોંધાયા હોવાનું બહાર આવ્યું છે. હાલ સાયબર ક્રાઈમ પોલીસે રવિની ધરપકડ કરી તેના અન્ય સાથીદાર ગૌતમ બારૈયા તથા આ રેકેટ સાથે સંકળાયેલા અન્ય માસ્ટરમાઈન્ડ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## માત્ર ધો.10, 12 પાસ 4 બોગસ ડોક્ટર ઝડપાયા

# સુરતમાં આરોપીઓ 8, 10 અને 26 વર્ષથી ડિગ્રી ક્લિનિક ચલાવતા હતા

**સુરત, તા.25**

સુરતમાં કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદેસર ક્લિનિક ખોલી લોકોના જીવ સાથે રમત રમતા તત્વો સામે સુરત પોલીસે લાલ આંખ કરી છે. ઝોન-1 એલ.સી.બી. અને પુણા પોલીસની સંયુક્ત ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પુણા-ઉમરવાડા વિસ્તારમાંથી 4 બોગસ ડોક્ટરોને રંગેહાથ ઝડપી લીધા છે. આરોપીઓ માત્ર ધોરણ 10, 11 અને 12 પાસ હોવા છતાં 26 વર્ષથી નિર્દોષ દર્દીઓને એલોપેથી દવાઓ અને ઈન્જેક્શન આપી રહ્યા હતા.



પુણા-ઉમરવાડા વિસ્તારના રાજીવનગર અને આશાનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં કેટલાક શખ્સો લાયસન્સ કે ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા હોવાની બાતમી મળતા પોલીસે દરોડા પાડ્યા હતા. આ આરોપીઓ છેલ્લા 8 વર્ષ, 10 વર્ષ અને એક આરોપી તો છેલ્લા 26 વર્ષથી ડિગ્રી વગર બેરોકટોક તબીબી પ્રેક્ટિસ કરી રહ્યો હતો. પોલીસે ક્લિનિકમાંથી ગેરકાયદેસર એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન્સ, બોટલ્સ અને મેડિકલ સાધન સામગ્રી મળી કુલ 4.90 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી તેજબહાદુર નિશાદ અને પ્રશાંત માલાકર રીઢા ગુનેગાર છે અને તેમની સામે વર્ષ 2025માં પણ પુણા પોલીસ સ્ટેશનમાં બોગસ ડોક્ટર તરીકેનો ગુનો નોંધાઈ ચૂક્યો છે.

ઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ પુણા પોલીસ સ્ટેશનમાં BNSની કલમ 125 (માનવ જીવન જોખમમાં મૂકવું) તેમજ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટની કલમ-30 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડીસીપી આલોક કુમારે જણાવ્યું હતું કે, શહેર પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં બોગસ ડોક્ટરો સામે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. ઝોન-1 એલસીબી અને પુણા પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી પુણા વિસ્તારની ઝૂંપડપટ્ટીમાંથી 4 બોગસ ડોક્ટરોને ઝડપ્યા છે. આરોપીઓ પાસે કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી નહોતી અને તેઓ સામાન્ય વર્ગના લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હતા. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આવા કોઈપણ તત્વોને બક્ષવામાં નહીં આવે અને આગળ પણ આ ડ્રાઈવ સઘન રીતે ચાલુ રહેશે.

# સપ્ટેમ્બરમાં ટ્રાન્સસ્ટેડિયા એરેના ખાતે ગુજરાત સુપર લીગ સિઝન-3 યોજાશે

**અમદાવાદ, તા.28**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (જીએસએફએ.)ની ગુજરાત સુપર લીગ (જીએસએલ) ફૂટબોલ ટુર્નામેન્ટની ત્રીજી સિઝનન પ્રારંભ માટે સંપૂર્ણપણે સજ્જ છે. જી.એસ.એલ. સિઝન-3નો પ્રારંભ પહેલી સપ્ટેમ્બરથી ટ્રાન્સસ્ટેડિયા એરેના, અમદાવાદ ખાતે થશે. ગુજરાતમાં વધુ મજબૂત ફૂટબોલ ઈકોસિસ્ટમ ઊભી કરવાના રાજ્યના પ્રયાસોની દિશામાં આ વધુ એક મહત્વપૂર્ણ પગલું છે. જી.એસ.એફ.એ. ના ઉપપ્રમુખ પ્રદિપસિંહ વાઘેલાએ જી.એસ.એફ.એ.ના પદાધિકારીઓ તથા જી.એસ.એલ.ના ટીમ માલિકોની હાજરીમાં જી.એસ.એલ.ની ટ્રોફી તથા ટીમ જર્સીનું અનાવરણ કર્યું હતું.

જી.એસ.એલની આ સિઝનમાં રમી રહેલા અંડર-20 ફૂટબોલરમાંથી બે ખેલાડીઓની પસંદગી જર્મનીમાં ટાયર-3 અને ટાયર-4 ડોમેસ્ટિક ફૂટબોલ ટુર્નામેન્ટમાં રમવા માટેના ટ્રાયલ માટે કરવામાં આવશે. જર્મનની સાયકોલોજીસ્ટ પ્રોફેસર જેન માયર અને બૉસ ટેકનોલોજી આ ખેલાડીઓની પસંદગી કરવા માટે સ્પોર્ટ્સ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને સહાયતા કરશે.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલો યુવા ફૂટબોલર રાહુલ ભાટીયાને રૂપિયા બે લાખની એક્સ-ગ્રેશિયા ચૂકવણીની પણ જાહેરાત કરવામાં આવી હતી. પ્રથમ બે સિઝનને મળેલા ઉત્સાહજનક પ્રતિસાદ બાદ જી.એસ.એલ.ની ત્રીજી સિઝન વધુ સ્પર્ધાત્મક અને રોમાંચક બનવાની અપેક્ષા છે. તેમાં ગુજરાતની ફૂટબોલ પ્રતિભાઓને એક મંચ પર આવવાની અને ખેલાડીઓને પોતાની પ્રતિભા દર્શાવવા માટે ઉચ્ચ ગુણવત્તાનું પ્લેટફોર્મ મળશે.



સિઝનના પ્રારંભ પૂર્વે વાત કરતાં જી.એસ.એફ.એ.ના પ્રમુખ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે જી.એસ.એલ.ની ત્રીજી સિઝન ગુજરાતની ફૂટબોલ યાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. તેમણે જણાવ્યું હતું કે "જી.એસ.એલ. માત્ર એક સ્પર્ધા નથી. ગુજરાતમાં ફૂટબોલના વિકાસ માટેની અમારી વ્યાપક દૃષ્ટિનો તે એક મહત્વપૂર્ણ હિસ્સો છે. અમારો ઉદ્દેશ પ્રતિભાશાળી ખેલાડીઓને તકો પૂરી પાડવાનો, વધુને વધુ લોકોને ફૂટબોલ સાથે જોડવાનો અને એવું વાતાવરણ ઊભું કરવાનો છે જેમાં રાજ્યના યુવાનો માટે ફૂટબોલ એક પસંદગીની રમત બને."

ફૂટબોલ ચાહકોને લીગ સાથે વધુ નજીકથી જોડવાના હેતુથી એક મહત્વપૂર્ણ પહેલરૂપે જી.એસ.એફ.એ. દ્વારા એક સમર્પિત ડિજિટલ એપ પણ લોન્ચ કરવામાં આવી છે. આ એપ દ્વારા જી.એસ.એલ. ઉપરાંત જી.એસ.એફ.એ.ની વિવિધ પ્રવૃત્તિઓની વિગતો મેળવવામાં સરળતા રહેશે. આ એપને ગુજરાત ફૂટબોલ માટેના વન-સ્ટોપ ડિજિટલ પ્લેટફોર્મ તરીકે વિકસાવવામાં આવી છે, જ્યાં ચાહકોને જી.એસ.એલ.ના ફિક્સ્ચર્સ, મેચ શેડ્યૂલ, પરિણામો, ટીમોની માહિતી, ખેલાડીઓની પ્રોફાઈલ, લીગ સંબંધિત વિકાસ, ફોટોગ્રાફ્સ અને અન્ય મહત્વપૂર્ણ અપડેટ્સ ઉપલબ્ધ થશે.

પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે નવા ડિજિટલ પ્લેટફોર્મના લોન્ચિંગથી લીગ અને તેના સમર્થકો વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે. તેમણે જણાવ્યું હતું કે "અમે ઈચ્છીએ છીએ કે જી.એસ.એલ. માત્ર સ્ટેડિયમ પૂરતી સીમિત ન રહે, પરંતુ દરેક ફૂટબોલપ્રેમીના મોબાઈલ ફોન અને ડિજિટલ ઉપકરણો પર પણ સરળતાથી ઉપલબ્ધ રહે. નવી એપ આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે લીગ, તેના ખેલાડીઓ, ટીમો, ફિક્સ્ચર્સ અને જી.એસ.એફ.એ.ની પ્રવૃત્તિઓને લોકોની વધુ નજીક લાવશે."

જી.એસ.એફ.એ.ના માનદ સચિવ મુળરાજસિંહ ચુડાસમાએ મોટી સ્ક્રીન પર એપના મુખ્ય પાસાં અને વિશેષતાઓ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ જી.એસ.એફ.એ. દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પહેલો અને પ્રવૃત્તિઓ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવશે. આથી એસોસિયેશન, ખેલાડીઓ અને ગુજરાતના ફૂટબોલપ્રેમી લોકો વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે.

આ પ્રસંગે જી.એસ.એલ. સિઝન-3ની સત્તાવાર જર્સી અને ટ્રોફીનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. જર્સી અને ટ્રોફી લીગની ઓળખ, સ્પર્ધાત્મક ભાવના અને તેની આકાંક્ષાઓનું પ્રતીક છે.

જર્સીની ડિઝાઈન ગુજરાત ફૂટબોલની ઊર્જા અને આધુનિક સ્વરૂપને પ્રતિબિંબિત કરે છે, જ્યારે ટ્રોફી એ સર્વોચ્ચ પુરસ્કારનું પ્રતિનિધિત્વ કરશે જેના માટે લીગમાં ભાગ લેનારી ટીમો સમગ્ર સીઝન દરમિયાન સ્પર્ધા કરશે. જર્સી અને ટ્રોફીના અનાવરણથી નવી સીઝનના પ્રારંભ અંગેનો ઉત્સાહ વધવાની અપેક્ષા છે અને ગુજરાતની અગ્રણી ફૂટબોલ સ્પર્ધાઓમાંની એક તરીકે જી.એસ.એલ.ની ઓળખને પણ વધુ મજબૂતી મળશે.

આ પ્રસંગે જી.એસ.એફ.એ. દ્વારા જી.એસ.એલ. સીઝન-3ના સંપૂર્ણ ફિક્સ્ચર્સની પણ જાહેરાત કરવામાં આવી હતી. તેનાથી ફૂટબોલ ચાહકોને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન પોતાની મનપસંદ ટીમોને પ્રોત્સાહન આપવા તથા મેચોમાં પોતાની હાજરીનું આયોજન કરવાની તક મળશે. ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદ ખાતે યોજાનારી રોમાંચક મેચોની શ્રેણી દ્વારા ફૂટબોલપ્રેમીઓને વ્યાવસાયિક સ્ટેડિયમના વાતાવરણમાં સ્પર્ધાત્મક ફૂટબોલ માણવાની તક મળશે.

# કોલંબો ટેસ્ટ ડ્રો છતાં WTC ફાઈનલમાં પહોંચશે ટીમ ઈન્ડિયા? કેપ્ટન ગિલે આપ્યું મોટું નિવેદન......

**નવી દિલ્હી, તા.28**

શ્રીલંકા સામે કોલંબોમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચ ભલે ડ્રોમાં પરિણમી હોય, પરંતુ ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલના આત્મવિશ્વાસમાં કોઈ કમી આવી નથી. ભારતે પ્રથમ ટેસ્ટ જીતીને સિરીઝ 1-0 થી પોતાના નામે કરી લીધી છે. જોકે, કોલંબો ટેસ્ટ ડ્રો થવાના કારણે પોઈન્ટ્સ ટેબલમાં ભારતની ટકાવારી પર માઠી અસર પડી છે. તેમ છતાં, ગિલને પૂરો ભરોસો છે કે ટીમ ઈન્ડિયા આગામી મેચોમાં શાનદાર વાપસી કરીને લોર્ડ્ઝ ખાતે રમાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરશે

મેચ બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સુકાની શુભમન ગિલે સ્પષ્ટતા કરી હતી કે આ પરિણામથી ટીમનું મનોબળ જરા પણ તૂટ્યું નથી. ડ્રો પરિણામ છતાં ગિલે સકારાત્મક અભિગમ દર્શાવતા કહ્યું કે, અમે ચોક્કસપણે આ મેચ જીતવા અને સંપૂર્ણ પોઈન્ટ્સ મેળવવા માગતા હતા, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં પરિસ્થિતિ હંમેશા તમારી તરફેણમાં નથી હોતી. શ્રીલંકાના



બેટ્સમેનોએ સંઘર્ષ કર્યો અને પરિણામ ડ્રો રહ્યું. જોકે, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલની રેસ હજુ ખુલ્લી છે. અમારી પાસે આગામી ટેસ્ટ મેચો બાકી છે અને અમારા ડ્રેસિંગ રૂમને સંપૂર્ણ વિશ્વાસ છે કે અમે જરૂરી પોઈન્ટ્સ મેળવીને લોર્ડ્ઝ ખાતે રમાનારી ફાઈનલમાં જગ્યા બનાવી લઈશું.

કોલંબો ટેસ્ટ ડ્રો થયા બાદ ભારતની પોઈન્ટ્સ ટકાવારી ઘટીને આશરે 51.52% આસપાસ આવી ગઈ છે, જેના કારણે ટીમ ટેબલમાં પાંચમા સ્થાને જળવાઈ રહી છે. હવે ફાઈનલમાં સીધા પ્રવેશની સંભાવના મજબૂત રાખવા માટે ભારતે પોતાની બાકી રહેલી 7 ટેસ્ટ મેચોમાંથી ઓછામાં ઓછી 6 મેચો જીતવી જ પડશે.

ઓસ્ટ્રેલિયા ભારતમાં 5 ટેસ્ટની સિરીઝ રમવા આવશે. ઓસ્ટ્રેલિયા સામે સળંગ પાંચ ટેસ્ટ જીતવી ક્યારેય આસાન નથી હોતી.

જો ભારત માત્ર 5 મેચ જીતશે, તો તેણે ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશ જેવી ટીમો તેમની બાકીની મેચોમાં હારે તેવી આશા રાખવી પડશે.

આ સિરીઝમાં યુવા ખેલાડીઓએ જે રીતે પ્રતિભા બતાવી છે, તેનાથી ગિલ ખૂબ સંતુષ્ટ છે. તેણે ખાસ કરીને માનવ સુથારની શાનદાર બોલિંગ અને ભારતીય ફાસ્ટ બોલરોના જુસ્સાને બિરદાવ્યો હતો. આ સાથે જ, ટોપ ઓર્ડરમાં ચેતેશ્વર પુજારા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજ બેટ્સમેનોની જગ્યા પૂરવા માટે દેવદત્ત પડિક્કલે પૂરતી મહેનત કરવાની પ્રતીતિ કરાવી છે. વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલે પણ સાબિત કર્યું છે કે તે ભવિષ્યમાં નિયમિત ટેસ્ટ પ્લેયર બની શકે તેવી ક્ષમતા ધરાવે છે. માનવ સુથાર અને પડિક્કલ લાંબા સમય સુધી પ્રદાન આપે તેવા ખેલાડીઓ તરીકે ઊભરી આવ્યા છે.

# દિગ્ગજ ક્રિકેટરે નિવૃત્તિ જાહેર કરી, કહ્યું- મારો પરિવાર મારા માટે પ્રાયોરિટી, પ્રોફેશનલ ક્રિકેટ છોડી રહ્યો છું

**નવી દિલ્હી, તા.28**

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વના સૌથી ભરોસાપાત્ર ટેસ્ટ ઓપનરો પૈકીના એક ડીન એલ્ગરે તમામ પ્રકારના પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. 39 વર્ષીય એલ્ગર વર્તમાન કાઉન્ટી ચેમ્પિયનશિપ 2026ની સિઝન પૂર્ણ થતાં જ ક્રિકેટના તમામ ફોર્મેટને કાયમ માટે અલવિદા કહી દેશે. લગભગ દોઢ દાયકા લાંબી ક્રિકેટ કારકિર્દી ધરાવતા એલ્ગરે નિવૃત્તિનું કારણ જણાવતાં કહ્યું હતું કે, હવે જીવનના આગામી અધ્યાય તરફ આગળ વધવાનો અને પોતાના પરિવારને પ્રાથમિકતા આપી તેમની સાથે વધુ સમય વિતાવવાનો યોગ્ય સમય આવી ગયો છે.



ડીન એલ્ગરે વર્ષ 2012માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું અને લગભગ 12 વર્ષ સુધી દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમનો મુખ્ય આધારસ્તંભ રહ્યો હતો:

ટેસ્ટ આંકડા: એલ્ગરે સાઉથ આફ્રિકા માટે કુલ 86 ટેસ્ટ મેચ રમી હતી, જેમાં 35.92ની એવરેજથી 5,347 રન બનાવ્યા છે. તેના નામે 14 સદી અને 23 અડધી સદી નોંધાયેલી છે.

સર્વોચ્ચ સ્કોર: તેનો સર્વોચ્ચ સ્કોર 199 રન રહ્યો હતો, જે તેણે વર્ષ 2017માં બાંગ્લાદેશ સામે બનાવ્યો હતો.

બેટિંગ ઓળખ: આક્રમક શોટ્સ રમવા કરતાં પણ મુશ્કેલ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ક્રિઝ પર ટકી રહીને ધીરજપૂર્વક લાંબી ઈનિંગ રમવા માટે તે વિશ્વભરમાં જાણીતો રહ્યો હતો.

વનડે રેકોર્ડ: એલ્ગરે સાઉથ આફ્રિકા માટે 8 વનડે મેચ પણ રમી હતી, જેમાં તેણે 17.33ની એવરેજથી 104 રન બનાવ્યા હતા.

ડીન એલ્ગરે વર્ષ 2024ની શરૂઆતમાં ભારત સામે રમાયેલી ઘરઆંગણાની ટેસ્ટ શ્રેણી બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. કેપટાઉનમાં રમાયેલી અંતિમ ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત નિયમિત કેપ્ટન ટેમ્બા બાવુમાની ગેરહાજરીમાં એલ્ગરને ટીમની કપ્તાની સોંપવામાં આવી હતી.

પોતાની ફેરવેલ સીરિઝમાં યાદગાર પ્રદર્શન કરતાં તેણે સેન્ચુરિયન ટેસ્ટમાં 185 રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેના દમ પર દક્ષિણ આફ્રિકાએ ભારત સામે ઈનિંગથી જીત મેળવી હતી અને ટેસ્ટ શ્રેણી 1-1થી બરાબર કરી હતી.

# '100 પુરુષો સામે ઓછા કપડામાં શૂટિંગ કરવું પડ્યું': દીયા મિર્ઝાએ શેર કર્યો 22 વર્ષ જૂનો દર્દનાક અનુભવ

**મુંબઈ, તા.28**

બોલિવૂડ અભિનેત્રી દીયા મિર્ઝા પોતાના બેબાક અંદાજ અને અભિનય માટે જાણીતી છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન દીયાએ પોતાની કારકિર્દીના શરૂઆતના તબક્કા અને ફિલ્મો દરમિયાન આવેલા પડકારો વિશે ખુલીને વાત કરી છે. દીયાએ વર્ષ 2004માં આવેલી ફિલ્મ 'તુમસા નહીં દેખા'ના સુપરહિટ ગીત 'મુઝે તુમસે મોહબ્બત હૈ'ના શૂટિંગ દરમિયાન થયેલા મુશ્કેલ અનુભવને શેર કર્યો હતો.

'ગીતના શૂટિંગ દરમિયાન મારે સેટ પર હાજર સેંકડો પુરુષો સામે ખૂબ જ ઓછા કપડાં (અંડરગારમેન્ટ્સ અને બ્રા)માં પર્ફોર્મ કરવાનું હતું. એક યુવતી તરીકે આ મારા માટે અત્યાર



સુધીની સૌથી મુશ્કેલ બાબતો પૈકીની એક હતી. શરૂઆતમાં આ સ્થિતિનો સામનો કરવો બિલકુલ સરળ નહોતો.'

દીયાએ આગળ ઉમેર્યું કે, 'કોરિયોગ્રાફર વૈભવી મર્ચન્ટ અને સમગ્ર ટીમે મને ખૂબ સુરક્ષિત અનુભવ કરાવ્યો હતો, જેના કારણે હું આત્મવિશ્વાસ સાથે શૂટ કરી શકી. આ ગીતે મને એવી રીતે આઝાદ કરી જેની મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. હું હૈદરાબાદના એક રૂઢિચુસ્ત પરિવારમાંથી આવું છું અને શરૂઆતમાં હું મારા શરીરને લઈને બહુ કોન્ફિડન્ટ નહોતી, પરંતુ આ ફિલ્મે અને ખાસ કરીને આ ગીતે મને મારા શરીર પ્રત્યે સંપૂર્ણ બોડી કોન્ફિડન્સ આપ્યો.'

'તે સમય સુધીમાં હું સમજી ચૂકી હતી કે એક કલાકાર તરીકે પોતાના પાત્રની સચ્ચાઈ અને તેની લાગણીઓને સમજવી સૌથી મહત્ત્વપૂર્ણ છે. ત્યારબાદ રૂમમાં 500 લોકો હોય કે 1,000 લોકો, તેનાથી કોઈ ફરક પડતો નહોતો. છેલ્લા 25 વર્ષોમાં જે પરિસ્થિતિઓનો મેં સામનો કર્યો છે તેનાથી જ હું આજે એક પરિપક્વ કલાકાર બની શકી છું અને હું આગળ પણ શીખતી રહીશ.'

રિલીઝ અને સ્ટોરી: વર્ષ 2004માં રિલીઝ થયેલી આ ફિલ્મ હોલિવૂડ ક્લાસિક 'પ્રિટી વુમન' પરથી પ્રેરિત હતી, જેનું નિર્દેશન અનુરાગ બાસુએ કર્યું હતું.

કિરદાર: ફિલ્મમાં દીયા મિર્ઝાએ એક બાર ડાન્સરનું પાત્ર ભજવ્યું હતું, જ્યારે ઈમરાન હાશ્મી એક અમીર યુવકના રોલમાં જોવા મળ્યો હતો. ફિલ્મમાં અનુપમ ખેર પણ મહત્ત્વની ભૂમિકામાં હતા.

દીયા મિર્ઝા તાજેતરમાં જ નેટફ્લિક્સની લોકપ્રિય વેબ સીરિઝ 'ઓપરેશન સફેદ સાગર'માં જોવા મળી હતી, જેમાં તેના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી. 1999ના કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય વાયુસેનાના હવાઈ મિશન પર આધારિત આ સીરિઝમાં જિમી શેરગિલ, સિદ્ધાર્થ, વિનય પાઠક, મનુ ઋષિ ચઢ્ઢા, અભય વર્મા અને બરુણ સોબતી જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા.

# ભાજપ સાંસદ કંગના રણૌત ખુદ રક્ષાબંધનની એડમાં રીવિલિંગ ડ્રેસ પહેરી ચૂકી છે, અભિનેત્રીનો નવો ધડાકો

**મુંબઈ, તા.28**

અભિનેત્રી અને સાંસદ કંગના રણૌત અવારનવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં રક્ષાબંધનના એક જ્વેલરી બ્રાન્ડના એડમાં અભિનેત્રી કૃતિ સેનન દ્વારા પહેરવામાં આવેલા બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ અને રિવિલિંગ લુક પર કંગનાએ સવાલો ઉઠાવ્યા હતા. આ વિવાદ વધતા બ્રાન્ડે પોતાની જાહેર ખબર સોશિયલ મીડિયા પરથી હટાવી લીધી હતી. જોકે, રાહુલ ગાંધીએ આ મામલે કૃતિ સેનનનો સપોર્ટ કર્યો હતો.

કૃતિના કપડાં અંગે કંગનાએ સવાલો ઉઠાવ્યા બાદ સોશિયલ મીડિયા યુઝર્સે કંગના રણૌતના જ જૂના બોલ્ડ લુક્સ શોધી કાઢ્યા છે. કંગનાએ કેડેડાઈટ્સ (જ્વેલરી બ્રાન્ડ) 'નક્ષત્ર' માટે કરેલા એક જૂના રક્ષાબંધનની એડનો ફોટો



ઈન્ટરનેટ પર ભારે વાઈરલ થઈ રહ્યો છે. આ પોસ્ટરમાં કંગના પોતે વન-ઓફ-શોલ્ડર, સ્ટ્રેપલેસ અને ડીપ નેકલાઈન વાળા આઉટફિટમાં જોવા મળી રહી છે. યુઝર્સ હવે કંગનાના આ જૂના લુકની સરખામણી તેના કૃતિ પર કરેલા તાજેતરના નિવેદન સાથે કરી રહ્યા છે.

અભિનેત્રી કુનિકા સદાનંદે કંગના રણૌત પર આ મામલે જોરદાર નિશાન સાધ્યું છે. કુનિકાએ કંગનાનું એ વાઈરલ પોસ્ટર શેર કરીને કટાક્ષ કરતાં લખ્યું હતું કે, 'મેરા કુત્તા કુત્તા, તેરા કુત્તા ટૉમી??' કુનિકાની આ પ્રતિક્રિયા સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગઈ છે અને લોકો કંગનાને ઘેરી રહ્યા છે. જોકે, આ વિવાદ અને કટાક્ષ અંગે કંગના રણૌત તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

# તુ-તુ-મૈં-મૈં બાદ કંગના રણૌતે બાબા રામદેવને ગણાવ્યા મોટા ભાઈ, રક્ષાબંધને સ્વીકારી મીઠાઈ

**મુંબઈ, તા.28**

યોગગુરુ બાબા રામદેવ અને ભાજપના સાંસદ તથા અભિનેત્રી કંગના રણૌત વચ્ચે વીતેલા દિવસોમાં અત્યંત તીખી અને અંગત નિવેદનબાજી જોવા મળી હતી. જોકે, રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર કંગના રણૌતે પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસ દ્વારા જૂના વિવાદો પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો છે. કંગનાએ બાબા રામદેવને પોતાના 'મોટા ભાઈ' ગણાવ્યા છે અને કહ્યું છે કે આ તહેવાર જૂના ગિલા-શિકવા ભૂલી જવા માટે હોય છે.

કંગનાએ પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસમાં લખ્યું હતું કે, 'તહેવારનો દિવસ બધી ભૂલચૂક માફ કરવા માટે જ હોય છે. મારા ભાઈ બાબા રામદેવજીએ ખૂબ સારું કહ્યું કે વિવાદ નહીં, સંવાદ થવો જોઈએ. આજે રક્ષાબંધનના દિવસે હું તેમની મીઠાઈ અને મોટા





ભાઈનો પ્રેમ બંને સ્વીકારું છું. ખૂબ ખૂબ આભાર, ઈશ્વર આપને દીર્ઘાયુ આપે.'

હાલમાં જ જ્યારે બાબા રામદેવે શિક્ષણ વ્યવસ્થા અને ભરતી પ્રક્રિયા અંગે સવાલો ઉઠાવ્યા ત્યારે એક ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યુમાં તેમને કંગના રણૌત અંગે પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં રામદેવે કંગનાના ચરિત્ર અને તેની જવાની પર સવાલો ઉઠાવતા કહ્યું હતું કે, 'તેમની જવાની કેવી રહી છે, તેમણે પોતાના વિશે વિચારવું જોઈએ.' રામદેવે કંગનાની યોગ્યતા (ક્વોલિફિકેશન) પર પણ સવાલો ઉઠાવ્યા હતા. બાબા રામદેવના નિવેદન પર કંગનાએ તીખો પલટવાર કરતા કહ્યું હતું કે, રામદેવે મારી જવાની અને બેડરૂમ વિશે સપના ન જોવા જોઈએ. એક ઈન્ટરવ્યુમાં કંગનાએ કટાક્ષ કરતા પૂછ્યું હતું કે, 'શું બાબા રામદેવ મારા બેડરૂમમાં ચામાચીડિયું બનીને લટક્યા હતા?

# કરોડોના ચેક સાથે રણવીર સિંહે 3 કલાક સુધી કરી વિનંતી પણ મેં ચોખ્ખી ના પાડી, મુકેશ ખન્નાનો ચોંકાવનારો દાવો....

**મુંબઈ, તા.28**

ભારતીય ટેલિવિઝનના સુપરહિટ શૉ 'શક્તિમાન'થી ઘરે-ઘરે લોકપ્રિય બનેલા અભિનેતા મુકેશ ખન્નાએ મોટો ખુલાસો કર્યો છે. શક્તિમાન પર આધારિત આગામી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે બોલિવૂડ એક્ટર રણવીર સિંહ ખૂબ જ ઉત્સુક હતો. રણવીરે મુકેશ ખન્નાને મનાવવા માટે લગભગ 3 કલાક સુધી સતત વિનંતીઓ કરી હતી, પરંતુ મુકેશ ખન્નાએ તેને શક્તિમાનના રોલ માટે સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો. પોતાના સિદ્ધાંતો ખાતર લીધેલા આ નિર્ણયના કારણે મુકેશ ખન્નાને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પણ વેઠવું પડ્યું છે.

'રણવીર શક્તિમાન બનવા માટે ખૂબ ઉત્સાહિત હતો. તે મારી પાસે 3 કલાક સુધી બેઠો રહ્યો અને તેણે મને મનાવવાના તમામ





પ્રયાસો કર્યા. મને તેને ના પાડતી વખતે ખરાબ પણ લાગી રહ્યું હતું, પરંતુ શક્તિમાન માટે જે ચહેરો મને જોઈતો હતો તે મને રણવીરમાં દેખાયો નહીં.' તેમણે રણવીરની અદ્ભુત એનર્જી વિશે વાત કરતાં ઉમેર્યું કે, 'તે 3 કલાક દરમિયાન રણવીર અત્યંત એનર્જેટિક હતો. તે મારી પાસે જમીન પર બેસીને સમગ્ર વાર્તા સમજાવી રહ્યો હતો. અચાનક પાછળથી આદિત્ય ચોપડા પણ આવ્યા. મેં દેવ આનંદ સાહેબ પછી આટલો એનર્જેટિક એક્ટર ક્યારેય નથી જોયો. તે એક જગ્યાએ સ્થિર બેસી જ નહોતો શકતો–ક્યારેક અહીં, ક્યારેક ત્યાં, તો ક્યારેક ટેબલ પર પણ ચઢીને બેસી જતો હતો.'

પ્રોજેક્ટ રિજેક્ટ કરવા પાછળનું કારણ જણાવતાં મુકેશ ખન્નાએ કહ્યું કે, 'કોમર્શિયલ દૃષ્ટિએ મેં મૂર્ખ જેવો વ્યવહાર કર્યો. મારા હાથમાં કરોડો રૂપિયાનો ચેક હતો. મારી ઓફિસના લોકો કહેતા હતા કે 'સર, ચેક લઈ લો, પછી લડી લઈશું.' પણ મેં કહ્યું કે મારા માટે પૈસા સિદ્ધાંતોથી મોટા નથી. મેં પહેલો ચેક લીધો હતો પણ બીજો ચેક આવવાનો હતો તે અટકાવી દીધો.' 'મેં તેમને કહ્યું હતું કે મારી સલાહ લઈને જ ફિલ્મ બનાવવી પડશે. પરંતુ તેમની શરત એવી હતી કે 'અમે સલાહ લઈશું પણ કામ અમારી રીતે જ કરીશું.' મેં સ્પષ્ટ ના પાડી દીધી કારણ કે કાલે ઉઠીને તેઓ શક્તિમાનને ડિસ્કોમાં ડાન્સ કરતો બતાવી દે કે અન્ય કંઈપણ કરી નાખે. મેં શક્તિમાનની લેગસીને સુરક્ષિત રાખવા માટે આ નિર્ણય લીધો.'

# રક્ષાબંધન પર સોનું સસ્તું થયું: 10 ગ્રામનો ભાવ ₹160 ઘટીને ₹1.58 લાખ પર આવ્યો, ચાંદી ₹882 વધીને ₹2.40 લાખ પ્રતિ કિલો પર પહોંચી

**નવી દિલ્હી, તા.28**

રક્ષાબંધન પર આજે એટલે કે 28 ઓગસ્ટે સોનાની કિંમતોમાં ઘટાડો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 160 રૂપિયા ઘટીને 1.58 લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીની કિંમત 882 રૂપિયા વધીને 2.40 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 29 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.58 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.40 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેકિંગ ચાર્જનો ખેલ: મેકિંગ ચાર્જ તે શુલ્ક છે જે જ્વેલર્સ સોનાને ઘરેણું બનાવવા માટે લે છે. આ ફિક્સ હોતો નથી. તમે આના પર ભાવતાલ કરી શકો છો. જ્વેલર્સ ઘણીવાર તેને ઓછો કરવા તૈયાર થઈ જાય છે, ખાસ કરીને જો તમે મોટી ખરીદી કરી રહ્યા હોવ. તમે સીધા તેમની પાસેથી લેબર કોસ્ટનું બ્રેકઅપ માંગો, જેથી તમને સારી ડીલ મળી શકે. ચાલુ વર્ષ ૨૦૨૬ માં સોના અને ચાંદીની કિંમતોમાં ભારે ઉથલપાથલનો દોર સતત ચાલુ રહ્યો છે. ગત વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨ plate૫ ના રોજ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયા હતો, જે ચાલુ વર્ષની ૨૯ જાન્યુઆરીએ વધીને ૧.૭૬ લાખ રૂપિયાના અત્યાર સુધીના સૌથી સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. જોકે, આ ઐતિહાસિક ઓલ-



ટાઈમ હાઈ સપાટી પર પહોંચ્યા બાદ કિંમતોમાં સતત નરમાઈ જોવા મળી રહી છે અને છેલ્લા ૧૬૬ દિવસમાં સોનું તેના ઉચ્ચતમ સ્તરથી આશરે ૩૪ હજાર રૂપિયા જેટલું સસ્તું થઈ ગયું છે. બીજી તરફ, ચાંદીની કિંમતમાં પણ આવો જ મોટો ઘટાડો નોંધાયો છે. ગત વર્ષના અંતે ૨.૩૦ લાખ રૂપિયા પર રહેલી ચાંદી ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૩.૮૬ લાખ રૂપિયાના ઓલ-ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ હતી, પરંતુ ત્યારથી અત્યાર સુધીમાં ચાંદી તેના સર્વોચ્ચ શિખરથી ૧.૬૬ લાખ રૂપિયા જેટલી નીચે ગગડી ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાના ગ્રાફ પર નજર કરીએ તો જાન્યુઆરીના અંતમાં સર્વોચ્ચ સ્તરે રહ્યા બાદ ફેબ્રુઆરીમાં સોનું ૧.૫૦ લાખ અને ચાંદી ૨.૬૬ લાખ પર આવી ગઈ હતી, જે માર્ચ મહિનામાં વધુ ઘટીને અનુક્રમે ૧.૪૬ લાખ અને ૨.૩૦ લાખ થઈ હતી. એપ્રિલ અને મે મહિનામાં થોડા સુધારા બાદ જૂન મહિનાના અંતે સોનું ૧.૪૧ લાખ અને ચાંદી ૨.૨૫ લાખ પર આવી ગયા હતા, જે આજના દિવસે અનુક્રમે ૧,૪૧,૭૧૨ રૂપિયા અને ૨,૧૯,૫geometry૭૧ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યા છે. સોના-ચાંદીના ભાવમાં આવેલા આ મોટા ઘટાડા પાછળ મુખ્યત્વે વૈશ્વિક પરિબળો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. અમેરિકી સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા મળેલા નાણાકીય સંકેતો બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકી ડોલર ઈન્ડેક્સ મજબૂત બન્યો છે. વૈશ્વિક નિયમ અનુસાર જ્યારે પણ ડોલર મજબૂત થાય છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ પર દબાણ વધે છે અને તેના ભાવ ઘટે છે. આ સિવાય બીજું મોટું કારણ નફા વસૂલી છે, કારણ કે જાન્યુઆરી મહિનામાં જ્યારે કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ ત્યારે મોટા રોકાણકારો અને ટ્રેડર્સે બજારમાં જોરદાર પ્રોફિટ બુકિંગ કર્યું હતું, જેના લીધે બજારમાં સપ્લાય વધ્યો અને કિંમતો નીચે આવી ગઈ. કિંમતોમાં આવેલી આ નરમાઈ એવા તમામ ગ્રાહકો માટે ખરીદીની ઉત્તમ તક સમાન સાબિત થઈ શકે છે જેઓ લગ્ન-પ્રસંગ માટે ઘરેણાં બનાવવાની કે રોકાણના હેતુથી સોનું ખરીદવાની યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા. જોકે, નિષ્ણાતો સાવચેત કરી રહ્યા છે કે વૈશ્વિક ભૌગોલિક-રાજકીય તણાવ અને ડોલરની વધ-ઘટને કારણે આગામી દિવસોમાં પણ બજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહી શકે છે, તેથી ગ્રાહકોએ ખરીદી કરતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ એટલે કે બીઆઈએસ હોલમાર્ક ચોક્કસપણે તપાસવો જોઈએ અને પાકું બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ. ભવિષ્યની સંભાવનાઓ અંગે બજારના વિશ્લેષકોનું માનવું છે કે જો આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય તણાવ વધશે અથવા અમેરિકી ડોલર ફરી નબળો પડશે, તો સોના અને ચાંદીના ભાવમાં ફરી એકવાર જોરદાર તેજી જોવા મળી શકે છે. હાલમાં સમગ્ર વિશ્વના રોકાણકારોની નજર વૈશ્વિક આર્થિક સંકેતો અને કોમોડિટી માર્કેટની ચાલ પર ટકેલી છે. જાણીતા કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર, સોના-ચાંદીના ભાવ પોતાના સર્વોચ્ચ સ્તરથી ઘણા નીચે આવી ચૂક્યા હોવાથી રોકાણ માટે આ ખૂબ જ અનુકૂળ સમય છે, પરંતુ રોકાણકારોએ એક જ સમયે પોતાના તમામ નાણાં એકસાથે રોકવાનું ટાળવું જોઈએ અને સિસ્ટમેટિક રીતે ટુકડે-ટુકડે રોકાણ કરવું જોઈએ. કેડિયા કન્સલ્ટન્સીના અંદાજ મુજબ, ચાલુ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર તેજી પકડીને ૧.૬૦ લાખ રૂપિયા અને ચાંદી ૨.૮૦ લાખ રૂપિયાની સપાટી વટાવી શકે છે, જે લાંબા ગાળાના રોકાણકારો માટે ફાયદાકારક સોદો સાબિત થઈ શકે છે.

# કમાણીની તક! જિયોનાં IPOને સેબીની લીલીઝંડી: કંપની 27 કરોડ નવા શેર બહાર પાડશે, ₹37,700 કરોડ એકત્ર કરવાનો પ્લાન

**મુંબઈ, તા.28**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડિજિટલ અને ટેલિકોમ શાખા, જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના IPOને માર્કેટ રેગ્યુલેટર સેબી તરફથી મંજૂરી મળી ગઈ છે. સેબીએ આજે 28 ઓગસ્ટે આ અંગેની જાણકારી આપી.




આ સાથે જ નેશનલ સ્ટોક એક્સચેન્જના ઓફિશિયલ પોર્ટલ પર પણ જિયોના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસનું સ્ટેટસ 'એપ્રુવ્ડ' દેખાવા લાગ્યું છે. જોકે, હજુ એ નક્કી નથી કે IPO માર્કેટમાં ક્યારે આવશે. પરંતુ, જાણકારોનું અનુમાન છે કે દિવાળીની આસપાસ તેને લોન્ચ કરી શકાય છે.

આ જ વર્ષે 19 જૂને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની 49મી વાર્ષિક બેઠકમાં કંપનીના ચેરમેન મુકેશ અંબાણીએ જાહેરાત કરી હતી કે કંપની જિયો પ્લેટફોર્મ્સનો IPO પણ લાવવા જઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે કંપની 27 કરોડ નવા શેર જાહેર કરશે અને IPO દ્વારા લગભગ 4 બિલિયન ડોલર એટલે કે 37,700 કરોડ એકત્ર કરવાની યોજના છે.

આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો IPO બની શકે છે. જોકે, શેરની કિંમત શું રહેશે તેની માહિતી આપવામાં આવી ન હતી. આ IPOની જાહેરાત ગયા વર્ષની AGMમાં પણ કરવામાં આવી હતી, પરંતુ પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે તેને મુલતવી રાખવામાં આવ્યો હતો.

આકાશ અંબાણીએ કહ્યું હતું કે જિયો ભારત માટે પોતાનું સેટેલાઈટ ઈન્ટરનેટ નેટવર્ક વિકસાવવાની દિશામાં કામ કરી રહ્યું છે અને આ માટે વૈશ્વિક સેટેલાઈટ કંપનીઓ સાથે ભાગીદારી કરવામાં આવી રહી છે.

આકાશે કહ્યું કે કંપનીએ AI એજન્ટ્સ માટે 'જિયો ટેલિફ્રેમ' પ્લેટફોર્મ રજૂ કર્યું છે. જિયો હોમ્સ દ્વારા ઘરોમાં 5 Gbps ડાઉનલોડ અને 1 Gbps અપલોડ સ્પીડવાળી બ્રોડબેન્ડ સેવા આપવાની તૈયારી છે. આકાશ અંબાણીએ જણાવ્યું હતું કે જિયોના ગ્રાહકોની સંખ્યા 52.4 કરોડથી વધુ થઈ ગઈ છે, જ્યારે 1.3 કરોડથી વધુ ઘરો Jio AirFiber સાથે જોડાયેલા છે.

અંબાણીએ કહ્યું, 'જિયોનું આ લિસ્ટિંગ આખી દુનિયાને બતાવશે કે ભારત વૈશ્વિક સ્તર, વૈશ્વિક ક્ષમતા અને વૈશ્વિક મૂલ્ય ધરાવતી ટેકનોલોજી કંપનીઓ બનાવી શકે છે.' ખરેખરમાં, જિયો પ્લેટફોર્મ્સ રિલાયન્સની જ ટેક કંપની છે, જેનું હેડક્વાર્ટર મુંબઈમાં છે. ભારતમાં સૌથી મોટું મોબાઈલ નેટવર્ક ચલાવવાની સાથે-સાથે આ કંપની દુનિયાની બીજી ટેલિકોમ કંપનીઓને પણ એડવાન્સ 5G સર્વિસ અને ટેકનોલોજી આપે છે.

તેની પાસે 5G થી સંબંધિત તમામ જરૂરી સોફ્ટવેર, નેટવર્ક સર્વિસિસ અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટૂલ્સ ઉપલબ્ધ છે. આ ટેકનોલોજીની મદદથી મોટી કંપનીઓ અને પ્રાઈવેટ નેટવર્ક્સ માટે 5G નો ઉપયોગ કરવો ખૂબ જ સરળ બની જાય છે, જેને ઈન્ટરનેટ ક્લાઉડ પર પણ ચલાવી શકાય છે.

મોંઘવારીના ડેટાની સરખામણી ગયા વર્ષના સમાન સમયગાળા સાથે કરી શકાતી નથી, કારણ કે આ વર્ષે જાન્યુઆરીમાં આ ઈન્ડેક્સને રીસેટ કરવામાં આવ્યો હતો. વર્ષ 2024ને બેઝ યર બનાવીને નવી સીરીઝની શરૂઆત કરવામાં આવી હતી.

# નોકરીઓ જ નહીં બચે! AIને લઈ બિલ ગેટ્સની ચેતવણી: કહ્યું- યુવાનોને શરૂઆતની તકો નહીં મળે

**નવી દિલ્હી, તા.28**

AIનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. ITથી લઈને એજ્યુકેશન સેક્ટર સુધીમાં AIનો ઉપયોગ થઈ રહ્યો છે. AIને કારણે ઘણી નોકરીઓ પણ જઈ રહી છે. પરંતુ, હવે માઈક્રોસોફ્ટનાં સંસ્થાપક બિલ ગેટ્સે આ અંગે મોટી ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે માણસ આવનારા વર્ષોમાં AI જે બદલાવ લાવી શકે છે, તેના માટે હજુ તૈયાર નથી. તેમનું કહેવું છે કે AIને કારણે ઝડપથી થનારા બદલાવ માટે દુનિયાએ અત્યારથી જ તૈયારી શરૂ કરવી પડશે. તેમના મતે તેની અસર નોકરીઓ, સરકાર, કારોબાર અને અહીં સુધી કે માનવીય સંબંધો પર પણ પડી શકે છે. પોતાના તાજેતરના બ્લોગ પોસ્ટ 'The turbulent AI era is here. The choices we make now are critical'માં ગેટ્સે AIથી મળનારા ફાયદા અને તેનાથી જોડાયેલા જોખમો પર વાત કરી છે.



તેમણે AIના સમયમાં બદલાવને માનવ ઈતિહાસના સૌથી ઉથલપાથલવાળા સમયમાંનો એક ગણાવ્યો છે. ગેટ્સ માને છે કે AI ડોક્ટરો અને શિક્ષકોની મદદ કરવા, ખેતીને બહેતર બનાવવા અને સરકારી સેવાઓમાં સુધાર લાવવા જેવી ઘણી વસ્તુઓ કરી શકે છે. પરંતુ સાથે જ તેમણે ચેતવણી આપી કે સમાજ હજુ તે મોટા બદલાવ માટે તૈયાર નથી, જે આ ટેકનોલોજી લાવી શકે છે.

ગેટ્સના મતે AIમાં બદલાવ સાથે ત્રણ મોટા જોખમો જોડાયેલા છે, જેમાં સૌથી પહેલું છે નોકરીઓનું જવું. તેમનું કહેવું છે કે AIની અસર માત્ર કોઈ એક સેક્ટર સુધી સીમિત નહીં રહે. AI કાયદો, કસ્ટમર સર્વિસ, મેડિસિન, સોફ્ટવેર અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં પણ માણસોનું કામ સંભાળી શકે છે. ગેટ્સે પોતાના બ્લોગમાં લખ્યું કે આ ઈન્ડસ્ટ્રીઝ પર તેની અસર કેટલીક જનરેશનમાં નહીં, પરંતુ એક દાયકાની અંદર ઝડપથી દેખાશે. તેમના મતે AIના સમયમાં એન્ટ્રી-લેવલ અને મિડ-લેવલ નોકરીઓ સૌથી વધારે જોખમમાં છે. વળી, AIને કારણે પેદા થનારી ઘણી નવી નોકરીઓ માટે એવી સ્કિલ્સની જરૂર પડશે, જેને શીખવામાં ઘણા વર્ષો લાગી શકે છે. ગેટ્સને આશા છે કે AI સેલ્સ અને કસ્ટમર સપોર્ટ, સોફ્ટવેર એન્જિનિયરિંગ, પેરાલીગલ કામ, કાયદો, મેડિસિન અને મેન્યુફેક્ચરિંગ જેવા ઘણા ક્ષેત્રોને પ્રભાવિત કરશે. તેમનું કહેવું છે કે નવી નોકરીઓ જરૂર પેદા થશે, પરંતુ સાચી નીતિઓ નહીં બનાવાઈ તો તેમની સંખ્યા આજની નોકરીઓની સરખામણીમાં ઘણી ઓછી હોઈ શકે છે. ગેટ્સના મતે AIની અસર માત્ર ઓફિસોમાં કામ કરનારા લોકો સુધી સીમિત નહીં રહે. તેમનું માનવું છે કે આ દાયકાના અંત સુધી 'સ્માર્ટ' રોબોટ નિર્માણ અને હોસ્પિટાલિટી જેવા ક્ષેત્રોમાં કેટલાક ફિઝિકલ કામો માટે માણસો સાથે મુકાબલો કરવાનું શરૂ કરી શકે છે. તેમના અનુસાર, AIથી થનારા બદલાવની ગતિ જ ભવિષ્યને વધારે ચિંતાજનક બનાવે છે. બિલ ગેટ્સે ખાસ કરીને તે યુવાનોને લઈને ચિંતા વ્યક્ત કરી છે, જે આવનારા સમયમાં પહેલીવાર નોકરીની શોધમાં ઉતરશે. તેમનું કહેવું છે કે AIના સમયમાં એન્ટ્રી-લેવલ નોકરીઓના અવસર ઓછા થઈ શકે છે. તેમના મતે AIના વધારે સક્ષમ થવા સાથે યુવા લોકો માટે કરિયરની પહેલી શરૂઆત કરવી મુશ્કેલ થઈ શકે છે.

# સેન્સેક્સ 331 પોઈન્ટ વધીને 77,265 પર બંધ થયો: નિફ્ટીમાં 85 પોઈન્ટનો ઉછાળો રહ્યો, IT અને મેટલ શેર્સમાં

**મુંબઈ, તા.28**

શેરબજારમાં આજે એટલે કે 28 ઓગસ્ટે તેજી જોવા મળી. સેન્સેક્સ 331 પોઈન્ટના ઉછાળા સાથે 77,265 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 85 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,176 પર બંધ થયો. આજે IT અને મેટલ શેર્સમાં વધુ ખરીદી જોવા મળી. ટેમ્પસેન્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સનો શેર તેની IPO કિંમત કરતાં 110% ઉપર લિસ્ટ થયો. NSE પર કંપનીનો શેર 300ની ઈશ્યૂ કિંમતની સરખામણીમાં 111.33%ના વધારા સાથે 634 પર લિસ્ટ થયો. જ્યારે BSE પર તેનું લિસ્ટિંગ 110.40% પ્રીમિયમ સાથે 631.20 પર થયું.

તાપમાન સેન્સર બનાવતી રાજસ્થાનની આ કંપનીના IPOને રોકાણકારોનો સારો પ્રતિસાદ મળ્યો હતો. આ IPO 20 ઓગસ્ટથી 24 ઓગસ્ટ સુધી સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો.

ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડ અને પ્રાયોરિટી જ્વેલ્સના IPO આજથી ખુલ્યા છે. ESDS સોફ્ટવેર સોલ્યુશન લિમિટેડ તેના દ્વારા 720 કરોડ અને પ્રાયોરિટી જ્વેલ્સ 91.50 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. આ IPO 1 સપ્ટેમ્બરના રોજ બંધ થશે.



આ પહેલાં ગઈકાલે એટલે કે 27 ઓગસ્ટના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 539 પોઈન્ટના ઘટાડા સાથે 76,934 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 117 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,091 પર બંધ થયો હતો.આ આંચકા પાછળ વૈશ્વિક બજારના સંકેતો અને ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો ઉછાળો જવાબદાર માનવામાં આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો બે ટકા જેટલી વધીને ફરીથી પ્રતિ બેરલ ૮૫ ડોલરની નજીક પહોંચી ગઈ છે. આ તેજી પાછળનું મુખ્ય કારણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું તાજેતરનું નિવેદન છે, જેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ઈરાન સાથે થયેલો પરમાણુ કરાર હવે સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયો છે. આ ભૌગોલિક-રાજકીય તણાવના કારણે સપ્લાય ખોરવાઈ જવાની આશંકાથી ક્રૂડ ઓઈલ મોંઘું થઈ રહ્યું છે, જે ભારત જેવા મોટા આયાતકાર દેશ માટે આર્થિક ચિંતાનો વિષય છે અને તેની સીધી નકારાત્મક અસર શેરબજાર પર પડી છે. બીજી તરફ, પ્રાથમિક બજાર એટલે કે આઈપીઓ માર્કેટમાં આજે ખૂબ મોટી હલચલ જોવા મળી રહી છે, કારણ કે રોકાણકારો માટે આજથી બે નવી કંપનીઓમાં નાણાં રોકવાની ઉત્તમ તક ખુલી છે. દેશની જાણીતી મ્યુચ્યુઅલ ફંડ કંપની એસબીઆઈ ફંડ્સ મેનેજમેન્ટ પોતાનો આઈપીઓ લાવી છે, જેના દ્વારા તે પ્રાઈમરી માર્કેટમાંથી ૯,૮૧૩ કરોડ રૂપિયાનું મોટું ભંડોળ એકત્ર કરવા જઈ રહી છે. આ સાથે જ ટેક્સટાઈલ સેક્ટરની કંપની આલ્પાઈન ટેક્સવર્લ્ડ પણ મેદાનમાં ઉતરી છે, જે ફ્રેશ ઈશ્યૂના માધ્યમથી ૧૨૬.૨૫ કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ બંને આઈપીઓ ખુલવાથી બજારમાં લિક્વિડિટી વધવાની સંભાવના છે અને રોકાણકારો આ તકનો લાભ લેવા ઉત્સુક દેખાઈ રહ્યા છે. જો બજારમાં નાણાકીય પ્રવાહ અને સંસ્થાગત રોકાણકારોના વલણ પર નજર કરીએ તો, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે ડીઆઈઆઈ સતત ભારતીય બજારને ટેકો આપી રહ્યા છે અને આજે પણ તેમણે ૨,૧૭૨ કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી છે. છેલ્લા સાત દિવસમાં સ્થાનિક રોકાણકારોએ કુલ ૭,૦૩૯ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે, જ્યારે છેલ્લા ત્રીસ દિવસમાં તેમનું કુલ રોકાણ ૪૧,૨૯૦ કરોડ રૂપિયાના પ્રચંડ સ્તરે પહોંચી ગયું છે. આનાથી વિપરીત, વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઈઆઈ દ્વારા આજે બજારમાંથી ૩,૦૬૨ કરોડ રૂપિયાના શેરની ચોખ્ખી વેચવાલી કરવામાં આવી છે, જોકે છેલ્લા સાત દિવસમાં તેઓ ૯૭૧ કરોડના ચોખ્ખા ખરીદદાર રહ્યા હતા પરંતુ છેલ્લા ત્રીસ દિવસના આંકડા જોતાં તેમણે કુલ ૧,૦૮૮ કરોડ રૂપિયા પાછા ખેંચ્યા છે. આ આંકડા દર્શાવે છે કે વિદેશી રોકાણકારોની સરખામણીએ ભારતીય રોકાણકારો બજાર પર વધુ ભરોસો મૂકી રહ્યા છે. આજના આ મોટા ઘટાડા પહેલા ગઈકાલે એટલે કે ૧૩ જુલાઈના રોજ શેરબજારમાં ખૂબ જ શાંત અને ફ્લેટ કારોબાર જોવા મળ્યો હતો, જ્યાં કોઈ મોટી વધ-ઘટ થઈ નહોતી. સોમવારે બજાર બંધ થયું ત્યારે સેન્સેક્સ માત્ર ૪૭ અંકના નજીવા વધારા સાથે ૭૭,૬૧૬ પર રહ્યો હતો, જ્યારે નિફ્ટી પણ માત્ર ૪ અંકની મામૂલી તેજી સાથે ૨૪,૨૧૧ ના સ્તરે સ્થિર થયો હતો. ગઈકાલની આ સુસ્તી બાદ આજે બજારે સીધો મોટો ઘટાડો દર્શાવ્યો છે.

# દરરોજ માત્ર 195 રૂપિયાની બચત કરો, મેચ્યોરિટી પર 10,00,000 મળશે, બેંકની FD કરતાં વધારે વ્યાજનો ફાયદો

**નવી દિલ્હી, તા.28**

સુરક્ષિત રોકાણ અને જોરદાર રિટર્નની વાત આવે છે, ત્યારે પોસ્ટ ઓફિસ દ્વારા ચલાવવામાં આવતી સરકારી યોજનાઓ ખૂબ જ લોકપ્રિય છે. આ નાની બચત યોજનાઓમાં નાની-નાની બચત કરીને પણ મોટું ફંડ એકત્ર કરી શકાય છે. આવી જ એક પોસ્ટ ઓફિસ યોજના છે પોસ્ટ ઓફિસ રિકરિંગ ડિપોઝિટ સ્કીમ, જેમાં દરરોજ ફક્ત 195 રૂપિયા બચાવીને તમે 10 લાખ રૂપિયાનું ભંડોળ એકત્ર કરી શકો છો.

પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓને લોકપ્રિય બનાવવામાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા જે વસ્તુની છે, તે એ છે કે આ સરકારી યોજનાઓ બિલકુલ જોખમ મુક્ત હોય છે. તેની પાછળનું કારણ એ છે કે તેમાં રોકાણ નાનું હોય કે મોટું, બધાની સુરક્ષાની ગેરંટી સરકાર પોતે લે છે. મતલબ કે તમે તણાવમુક્ત થઈને તેમાં રોકાણ કરી શકો છો. આ ઉપરાંત, સરકાર દ્વારા આ પોસ્ટ ઓફિસ બચત યોજનાઓ પર વ્યાજ પણ સારું આપવામાં આવે છે, જે ઘણી બેંકોની FD પર મળતા વ્યાજ કરતાં વધુ છે.

પોસ્ટ ઓફિસ RD સ્કીમની બીજી એક ખાસ વાત એ છે કે તેમાં તમારે એકસાથે રોકાણ કરવાની જરૂર નથી હોતી, પરંતુ તમે દરરોજ નાની-નાની બચત કરીને પણ તમારા માટે મોટું ફંડ એકત્ર કરી શકો છો. આ પોસ્ટ ઓફિસ સ્કીમ બિલકુલ એવી રીતે કામ કરે છે, જેમ મ્યુચ્યુઅલ ફંડમાં SIPમાં રોકાણ કરવામાં આવે છે. તેમાં ફક્ત 100 રૂપિયાથી પણ ખાતું ખોલાવીને રોકાણની શરૂઆત કરી શકાય છે.

પોસ્ટ ઓફિસની રિકરિંગ ડિપોઝિટ સ્કીમ પર સરકાર દ્વારા ઓફર કરવામાં આવી રહેલા વ્યાજ વિશે વાત કરીએ, તો તે 6.7 ટકા મળી રહ્યું છે. જ્યાં તમે આ સ્કીમમાં 100 રૂપિયાથી રોકાણની શરૂઆત કરી શકો છો, તો મહત્તમ રોકાણ માટે કોઈ મર્યાદા નક્કી કરવામાં આવી નથી, એટલે કે જેટલું ઈચ્છો તેટલા પૈસા લગાવો અને તેટલો જ વધુ નફો પણ કમાવો.

પોસ્ટ ઓફિસની આ સ્કીમમાં તમે સિંગલ એકાઉન્ટ ઓપન કરાવીને રોકાણ કરી શકો છો, જ્યારે તેમાં પતિ-પત્ની મળીને



જોઈન્ટ એકાઉન્ટ પણ ખોલાવી શકે છે. આ સ્કીમમાં રોકાણ માટે મેચ્યોરિટી પીરિયડ 5 વર્ષનો છે અને તેના પૂરા થવા પર રોકાણને આગામી 5 વર્ષ માટે આગળ વધારવાની સુવિધા પણ આપવામાં આવે છે. તેમાં રોકાણ દરમિયાન કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે, જેમ કે જો કોઈ મહિનામાં તમે સમયસર હપ્તો ભરવાનું ભૂલી જાઓ છો, તો પછી 1% પ્રતિ માસની પેનલ્ટી લાગે છે, જો સતત 4 હપ્તા ચૂકી જાઓ છો તો પછી આરડી એકાઉન્ટ ક્લોઝ થઈ જાય છે. પોસ્ટ ઓફિસ રિકરિંગ ડિપોઝિટમાં 10 લાખ રૂપિયા ભેગા કરવાનું ગણિત ખૂબ જ સરળ છે. પોસ્ટ ઓફિસ RD કેલ્ક્યુલેટરથી કેલ્ક્યુલેશન કરો, તો આ સ્કીમમાં ખાતું ખોલાવીને જો તમે દરરોજ માત્ર 195 રૂપિયા બચાવો છો, તો મહિનામાં તમારી સેવિંગ 5860 રૂપિયા થઈ જશે. હવે આ રકમને પ્રતિ માસ પાંચ વર્ષના મેચ્યોરિટી પીરિયડ સુધી રોકાણ કરવાનું છે.

આવા કિસ્સામાં 5 વર્ષ પછી તમારું કુલ રોકાણ 3,51,600 રૂપિયા હશે અને વ્યાજ સહિત ફંડ 4,18,201 રૂપિયા હશે. હવે તમારે કરવાનું એ છે કે તમારા રોકાણને પાંચ વર્ષ માટે આગળ વધારવાનું છે. આવું કરવાથી તમારી જમા રકમ 7,03,200 રૂપિયા થશે, જ્યારે માત્ર વ્યાજની રકમ 2.98 લાખ રૂપિયા હશે. આવા કિસ્સામાં તમારું કુલ ફંડ વધીને 10,01,203 રૂપિયા થઈ જશે. જથ્થાબંધ મોંઘવારી ઈન્ડેક્સના માળખાને સમજવા માટે તેને મુખ્ય ચાર ભાગોમાં વહેંચવામાં આવે છે, જેમાં સૌથી વધુ ૬૪.૨૩ ટકા વેઈટેજ મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ ધરાવે છે, જ્યારે ૨૨.૬૨ ટકા હિસ્સો પ્રાથમિક વસ્તુઓનો અને ૧૩.૧૫ ટકા હિસ્સો ફ્યુઅલ અને પાવરનો હોય છે. આમાં પ્રાથમિક વસ્તુઓના આંતરિક ભાગોમાં અનાજ અને શાકભાજી જેવા ફૂડ આર્ટિકલ્સ, તેલીબિયાં જેવા નોન-ફૂડ આર્ટિકલ્સ, વિવિધ ખનિજો તેમજ ક્રૂડ પેટ્રોલિયમનો સમાવેશ થાય છે. સામાન્ય માણસના ખિસ્સા પર હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સની ખૂબ જ ઘાતક અસર પડતી હોય છે, કારણ કે જો જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી ઊંચા સ્તરે જળવાઈ રહે, તો દેશના મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખૂબ જ માઠી અસર થાય છે અને અંતે ઉત્પાદકો આ વધેલા ખર્ચનો સંપૂર્ણ બોજ સામાન્ય ગ્રાહકો પર નાખી દે છે. સરકાર પાસે ડબલ્યુપીઆઈને નિયંત્રિત કરવા માટે ફક્ત ટેક્સ ઘટાડવાનો જ એકમાત્ર વિકલ્પ હોય છે, જેમ કે ભૂતકાળમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા ત્યારે સરકારે ઈંધણ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી, પરંતુ ટેક્સમાં કપાત કરવાની પણ એક મર્યાદિત ક્ષમતા હોય છે. આ ઈન્ડેક્સમાં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક અને રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનનું વેઈટેજ વધારે હોવાથી તે સમગ્ર ઉદ્યોગ જગતને પ્રભાવિત કરે છે. મોંઘવારીના મૂલ્યાંકનની પદ્ધતિની વાત કરીએ તો ભારતમાં બે અલગ-અલગ સ્તરે મોંઘવારી માપવામાં આવે છે.

# સુભાષચંદ્રાને NCLT તરફથી મોટી રાહત મળી: ₹22,006 કરોડના દેવા સામે માત્ર ₹6.5 કરોડ ચૂકવશે

**નવી દિલ્હી, તા.28**

NCLTએ ઝી ગ્રુપના સ્થાપક સુભાષ ચંદ્રાના પર્સનલ ઈન્સોલ્વન્સી કેસમાં 22 હજાર કરોડના કુલ દેવાને માત્ર 6.5 કરોડમાં પતાવવાની યોજનાને મંજૂરી આપી છે. તેનાથી લોન આપનાર બેંકો અને નાણાકીય સંસ્થાઓને તેમના 99.97% બાકી પૈસાનું નુકસાન સહન કરવું પડશે.

ઈન્સોલ્વન્સી ટ્રિબ્યુનલ NCLT એ સુભાષ ચંદ્રાના રીપેમેન્ટ પ્લાનને ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડની કલમ 114 હેઠળ મંજૂરી આપી દીધી છે. આ હેઠળ સુભાષ ચંદ્રાને 22,006.57 કરોડના કુલ દેવાના બદલે માત્ર 6.5 કરોડનું ચુકવણું કરવું પડશે. આ પછી તેમનું બાકીનું આખું 22,000 કરોડથી વધુનું બાકી દેવું કાયદેસર રીતે હંમેશા માટે સમાપ્ત થઈ જશે.

આના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, નિયમો સંસદમાં રજૂ થાય કે ન થાય, પરંતુ સરકારે આગામી બે અઠવાડિયાની અંદર તેની એક નકલ 'સીલબંધ કવરમાં' કોર્ટમાં જમા કરાવવી પડશે. આ કેસની આગામી સુનાવણી હવે 3 ઓગસ્ટે થશે. આ પહેલા, સોશિયલ એક્ટિવિસ્ટ એસ. લક્ષ્મીનારાયણને એરલાઈન્સ કંપનીઓ દ્વારા ટિકિટના ભાવમાં થતા ઉતાર-



ચઢાવ અને મુસાફરો પાસેથી મનસ્વી ભાડું વસૂલવા સામે સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરી હતી, જેની સુનાવણી 15 મેના રોજ થઈ હતી. તેમની માગ હતી કે, દેશમાં એક મજબૂત અને સ્વતંત્ર રેગ્યુલેટર બનાવવામાં આવે, જે એરલાઈન્સના ભાડા અને વધારાના શુલ્ક પર નજર રાખે. સુનાવણી દરમિયાન અરજદારે બેન્ચને કહ્યું- હવાઈ ભાડું 300% સુધી વધી જાય છે. આના પર બેન્ચે મજાકમાં કહ્યું- વકીલોની ફી પણ ઘણીવાર 400% સુધી વધી જાય છે, હવે શું કરવું?

આ પહેલા 30 એપ્રિલે સુપ્રીમ કોર્ટે એક પિટિશન પર એફિડેવિટ ફાઈલ ન કરવા બદલ કેન્દ્રને ઠપકો આપ્યો હતો, જેમાં ભારતમાં પ્રાઈવેટ એરલાઈન્સના હવાઈ ભાડા અને સહાયક ચાર્જમાં અણધાર્યા ઉતાર-ચઢાવને નિયંત્રિત કરવા માટે રેગ્યુલેટરી ગાઈડલાઈન્સની માગ કરવામાં આવી હતી. કોર્ટે કેન્દ્રને એક એફિડેવિટ સાથે એક અરજી ફાઈલ કરવા જણાવ્યું હતું, જેમાં એ જણાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી કે એફિડેવિટ શા માટે ફાઈલ કરવામાં આવ્યું નથી. તેના માટે વધુ સમય શા માટે માંગવામાં આવ્યો છે. 23 ફેબ્રુઆરી 2026: તહેવારોમાં હવાઈ ભાડું વધારવા પર જવાબ માંગ્યો હતો- સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં તહેવારો અને ઈમરજન્સી પરિસ્થિતિઓમાં ખાનગી એરલાઈન્સ દ્વારા હવાઈ ભાડામાં વધારો કરવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું હતું કે આ એક ખૂબ જ ગંભીર ચિંતાનો વિષય છે. નહીં તો, અમે 32 અરજીઓ પર વિચાર ન કરીએ. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મંત્રાલય આ મુદ્દા પર વિચાર કરી રહ્યું છે. 17 નવેમ્બર 2025: સુપ્રીમ કોર્ટે કેન્દ્ર, DGCA અને AERA પાસેથી હવાઈ ભાડાની મનમાની પર જવાબ માંગ્યો- સુપ્રીમ કોર્ટે દેશમાં વિમાનના ભાડા અને વધારાના ટેક્સમાં થતા અચાનક ઉતાર-ચઢાવ પર નિયંત્રણની માગ કરતી અરજી પર સુનાવણી કરી. સામાજિક કાર્યકર્તા એસ. લક્ષ્મીનારાયણની જનહિત અરજી પર કોર્ટે કેન્દ્ર સરકાર, DGCA અને એરપોર્ટ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી (AERA) ને નોટિસ જારી કરીને ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો.

# કોર્પોરેશનના ટેક્સ વિભાગમાં લાલિયાવાડી, નાગરિકોને 2 મહિના સુધી જવાબ નથી મળતો

**અમદાવાદ, તા.28**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરોડોની આવક કરાવતા પ્રોપર્ટી ટેક્સ વિભાગની કામગીરી સામે હવે સ્ટેન્ડિંગ કમિટીમાં જ સવાલો ઊઠ્યા છે. નાગરિકો દ્વારા કરવામાં આવતી સામાન્ય અરજીઓનો નિકાલ કરવામાં બે-બે મહિના સુધીનો સમય લાગતો હોવાની ફરિયાદ બાદ હવે ટેક્સ વિભાગને દરેક અરજીનો 7 દિવસમાં જવાબ આપવા અને સમયમર્યાદામાં નિકાલ કરવાની સૂચના આપવામાં આવી છે.

આ મામલે નામ ટ્રાન્સફર, ટેક્સની રકમમાં વધારો, ટેક્સ ભર્યા બાદ પણ બાકી રકમ દર્શાવવી, મિલકતના માપમાં ફેરફાર અથવા ટેક્સ ફેક્ટરમાં સુધારા જેવી બાબતો માટે અરજદારોને વારંવાર કચેરીના ધક્કા ખાવા પડતા હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. આ ઉપરાંત, કોર્પોરેશનના વિવિધ પ્રોજેક્ટનું કામ કરતી એજન્સી કે કોન્ટ્રાક્ટરની સાઈટ પર ગંદકી, સીએન્ડડી વેસ્ટ અથવા મચ્છરના પોરા મળી આવે તો તેમને પણ દંડ કરવાની સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને સૂચના આપી છે. આ સાથે જ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પરના બૂમ બેરિયરનું ચેકિંગ અને મેઈન્ટેનન્સ કરાવવા પણ તાકીદ કરવામાં આવી છે.

પ્રોપર્ટી ટેક્સ વિભાગને કોર્પોરેશનનો મહત્ત્વનો આવકનો સ્ત્રોત માનવામાં આવે છે. તેમ છતાં નાગરિકોને ટેક્સ સંબંધિત નાની-મોટી સમસ્યાઓના ઉકેલ માટે લાંબો સમય રાહ જોવી પડતી હોવાની રજૂઆત સ્ટેન્ડિંગ કમિટીમાં થઈ હતી. અરજી કર્યા પછી સમયસર જવાબ ન મળતો હોવાથી અરજદારોને એક જ કામ માટે વારંવાર કચેરીમાં જવું પડતું હોવાની પણ ફરિયાદ કરવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા મુજબ, મિલકતના નામમાં ફેરફાર કરાવવો હોય, ટેક્સની ગણતરીમાં વધારો થયો હોય, ટેક્સ ચૂકવ્યા પછી પણ બિલમાં બાકી રકમ દેખાતી હોય અથવા મિલકતના માપમાં તફાવત હોય તેવા કિસ્સામાં નાગરિકો અરજી કરે છે. આ ઉપરાંત ટેક્સના ફેક્ટરમાં ફેરફાર સહિતની બાબતો માટેની અરજીઓ પણ ટેક્સ વિભાગમાં કરવામાં આવે છે.



આવી અરજીઓનો જવાબ સમયસર ન મળતો હોવાને કારણે અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની ફરિયાદને પગલે વિભાગને હવે પ્રક્રિયા ઝડપી બનાવવા જણાવાયું છે. અરજી મળ્યા બાદ મહત્તમ સાત દિવસમાં અરજદારને યોગ્ય જવાબ મળી જાય અને શક્ય હોય ત્યાં સુધી અરજીનો નિકાલ પણ થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી છે.

અમદાવાદને સ્વચ્છ રાખવા માટે કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા અભિયાન ઉપરાંત બાંધકામ અને ડિમોલિશનમાંથી નીકળતા સીએન્ડડી વેસ્ટનો ગેરકાયદે નિકાલ કરનારા સામે પણ કાર્યવાહી કરવામાં આવે છે. બાંધકામ સાઈટ પર ગંદકી હોય અથવા મચ્છરના પોરા જોવા મળે તો સંબંધિત કોન્ટ્રાક્ટર કે ડેવલપર સામે દંડાત્મક કાર્યવાહી કરવાની જોગવાઈ છે.

હવે કોર્પોરેશન દ્વારા શહેરમાં વિવિધ પ્રોજેક્ટનું કામ કરતી એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરોની સાઈટ પર પણ આ જ પ્રકારના નિયમો લાગુ કરવાની સૂચના આપવામાં આવી છે. તેમની સાઈટ પર ગંદકી જોવા મળે, સીએન્ડડી વેસ્ટ ગમે ત્યાં નાખવામાં આવ્યો હોય અથવા મચ્છરના પોરા મળી આવે તો સંબંધિત એજન્સી કે કોન્ટ્રાક્ટર સામે દંડ સહિતના શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

બીઆરટીએસ બસ સ્ટેન્ડ પર મુસાફરોની સલામતી અને વ્યવસ્થા માટે અગાઉ લગાવવામાં આવેલા બૂમ બેરિયર યોગ્ય રીતે કાર્ય કરતા ન હોવાની ફરિયાદ પણ સ્ટેન્ડિંગ કમિટીમાં કરવામાં આવી હતી. કેટલીક જગ્યાએ બસ આવતી વખતે બૂમ બેરિયરના દરવાજા સમયસર ન ખુલતા હોવાની રજૂઆત થઈ હતી.

ફરિયાદને ધ્યાનમાં લઈને શહેરના તમામ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પર લગાવવામાં આવેલા બૂમ બેરિયરની કામગીરી તપાસવા અને જ્યાં ખામી હોય ત્યાં જરૂરી મેઈન્ટેનન્સ કરાવવા સંબંધિત વિભાગને સૂચના આપવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા મુજબ, મિલકતના નામમાં ફેરફાર કરાવવો હોય, ટેક્સની ગણતરીમાં વધારો થયો હોય, ટેક્સ ચૂકવ્યા પછી પણ બિલમાં બાકી રકમ દેખાતી હોય અથવા મિલકતના માપમાં તફાવત હોય તેવા કિસ્સામાં નાગરિકો અરજી કરે છે. આ ઉપરાંત ટેક્સના ફેક્ટરમાં ફેરફાર સહિતની બાબતો માટેની અરજીઓ પણ ટેક્સ વિભાગમાં કરવામાં આવે છે.

આવી અરજીઓનો જવાબ સમયસર ન મળતો હોવાને કારણે અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાની ફરિયાદને પગલે વિભાગને હવે પ્રક્રિયા ઝડપી બનાવવા જણાવાયું છે. અરજી મળ્યા બાદ મહત્તમ સાત દિવસમાં અરજદારને યોગ્ય જવાબ મળી જાય અને શક્ય હોય ત્યાં સુધી અરજીનો નિકાલ પણ થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચના આપવામાં આવી છે.

# બિલ્ડિંગ મટીરિયલ કંપનીના કર્મચારીએ પત્ની અને કાકા સાથે મળી 1.45 કરોડની ઉચાપત કરી, નોંધાઈ ફરિયાદ...

**અમદાવાદ, તા.28**

અમદાવાદની એક રેડી-મિક્સ કોંક્રિટ (RMC) અને બાંધકામ કંપનીના નામે કથિત રીતે બોગસ બિલ તથા વાઉચર બનાવી તેમજ ગ્રાહકોના નાણાં પોતાના અંગત ખાતામાં ડાયવર્ટ કરીને 1.45 કરોડ રૂપિયાની ઉચાપત કરવાના કેસમાં એક કર્મચારી, તેની પત્ની અને કાકા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ મામલે કંપનીના ડિરેક્ટર અંકિત શાહ દ્વારા સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. કેસમાં આરોપી તરીકે કંપનીના જ પ્લાન્ટ ઈન્ચાર્જ અને સેલ્સ એક્ઝિક્યુટિવ ભાવિક શાહ, તેની પત્ની ખુશ્બુબહેન શાહ અને કાકા મનોજ શાહના નામ દર્શાવવામાં આવ્યા છે.

ફરિયાદ અનુસાર, ભાવિક કંપનીમાં ગ્રાહકો પાસેથી ઓર્ડર લેવા અને પેમેન્ટ એકત્રિત કરવાની કામગીરી સંભાળતો હતો. જૂન મહિનામાં રાજા નામના એક ગ્રાહકે બાકી નીકળતી રકમ અંગે કંપનીના ડિરેક્ટર સાથે વાતચીત કરી ત્યારે આ કથિત ગેરરીતિનો ઘટસ્ફોટ થયો હતો. આંતરિક ઓડિટ દરમિયાન સામે આવ્યું હતું કે, કંપનીના નામે બિલ



બનાવીને નાણાં અંગત લાભ માટે ડાયવર્ટ કરવામાં આવ્યા હતા, જે કથિત રકમ 99.41 લાખ રૂપિયા થતી હતી.

આ ઉપરાંત, કંપનીના માલસામાનનું બિલ અન્ય પેઢીઓના નામે બનાવી વેચાણ કરીને પણ રકમ ચાંઉ કરી લેવાઈ હોવાનો આરોપ છે. 'એફિનિટી બિલ્ડકોન' અને 'એસક્યુએસ/પ્રોફિશિયન્ટ' સાથે સંકળાયેલા વ્યવહારોમાં 27.74 લાખ રૂપિયા ડાયવર્ટ કરાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદીનો આરોપ છે કે ભાવિકે છારોડી સ્થિત એક ફ્લેટ માટે બિલ્ડરને ચુકવણી કરવાના બહાને 10 લાખ રૂપિયા મેળવ્યા હતા. જોકે, તેણે બિલ્ડરની કથિત બનાવટી સહી વાળી પહોંચ રજૂ કરી હતી. બિલ્ડરે બાદમાં આવી કોઈ રકમ ન મળી હોવાનું અને સહી બનાવટી હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

કંપનીએ શરૂઆતમાં ઉચાપતનો આંકડો 1.37 કરોડ અંદાજ્યો હતો. તે સમયે ખુશ્બુબહેન અને મનોજ શાહે નાણાં પરત કરવાની ખાતરી આપી ફ્લેટ ટ્રાન્સફર કરવાની ઓફર કરી હતી. ફ્લેટ પરની 16.71 લાખની બેંક લોન ભરવા માટે તેમણે ફરિયાદી પાસેથી કુલ 8.40 લાખ મેળવ્યા હતા. આરોપીઓએ ફ્લેટનું દસ્તાવેજી કામ કર્યું પરંતુ બેંકમાંથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) આપ્યું નહોતું અને લોનના હપ્તા પણ ભર્યા ન હોવાનું બહાર આવ્યું હતું. આ તમામ વ્યવહારો મળીને કુલ 1.45 કરોડ રૂપિયાની ઉચાપત થઈ હોવાનો દાવો કરાયો છે. આ સિવાય, ભાવિક કંપની પાસેથી પગાર મેળવતો હોવા છતાં ગુપ્ત રીતે મનોજ શાહની કંપની માટે કામ કરતો હતો અને કમિશન મેળવતો હોવાનો પણ આરોપ છે. હેલ સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# 'નરેશ ગોયલના કેસમાં તમારું પણ નામ છે...' કહી સાયબર ઠગે અમદાવાદના વૃદ્ધ પાસે 1.09 કરોડ પડાવ્યા

**અમદાવાદ, તા.28**

મની લોન્ડરિંગ કેસમાં નામ હોવાનું કહીને અને ડિજિટલ અરેસ્ટનો ડર બતાવીને સાયબર ઠગોએ અમદાવાદના 73 વર્ષીય સિનિયર સિટીઝન પાસેથી 1.09 કરોડ રૂપિયા પડાવી લીધા છે. ઠગોએ પોતાની જાતને સીબીઆઈ (CBI) અધિકારી, ટ્રાય (TRAI) ના પ્રતિનિધિ અને ફેક જજ તરીકે ઓળખાવીને આ ઠગાઈ આચરી હતી. આ અંગે પીડિતે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ અનુસાર, અમદાવાદના ભદ્ર વિસ્તારમાં રહેતા અને વર્ષ 2014માં એલઆઈસી (LIC)માંથી નિવૃત્ત થયેલા 73 વર્ષીય રમેશચંદ્ર બુંદેલાને જાન્યુઆરી મહિનામાં એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે ટ્રાય (TRAI)માંથી બોલતા હોવાનો દાવો કર્યો હતો અને



જણાવ્યુ હતું કે મુંબઈમાં તેમના આધાર કાર્ડ અને મોબાઈલ નંબરનો ગેરકાયદે ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારબાદ કોલ સીબીઆઈ મુંબઈના નામે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો અને જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલ સંબંધિત નાણાકીય ગેરરીતિના કેસમાં તેમનું નામ હોવાનું કહીને ધમકાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ એપ્રિલ મહિનામાં ઠગોએ વીડિયો કોલ મારફતે રમેશચંદ્રનો સંપર્ક કર્યો હતો, જેમાં એક શખસ કોર્ટના જજના પહેરવેશમાં અને અન્ય વ્યક્તિ સરકારી વકીલના સ્વાંગમાં જોવા મળી હતી. જજ બનેલા ઠગે તેમને કસ્ટડીમાં લેવાની અને પરિવાર સામે કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. સાયબર ઠગોએ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના નામે બનાવટી પત્ર મોકલીને ખાતાની રકમનું 'વેરિફિકેશન' કરવાના બહાને નાણાં ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું. આ સાથે દીકરી પર હુમલો કરવાની ધમકી આપતાં વૃદ્ધ ગભરાઈ ગયા હતા.

માનસિક તણાવ અને ધમકીઓના ડરથી રમેશચંદ્રએ માર્ચથી જૂન મહિના દરમિયાન પોતાની, પોતાની દીકરીની અને ભાભીની એફડી (ફિક્સ ડિપોઝિટ) તોડાવીને તબક્કાવાર કુલ રૂ. 1,09,60,000 ઠગો દ્વારા આપવામાં આવેલા બેન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા. જ્યારે ઠગોએ વધુ નાણાંની માગણી કરી ત્યારે રમેશચંદ્રએ પોતાના જમાઈ પાસે 35 લાખ રૂપિયાની માગણી કરી હતી. જમાઈને આટલી મોટી રકમની તાકીદની માગણી પર શંકા જતાં તેણે સમગ્ર ઘટના અંગે પૂછપરછ કરી હતી અને આ રીતે કૌભાંડનો ભાંડો ફોડ્યો હતો. ત્યારબાદ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. હાલ સાયબર ક્રાઈમ પોલીસે આ ગુનામાં વપરાયેલા બેન્ક ખાતાઓ અને મોબાઈલ નંબરોના આધારે તપાસ શરૂ કરી છે.

# સાબરમતી સેન્ટ્રલ જેલમાં રક્ષાબંધનની ઉજવણી, 3000 કેદીને બહેને રાખડી બાંધી, સર્જાયા ભાવુક દૃશ્ય

**અમદાવાદ, તા.28**

પવિત્ર રક્ષાબંધનના પર્વ નિમિત્તે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં અત્યંત લાગણીસભર અને ભાવુક વાતાવરણ સર્જાયું હતું. વિવિધ ગુનાઓ હેઠળ જેલમાં સજા કાપી રહેલા પોતાના ભાઈઓના કાંડે સ્નેહ અને સુરક્ષાનું પ્રતીક એવી રાખડી બાંધવા માટે બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. લાંબા સમયથી જેલની ચાર દીવાલો વચ્ચે સજા ભોગવી રહેલા ભાઈઓને જ્યારે તેમની બહેનોએ રૂબરૂ મળીને રક્ષાસૂત્ર બાંધ્યું ત્યારે બંને પક્ષે આંખોમાંથી અશ્રુ વહી નીકળ્યા હતા અને સમગ્ર જેલ પરિસર લાગણીશીલ દ્રશ્યોનું સાક્ષી બન્યું હતું. બહેનોએ ભાઈઓના કાંડે રક્ષાકવચ બાંધવાની સાથે જ તેમને ભવિષ્યમાં ક્યારેય પણ કોઈ ખોટા રસ્તે ન જવાની તથા સજા પૂરી થયા બાદ નવેસરથી સન્માનજનક જીવન શરૂ કરવાની મહત્ત્વપૂર્ણ શિખામણ આપી હતી. આ ભાવુક ક્ષણે કેદી ભાઈઓએ પણ પોતાની બહેનોને વચન આપ્યું હતું કે તેઓ જેલમાંથી મુક્ત થયા પછી ગુનાહિત દુનિયાનો સંપૂર્ણપણે ત્યાગ કરશે. ભવિષ્યમાં પોતાના પરિવારજનો સાથે રહીને એક સમાજના આદર્શ અને જવાબદાર નાગરિક તરીકે જીવન વિતાવશે તેવી દ્રઢ ખાતરી આપીને તેમણે ફરી ક્યારેય ગુનો ન કરવાની ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી. આ પવિત્ર પર્વની ઉજવણી શાંતિપૂર્ણ અને સુચારુ રીતે થાય તે માટે જેલ સત્તાવાળાઓ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સવારના 8 વાગ્યાથી લઈને બપોરના 3 વાગ્યા સુધી ચાલનારા આ કાર્યક્રમમાં 3000 થી વધુ કેદી ભાઈઓને તેમની બહેનોએ રાખડી બાંધી હતી. સુરક્ષા અને વ્યવસ્થાની દ્રષ્ટિએ જે લોકોએ અગાઉથી નોંધણી કરાવવી હતી માત્ર તેમને જ જેલ પરિસરમાં પ્રવેશ આપવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. જેલ પ્રશાસન દ્વારા મુલાકાતી બહેનો અને કેદી ભાઈઓ માટે અલગ અલગ ટેબલ તથા બેઠકની સુવિધા ઊભી કરવામાં આવી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




